દૈનિક
# મુંબઈ સમાચાર
૨૦૩ વર્ષ
R.N.I. No. 1563/1957 ★
મુંબઈથી પ્રસિદ્ધ થતું ■ સ્થાપના: ૧ જુલાઈ ૧૮૨૨ ■ પુસ્તક: ૨૦૪ ■ Volume 68 ■ Issue 28 ■ વિક્રમ સંવત ૨૦૮૧
■ માઘ સુદ- ૬ ■ મુંબઈ ■ MUMBAI SAMACHAR ■ www.bombaysamachar.com ■ 3 February 2025, Monday ■ REGD.No. MCS/058/2024-26
સોમવાર, ૩ ફેબ્રુઆરી ૨૦૨૫, કિંમત ₹ ૧૦.૦૦ | ધર્મતેજ પૂર્તિ | LIKE & FOLLOW: /Mumbaisamachar4u



SOUTH AFRICA

13 NIGHTS
14 DAYS




GORDONS BAY

FOR VIDEO SCAN ME

Experience luxurious accommodations at Gordon's Bay with the chance to stay in an exclusive all-suite room. Urvi Luxury Destination stands out as the sole company offering a thrilling opportunity to encounter great white sharks.

ADDITIONAL FEATURES
WALK WITH LION.
SHARK/DOLPHIN & WHALE WATCHING CRUISE.
HELICOPTER RIDE.
CATAMARAN BOAT RIDE.

BEACON ISLAND

Becon Island Resort is the sole Resort located in the heart of the Indian Ocean in South Africa, renowned for its whale and dolphin sightings. Guests have the unique opportunity to witness the Marine Big Five from the comfort of their room window. This exclusive experience is only provided by Urvi Tours.

FOR VIDEO SCAN ME




JOHANNESBURG, PILANESBERG NATIONAL PARK, SUNCITY, GEORGE, PLETTENBERG BAY, GORDON'S BAY, HERMANUS, CAPETOWN

- સંપૂર્ણ ટૂર દરમ્યાન આપણા મહારાજ દ્વારા બનાવેલ સ્વાદિષ્ટ ભોજન (VEG. & JAIN).
- SUNCITY માં PALACE OF THE LOST CITY 5* હોટેલમાં ૨ રાત્રીનો મુકામ.
- PILANESBERG NATIONAL PARK (GOVT APPROVED) BAKUBUNG BUSH LODGE માં ૧ રાત્રીનો મુકામ.
- GARDEN ROUTE નુ MOST BEAUTIFUL TOWN PLETTENBERG BAY માં ૪ રાત્રીનો મુકામ.
- GARDEN ROUTE નું હાર્ટ કહેવાતું GORDON'S BAY માં ૨ રાત્રીનો મુકામ ફક્ત URVI TOURS આપે છે.
- CAPETOWN માં 5* હોટેલમાં ૩ રાત્રીનો મુકામ.
- ટુર દરમ્યાન અમર્યાદિત પાણી અને એરપોર્ટ/હોટેલમાં PORTERAGE SERVICES સામેલ.
- TIPS & TRAVEL INSURANCE ટૂર કોસ્ટમાં સામેલ.
- WALK WITH LION, MARINE BIG 5, HELICOPTER RIDE , CATAMARAN BOAT RIDE ટૂર કોસ્ટમાં સામેલ.

CONTACT US | DHIREN RUPARELIA +91 99305 49258 | NIRAV MEHTA +91 80822 78468 | SOHIL SHAH +91 98701 53149

DEPARTURE DATES : APRIL : 16, 20,24,28 | MAY : 02, 04, 06,08, 10,12,14,16, 18,20, 22, 28,30 | JUNE : 03,07,11,15,19,23

ADDRESS : 1/A, PALM VIEW BUILDING, L.N. ROAD, NR. SWAMINARAYAN TEMPLE, OPP. VIDYALANKAR CLASSES, DADAR (E), MUMBAI - 400014.

022-2413 2281 | 82 | 83 | +91 98927 20353 | info@uldestination.com | www.uldestination.com

URVI LUXURY DESTINATION PVT. LTD.
Where U & V meet to create memories.

# જીએસટીની આવકથી ગુજરાત સરકારને બખ્ખાં: જાન્યુઆરીમાં કલેક્શન ૧૭ ટકા વધ્યું

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદ: ગુજરાત સરકારની જીએસટી આવકમાં જાન્યુઆરી ૨૦૨૫માં મોટો વધારો નોંધાયો હતો. જાન્યુઆરી ૨૦૨૫માં રાજ્યની જીએસટી આવકમાં ૧૭ ટકાનો વધારો નોંધાયો હતો. રાજ્યના કર વિભાગને જીએસટી દ્વારા ૬,૮૭૩ કરોડ રૂપિયાની મોટી આવક થઈ હતી. રાજ્યને જાન્યુઆરી ૨૦૨૫માં વેટ હેઠળ રૂપિયા ૨,૮૫૬ કરોડની આવક અને વિદ્યુત શુલ્ક હેઠળ ૨,૯૯૮ કરોડ રૂપિયાની આવક નોંધાઈ હતી. જ્યારે વ્યવસાય વેરા હેઠળ સરકારને રૂપિયા ૨૧ કરોડની આવક થઈ હતી.

અત્રે ઉલ્લેખનીય છે કે ડિસેમ્બર મહિનામાં રાજ્યમાં જીએસટીની આવકમાં મોટો વધારો નોંધાયો હતો. ત્રીજા ક્વાર્ટરમાં ગુજરાતમાં જીએસટીની આવકમાં ૧૯ ટકાનો વધારો નોંધાયો હતો. ચાલુ નાણાકીય વર્ષે ત્રીજા ત્રિમાસિક ગાળામાં જીએસટી હેઠળ ૧૮,૪૪૮ કરોડ રૂપિયાની આવક થઈ હતી. નવેમ્બરમાં જીએસટી કલેક્શન ૮.૫ ટકા વધીને રૂા. ૧.૮૨ લાખ કરોડ થયું હતું. નાણા મંત્રાલયના ડેટા અનુસાર એપ્રિલ-ડિસેમ્બરના સમયગાળા માટે કલેક્શન રૂા. ૧૬.૩૪ લાખ કરોડ હતું. તે જ સમયે ઓક્ટોબરમાં ગ્રોસ જીએસટી કલેક્શન ૯ ટકા વધીને રૂા. ૧.૮૭ લાખ કરોડથી વધુ થઈ ગયું હતું. જે સ્થાનિક વેચાણમાં વધારાના કારણે અત્યાર સુધીનું બીજું સૌથી વધુ કલેક્શન છે.

નાણાકીય વર્ષ ૨૦૨૪-૨૫માં સરકારનું કુલ જીએસટી કલેક્શન ૧૬.૩૩ લાખ કરોડ રૂપિયા છે. આ ડેટા એપ્રિલ ૨૦૨૪થી ડિસેમ્બર ૨૦૨૪ સુધીનો છે, નાણાકીય વર્ષ ૨૦૨૪-૨૫ સમાપ્ત થવામાં હજુ ત્રણ મહિના બાકી છે. અત્રે ઉલ્લેખનીય છે કે, નાણાકીય વર્ષ ૨૦૨૩-૨૪માં સરકારને જીએસટી કલેક્શનમાંથી ૨૦.૧૪ લાખ કરોડ રૂપિયા મળ્યા હતા, જ્યારે નાણાકીય વર્ષ ૨૦૨૨-૨૩માં જીએસટીથી સરકારે ૧૪.૯૬ લાખ કરોડની આવક ઊભી કરી હતી.

## અમદાવાદમાં હેલ્મેટના નિયમનો સરેઆમ ભંગ

### માત્ર બે દિવસમાં ૨,૮૪૮ કેસ નોંધાયા

અમદાવાદ: શહેરમાં ત્રણ-દિવસીય ટ્રાફિક એન્ફોર્સમેન્ટ ડ્રાઈવ હાથ ધરવામાં આવી છે, જેમાં ટ્રાફિકના નિયમોનો ભંગ કરતા વાહન ચાલકો સામે આકરી કાર્યવાહી કરવામાં આવી રહી છે. પોલીસની આ કાર્યવાહીમાં માત્ર બે દિવસમાં ૨,૮૪૮ કેસ નોંધાયા હતા. આ જ સમયગાળા દરમિયાન ફેન્સી અથવા ગુમ થયેલી નોંધણી પ્લેટ માટે ૯૪૯ કેસ નોંધાયા હતા. જોકે, આ નિયમોના ભંગ માટે રૂા. ૪૨,૩૦૦ નો દંડ વસુલવામાં આવ્યો હતો.

# ગુજરાતને કેન્દ્ર પાસેથી વેરાના હિસ્સા પેટે ₹ ૪૯,૪૭૨ કરોડ મળશે

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદ: નાણાકીય વર્ષ ૨૦૨૫-૨૬ માટેના કેન્દ્રીય બજેટમાં ગુજરાત સહિત વિવિધ રાજ્યોને કેન્દ્ર પાસેથી રૂા. ૪૯,૪૭૨ કરોડ પ્રાપ્ત થશે. આ રકમ કેન્દ્ર દ્વારા એકત્ર કરવામાં આવતા કૉર્પોરેશન ટૅક્સ, આવકવેરો, જીએસટી, કસ્ટમ્સ ડ્યુટી, એક્સાઇઝ ડ્યુટી, સર્વિસ ટૅક્સ સહિતના કરમાં ગુજરાતના હિસ્સા પેટે મળી છે. વર્ષ દરમિયાન દરેક રાજ્યોમાંથી વસૂલાનારા આ વિવિધ વેરામાંથી દરેક રાજ્યોને તેમના હિસ્સા પેટે નાણાપંચ દ્વારા કરાયેલી ફાળવણીની ટકાવારી પ્રમાણેની રકમ પરત ચૂકવાશે. કેન્દ્રીય નાણાં પંચ દ્વારા ગુજરાત માટે આવા વેરાઓમાંથી મળવાપાત્ર હિસ્સા પેટે ૩.૪૭૮ ટકા નક્કી કરાયેલા છે એટલે કે, ભારત સરકાર દ્વારા ગુજરાતમાંથી જે કુલ વિવિધ વેરા વસૂલાશે, તેમાંથી ગુજરાતને ૩.૪૭૮ ટકા મુજબની રકમ પરત મળશે. આ રકમનો ઉલ્લેખ ગુજરાત સરકાર દ્વારા હવે, ૨૦મી ફેબ્રુઆરી-૨૦૨૫ના રોજ ગુજરાત વિધાનસભામાં રજૂ થનારા બજેટમાં મહેસૂલી આવક તરીકે કરાશે.

કેન્દ્રીય નાણાં પ્રધાને તેમના બજેટમાં દર્શાવ્યા મુજબ વર્ષ ૨૦૨૫-૨૬માં ભારત સરકાર દ્વારા વસૂલાનારા વિવિધ કુલ વેરાની રકમમાંથી ગુજરાતને તેના હિસ્સા પેટે કુલ ૪૯,૪૭૨ કરોડ રૂપિયા પરત આપશે. જેમાં ભારત સરકાર દ્વારા ગુજરાતને (૧) કૉર્પોરેશન ટૅક્સમાંથી રૂા. ૧૩,૮૧૪.૪૫ કરોડ (૨) ઈન્કમ ટૅક્સમાંથી ૧૮,૪૩૨.૫૦ કરોડ (૩) સેન્ટ્રલ જીએસટીમાંથી ૧૪,૪૦૨.૭૫ કરોડ (૪) કસ્ટમ ડ્યુટીમાંથી ૨૨૭૭.૧૨ કરોડ (૫) યુનિયન એક્સાઈઝ ડ્યુટીમાંથી ૪૭૩.૦૭ કરોડ (૬) સર્વિસ ટૅક્સમાંથી ૧.૪૩ કરોડ અને (૭) અન્ય ટૅક્સીસમાંથી ૭૧.૩૦ કરોડ મળીને કુલ ૪૯,૪૭૨.૬૨ કરોડ પરત આપશે. ચાલુ ૨૦૨૪-૨૫ના નાણાકીય વર્ષમાં ગુજરાતને ભારત સરકાર દ્વારા ૪૪,૭૫૭ કરોડ પરત આપવાની જાહેરાત કરી હતી.

# શક્તિસિંહનો આરોપ: કેન્દ્રીય બજેટમાં ગુજરાતના હીરા, શિપબ્રેકિંગ, ટેક્સ્ટાઈલ ક્ષેત્ર માટે કશું નહીં

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદ: કેન્દ્રીય બજેટ માટે એક ગુજરાતી તરીકે મને અને તમામ ગુજરાતીઓને અપેક્ષા હતી કે 'મોસાળમાં લગ્ન અને મા પીરસનાર હોય' ત્યારે આપણા ગુજરાત માટે બજેટમાં ખાસ મદદ જાહેર કરાશે, પરંતુ આપણા માટે કશું જ નથી. બિહારની ચૂંટણી આવે છે એટલે ત્યાં મખાના બોર્ડ, પટના ઍરપૉર્ટથી લઈને વારંવાર બિહાર છે, પરંતુ ગુજરાતમાં આપણો હીરા ઉદ્યોગ અનેક લોકોને રોજી આપતો ઉદ્યોગ મુશ્કેલીમાં છે એને મદદ કરવા માટે કોઈ નક્કર વાત નથી. ટેક્સ્ટાઇલ ઉદ્યોગ, સુરતમાં એના પર અનેક લોકો નિર્ભર છે, નાયલોન યાર્ન મોંઘું થાય એવી સ્થિતિ અંગે કોઈ વાત નથી. એશિયાના સૌથી મોટા અલંગ શિપ બ્રેકિંગ યાર્ડ માટેની કોઈ સ્પેસિફિક વાત નથી. શિપ બિલ્ડિંગની વાત કરવામાં આવી છે, શિપ બ્રેકિંગ ઉદ્યોગ માટે નહીં અને શિપ બિલ્ડિંગ માટે પણ નક્કર રીતે જોઈએ તો કશું નથી એમ, કૉંગ્રેસ પ્રદેશ પ્રમુખ અને સાંસદ શક્તિસિંહ ગોહિલે જણાવ્યું હતું. આ બજેટ મોદી સરકારની નિષ્ફળતાઓ છુપાવવાનો અને લોકોને ભ્રમિત કરવાનો પ્રયાસ છે.

આ બજેટમાં ગરીબો, મધ્યમ વર્ગ, ખેડૂતો અને યુવાનો માટે કંઈ નથી. આ બજેટ માત્ર જાહેરાતોનું પોટલું છે, જેમાં કોઈ નક્કર યોજના કે રાહતની જોગવાઈ નથી એમ, વિધાનસભામાં કૉંગ્રેસ પક્ષના નેતા અમિત ચાવડાએ જણાવ્યું હતું. બજેટમાં ૧૨ લાખની આવક પર કોઈ ટૅક્સ નથી એમ કહેવામાં આવે છે, પણ હકીકત એ છે કે તેમાં શરતો લાગુ પડશે. ઈન્કમ ટૅક્સના કાયદામાં ૩૧ એમેન્ડમેન્ટ કરવાની જાહેરાત નાણામંત્રીએ કરી છે, જે લાગુ થયા બાદ જ ખબર પડશે કે ૧૨ લાખની આવક ઉપર કેટલો ટૅક્સ લાગશે? ખેડૂતોની આવક બમણી કરવાની વાત કરી હતી, પરંતુ ખર્ચા બમણાં થયા છે.

અમિત ચાવડાએ વધુમાં જણાવ્યું હતું કે, બજેટમાં ગુજરાતના નામે ખાસ કંઈ નહીં અને બજેટ સ્પીચમાં ગુજરાતનું કે કોઈ ગુજરાતીનું નામ પણ નહીં. કેટલાય પ્રધાનો વિધાનસભામાં એમ કહેતા હતા કે ગુજરાતને બંને હાથમાં લાડુ છે, ડબલ એન્જિન સરકાર છે, મોસાળમાં મા પીરસનારી છે. નાણા પ્રધાનની ૫૬ પેજની સ્પીચમાં ગુજરાત નામનો શબ્દ નથી. બજેટ સ્પીચમાં બિહારનો ૬-૬ વખત ઉલ્લેખ, સત્તા ટકાવી રાખવાના ખેલમાં જે સત્તામાં લાવ્યા એ વડા પ્રધાનના ગુજરાતીઓ જ ભુલાઈ ગયા.

# ગિફ્ટ સિટી સ્થિત ઈન્ટરનેશનલ ફાઈનાન્સિયલ સર્વિસ સેન્ટરને ટૅક્સ રાહતમાં પાંચ વર્ષનો વધારો

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદ: કેન્દ્રીય નાણાપ્રધાન નિર્મલા સિતારામને સંસદમાં રજૂ કરેલા અંદાજપત્રમાં ગુજરાતને કેટલાક વિશેષ લાભો, પ્રોત્સાહનો આપવાની જાહેરાત કરી હતી. એમાં ખાસ કરીને દેશના પ્રથમ એવા ગુજરાત ઇન્ટરનેશનલ ફાઇનાન્સિયલ ટેક સિટી (ગિફ્ટ)માં શરૂ કરાયેલા ઇન્ટરનેશનલ ફાઇનાન્સિયલ સર્વિસ સેન્ટર (આઈએફએસસી)માં વધુ નવી પ્રવૃત્તિઓને આકર્ષવા અને પ્રોત્સાહન આપવા માટે કેન્દ્રીય નાણા પ્રધાન નિર્મલા સિતારામને કેન્દ્રીય બજેટમાં કેટલીક રાહતોની જાહેરાત કરી હતી.

આઈએફએસસીમાં સ્થાપિત વૈશ્વિક કંપનીઓના શિપ-લિઝિંગ યુનિટ્સ, વીમા ઑફિસો અને ટ્રેઝરી સેન્ટર્સને વિશેષ લાભો આપવાનો પ્રસ્તાવ મુકાયો છે. આ માટે સંબંધિત લાભો કલેઇમ કરવા કંપનીઓને આઈએફએસસીમાં પ્રવૃત્તિ શરૂ કરવા માટેની કટ-ઓફ મુદત પણ પાંચ વર્ષ વધારીને ૩૧.૩.૨૦૩૦ કરવામાં આવી હતી.

કેન્દ્રીય બજેટમાં વિવિધ વિભાગોમાં મુક્તિ, કપાત અને સ્થળાંતર માટે આઈએફએસસી એકમો સાથે સંબંધિત સનસેટ તારીખ ૩૧ માર્ચ, ૨૦૩૦ સુધી લંબાવવાની દરખાસ્ત કરાઇ છે.

કેન્દ્રીય બજેટમાં આઈએફએસસી વીમા મધ્યસ્થી કચેરી દ્વારા જારી કરાયેલી જીવન વીમા પૉલિસી પર પ્રાપ્ત થતી આવકને મહત્તમ પ્રીમિયમની રકમની શરત વિના મુક્તિ આપવાનો પ્રસ્તાવ મૂક્યો હતો. આ ઉપરાંત, શિપ લિઝિંગ ડોમેસ્ટિક કંપનીના ઇક્વિટી શેરના હસ્તાંતરણ પર બિન-નિવાસી અથવા આઈએફએસસીના એકમ માટે મૂડી નફામાં કલમ ૧૦ (૪એચ)માં છૂટને વધારવાનો પ્રસ્તાવ મૂકવામાં આવ્યો હતો.

આઈએફએસસી સ્થિત ફંડ મેનેજર દ્વારા સંચાલિત રોકાણ ભંડોળ માટે સિમ્પલીફાઇડ સેફ હાર્બર રિજિમ પ્રદાન કરવાની દરખાસ્ત કરવામાં આવી છે.

આઈએફએસસી એકમો માટે શરતોમાં છૂટછાટ ૩૧ માર્ચ, ૨૦૩૦ સુધી લંબાવવામાં આવી હતી. કેન્દ્રીય બજેટમાં કોઈ પણ વિદેશી પોર્ટફોલિયો રોકાણકાર સાથે કરવામાં આવેલા નોન-ડિલિવરેબલ ફોરવર્ડ કોન્ટ્રાક્ટના હસ્તાંતરણના પરિણામે બિન-નિવાસીને થતી, ઉદ્ભવતી કે તેને પ્રાપ્ત થયેલી કોઈ પણ આવકને મુક્તિ આપવાનો પ્રસ્તાવ મૂકાયો હતો, જે નિર્ધારિત શરતોનું પાલન કરે છે.

મૂળ ભંડોળમાં શેરહોલ્ડર દ્વારા રાખવામાં આવેલા શેર અથવા યુનિટ અથવા વ્યાજનું સ્થાનાંતરણ (આઈએફએસસીએ રેગ્યુલેશન ૨૦૨૨ હેઠળ નિયંત્રિત રિટેલ સ્કીમ અથવા એક્સચેન્જ ટ્રેડેડ ફંડ હોવાને કારણે) શેર અથવા યુનિટ અથવા રોકાણમાં પરિણામી ભંડોળમાં હિત માટે વિચારણામાં મૂડી લાભની ગણતરીના હેતુસર સ્થાનાંતરણ તરીકે ગણવામાં આવશે નહીં.

અત્રે ઉલ્લેખનીય છે કે, કેન્દ્રીય બજેટ ૨૦૨૫ ગિફ્ટ સિટી આઈએફએસસીને ગ્લોબલ ફાઇનાન્સિયલ હબ બનાવવા માટેની સરકારની કટિબદ્ધતાને મજબૂતાઇથી દર્શાવે છે. સૂચિત કરવેરા પ્રોત્સાહનો અને નિયમનકારી સરળતાઓ વૈશ્વિક રોકાણકારો, ફંડ મૅનેજર્સ અને વ્યવસાયોને આકર્ષશે, જેનાથી ભારતની ફાઇનાન્સિયલ ઇકોસિસ્ટમ મજબૂત બનશે.

આ પગલાંથી ગિફ્ટસિટી વૈશ્વિક નાણાકીય ક્ષેત્રે સ્પર્ધાત્મક અને વ્યવસાયો માટેના અનુકૂળ સ્થળ બનવા માટે સજ્જ છે. તે આંતરરાષ્ટ્રીય ફાઇનાન્સિયલ સર્વિસીઝ ક્ષેત્રમાં ભારતના વિકાસને આગળ લઈ જવામાં મહત્ત્વની ભૂમિકા ભજવશે.

# અમદાવાદના વિવિધ વિસ્તારોમાં મ્યુનિ.નું બુલડોઝર ફર્યું: અનેક દબાણો દૂર કરાયાં

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદ: શહેરના જમાલપુર વિસ્તારમાં ફરી એકવાર મનપાએ દબાણ હટાઓ કાર્યવાહી હાથ ધરી હતી. અમદાવાદ મહાનગરપાલિકાના મધ્ય ઝોન એસ્ટેટ વિભાગ દ્વારા જમાલપુર વિસ્તારમાં બિન પરવાનગી રેસિડેન્સિયલ એકમ પર બુલડોઝર ફેરવવામાં આવ્યું હતું. અગાઉ એકમ સીલ કરાયું હતું અને વારંવાર નોટિસ અપાઈ હતી, પરંતુ ગેરકાયદેસર બાંધકામ થતાં આખરે મનપા દ્વારા બાંધકામ તોડી પાડવામાં આવ્યું હતું. અમદાવાદના જમાલપુર વોર્ડમાં આવેલા લાંબી શેરી નંબર-૦૧ એક પાસે આવેલી નવી મસ્જિદની પાસે માસુમખાન પઠાણ અને બાંધકામ કરનાર વ્યક્તિઓ દ્વારા ગ્રાઉન્ડ ફ્લોરથી સિક્સ ફ્લોરના ઉપર બિન પરવાનગી આશરે ૨૪૯૭ ચો. ફૂટનું રેસિડેન્સિયલ સ્કીમ પ્રકારનું બાંધકામ કરી દેવામાં આવ્યું હતું. અમદાવાદ મનપા દ્વારા જીપીએમસી એક્ટ મુજબ નોટિસ બજાવી હતી અને એકમ પણ સીલ કરવામાં આવ્યું હતું, પરંતુ કબજેદાર દ્વારા પરવાનગી વગર ગ્રાઉન્ડ ફ્લોરથી સેકન્ડ ફ્લોર સુધીના બાંધકામનો અમલ કરવામાં આવેલ તેમ છતાં બાંધકામ કર્તા દ્વારા બિન પરવાનગીનું બાંધકામ ચાલુ રાખતાં એએમસી દ્વારા બુલડોઝર ફેરવવામાં આવ્યું હતું. પોલીસની મદદ લઈ એએમસી એસ્ટેટ વિભાગ દ્વારા બિન પરવાનગીનું બાંધકામ તોડી પાડવામાં આવ્યું હતું.

બીજી તરફ પૂર્વ ઝોન એસ્ટેટ વિભાગ દ્વારા પણ નિકોલ વોર્ડમાં ઇન્ડસ્ટ્રીયલ પ્રકારનું બિન પરવાનગીએ કરેલ બાંધકામ તોડી પાડવામાં આવ્યું હતું. તેમ જ ૧૫ હજારની પેનલ્ટી પણ વસૂલાત કરવામાં આવી હતી. હાઈ કોર્ટના કડક આદેશ બાદ ફરી એકવાર એએમસી દ્વારા જાહેર રસ્તા પર રહેલા દબાણ દૂર કરવાની કામગીરી યુદ્ધના ધોરણે હાથ ધરી હતી. જાહેર રસ્તા પર દબાણ કરી ઊભા રહેલાં લારી-ગલ્લાઓ મોટી સંખ્યામાં દૂર કરવામાં આવ્યાં હતાં. મધ્ય ઝોન હદ વિસ્તારમાં એલિસ બ્રિજ, જમાલપુર ફૂલ બજાર, જમાલપુર શાકમાર્કેટ, સરદાર બ્રિજ, ગાંધી બ્રિજ, ભદ્ર પરિસર ત્રણ દરવાજા, નહેરુ બ્રિજ, કામા હોટલ રોડમાંથી દબાણો દૂર કરવામાં આવ્યાં હતાં.

# સાયબર ક્રાઈમની ઘટનાઓ અટકાવવા ગુજરાતની પ્રથમ સાયબર સેન્ટિનલ લેબ રાજકોટમાં તૈયાર કરાઈ

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદ: દેશમાં સાયબર ક્રાઈમના બનાવો સતત વધી રહ્યા છે. આવા બનાવો અટકાવવા માટે રાજકોટ શહેર પોલીસ દ્વારા ગુજરાતની પ્રથમ સાયબર સેન્ટિનલ લેબ તૈયાર કરવામાં આવી છે. આ લેબ માટે રાજકોટ શહેર પોલીસ દ્વારા લોક ભાગીદારીથી સાયબર સિક્યુરિટી સોસાયટી નામનું ટ્રસ્ટ બનાવી તેમાં ૧૨ ટ્રસ્ટીઓની નિમણૂક કરાઈ હતી. જેમાં રાજકોટના પોલીસ કમિશનર, જોઈન્ટ પોલીસ કમિશનર, ડીસીપી ક્રાઈમ અને ૮ ઉદ્યોગપતિઓનો સમાવેશ કરાયો છે. તેમની પાસેથી કુલ ૪.૨૬ કરોડનું ડોનેશન મેળવી લેબનું નિર્માણ કરાયું હતું.

પ્રાપ્ત વિગતો પ્રમાણે રાજકોટ શહેર પોલીસ દ્વારા ૪.૨૬ કરોડના ખર્ચે તૈયાર કરાયેલી સાયબર લેબમાં ૧.૨૫ કરોડની કિંમતના આઠ જેટલા આધુનિક સોફ્ટવેર ખરીદવામાં આવ્યાં છે. જેમાં મોબાઈલ ફોરેન્સિક, સોશિયલ ડેટા એનાલિસિસ, હાર્ડ ડિસ્કમાંથી ડેટા રિકવર કરવા માટે તેનો ઉપયોગ કરી શકાય છે. આ સોફ્ટવેરની મદદથી ડીવીઆર, એનવીઆર કે લેપટોપ સહિત કોઈ પણ ઈન્સ્ટ્રુમેન્ટમાંથી ડેટા રિકવર કરી શકાય છે.

રાજકોટની આ સાયબર સેન્ટિનલ લેબ રાજકોટ શહેર પોલીસ તથા સૌરાષ્ટ્રના જિલ્લાઓના પોલીસ કર્મચારીઓને સાયબર ક્રાઇમ અન્વેષણની તાલીમ, સાયબર ક્રાઈમ સામે સુરક્ષા અર્થે નાગરિકોમાં જાગૃતિ ફેલાવવી, ટેકનિકલ ક્ષેત્રમાં અભ્યાસ કરતા વિદ્યાર્થીઓને ઇન્ટરશિપ મારફતે ટ્રેનિંગ વગેરે જેવાં કાર્યોમાં તેમ જ સાયબર અપરાધના પ્રિવેન્શન તથા ડિટેક્શનમાં સાયબર ક્રાઇમ પોલીસ સ્ટેશનને મદદરૂપ થાય છે. સાયબર સેન્ટિનલ લેબમાં હાલ એક પીઆઇ, ત્રણ પીએસઆઈ, ૧૦ પોલીસ કર્મચારીઓ મળી કુલ ૧૪ લોકોના સ્ટાફની નિમણૂક કરવામાં આવી હતી.

# અમદાવાદના સરદાર પટેલ રિંગ રોડને સિક્સ લેન કરવાનો પ્રોજેક્ટ ફરી થશે

અમદાવાદ: શહેરના સરદાર પટેલ રિંગ રોડને ૪ માર્ગીયમાંથી ૬ માર્ગીય કરવા અંગેની કામગીરી હાથ ધરવામાં આવશે. સરદાર પટેલ રિંગ રોડ કે જે અમદાવાદના પેરી અર્બન વિકાસ અંગેનું મહત્ત્વપૂર્ણ અંગ છે અને જેના ઉપરથી દિવસ દરમ્યાન અંદાજિત ૧ લાખ જેટલાં વાહનો પસાર થતાં હોય છે, આ રિંગ રોડનું ૬ (છ) નેશનલ હાઈવે તથા ૧૧ (અગિયાર) જેટલા નાના-મોટા સ્ટેટ હાઈવે સાથે જોડાણ થાય છે. આ રિંગ રોડ ઉત્તર ગુજરાત, મધ્ય ગુજરાત અને સૌરાષ્ટ્રને અમદાવાદ સાથે જોડતો સર્ક્યુલર મુખ્ય માર્ગ છે.ઔડા રિંગ રોડ ૬૦ મીટર પહોળાઈ અને ૭૬ કિમીની લંબાઈ ધરાવે છે. રિંગ રોડ હાલમાં ઔડા હસ્તક હોઈ સદર રિંગ રોડને ચાર માર્ગીયમાંથી છ માર્ગીય કરવા અંગેની કામગીરી હાથ ધરવામાં આવનાર છે. આ પ્રોજેક્ટમાં પેકેજ-૦૧માં અમદાવાદ શહેરના પૂર્વ વિસ્તારના ૩૭.૦૦ કિ.મી. તથા પેકેજ-૦૨ માં અમદાવાદ શહેરના પશ્ચિમ વિસ્તારના ૩૯.૨૫૪ કિ.મી. લંબાઈમાં વિકસાવવા અંદાજિત રૂા. ૨૨૦૦.૦૦ કરોડના ખર્ચે અંદાજ તૈયાર કરી ટેન્ડર પ્રક્રિયા હાથ ધરવામાં આવી છે.

# અમદાવાદ સહિત હવે સુરત, વડોદરા અને રાજકોટથી મહાકુંભ માટે વોલ્વો બસ દોડાવાશે

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદ: પ્રયાગરાજમાં ચાલી રહેલા મહાકુંભ માટે અમદાવાદથી એસટીની વોલ્વો બસ શરૂ કરી હતી. ત્યારબાદ સુરત, વડોદરા અને રાજકોટથી પ્રયાગરાજની બસ શરૂ કરવા માગ કરાઈ હતી. આ માટેની દરખાસ્ત એસટી નિગમે સરકારને મોકલી હતી. જેથી હવે રાજ્ય સરકારે ચોથી ફેબ્રુઆરીથી અમદાવાદથી વધુ એક, સુરત, વડોદરા અને રાજકોટથી પણ પ્રયાગરાજ માટે વોલ્વો દોડાવવાની જાહેરાત કરી હતી. આ બસનું રવિવારથી બુકીંગ શરૂ થયું હતું.

પ્રાપ્ત વિગતો પ્રમાણે ગુજરાતના શ્રદ્ધાળુઓને પ્રયાગરાજ મહાકુંભમાં આસ્થાની પવિત્ર ડૂબકી માટે રાજ્ય સરકારે દ્વારા આ સેવાનો વ્યાપ વધારવા નિર્ણય લેવામાં આવેલ છે. ચોથી ફેબ્રુઆરીથી નવી પાંચ બસ દોડાવાશે. જેમાં અમદાવાદથી વધુ એક બસ ઉપરાંત સુરતથી બે અને વડોદરા-રાજકોટથી એક એક બસ દોડાવાશે. જેમાં અમદાવાથી વધુ એક, સુરતથી બે, વડોદરાથી એક અને રાજકોટથી એક બસ શરૂ કરવામાં આવશે.

સુરત તથા રાજકોટ ખાતેથી શરૂ કરવામાં આવનાર બસોને પ્રથમ અને ત્રીજી રાત્રીએ રહેવાની વ્યવસ્થા મધ્યપ્રદેશની સીમા પર બારણ મુકામે કરવામા આવશે. અમદાવાદ અને વડોદરા ખાતેથી નવીન શરૂ કરવામાં આવનાર બસોને પ્રથમ અને ત્રીજી રાત્રીએ રહેવાની વ્યવસ્થા શિવપુરી મુકામે કરવામા આવશે. તમામ પાંચ બસો માટે પ્રયાગરાજ મુકામે રહેવાની વ્યવસ્થા યાત્રિકો દ્વારા પોતાની રીતે કરવાની રહેશે.

આ બસોમાં પ્રતિ વ્યક્તિ પેકેજ, અમદાવાદથી રૂા. ૭૮૦૦, સુરતથી ૮૩૦૦, વડોદરાથી ૮૨૦૦ તથા રાજકોટથી ૮૮૦૦ નિયત કરવામાં આવ્યું છે.

આ નવી બસનું ઑનલાઇન બુકિંગ રવિવાર બીજી ફેબ્રુઆરીએ સાંજે પાંચ કલાકથી એસ.ટી નિગમની વેબસાઈટ પરથી થઇ શકશે.

# અમદાવાદ મ્યુનિ. સત્તાધીશો કરોડો રૂપિયાનાં કામો તથા ખરીદીના હિસાબો ક્લીયર કરાવવામાં નિષ્ફળ

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદ: રાજ્યની સૌથી મોટી મહાનગરપાલિકા હોવાનો ગર્વ અનુભવી કરોડો રૂપિયાનાં કદાવર બજેટ રજૂ કરતાં અમદાવાદ મ્યુનિ. સત્તાધીશો કરોડો રૂપિયાનાં કામો તથા ખરીદીના હિસાબો ક્લીયર કરાવવામાં સદંતર નિષ્ફળ પુરવાર થયા હોવાનો આક્ષેપ મ્યુનિ. કૉંગ્રેસ પક્ષ નેતાએ કર્યો હતો. મ્યુનિ.ના વિવિધ ખાતાના ખર્ચાની ઑડિટ ખાતા દ્વારા ચકાસણી કરવામાં આવે છે, જેમાં ઑડિટ ખાતાને યોગ્ય ન જણાય તેવાં કામો અને ખરીદીનાં બિલોને મંજૂરી આપતાં પહેલાં વાંધા (ક્વેરી) ઉપસ્થિત કરવામાં આવે છે. આ વાંધાનો નિકાલ કરાવવાની જવાબદારી જે તે ખાતાના વડા અધિકારી, ડે. કમિશનર, કમિશનર અને શાસક ભાજપની બને છે તેવી માહિતી આપતાં મ્યુનિ. કૉંગ્રેસ પક્ષ નેતા શહેઝાદખાન પઠાણે કહ્યું હતું કે, ઑડિટ ખાતાએ સને ૨૦૨૩-૨૪ના વર્ષનો ઑડિટ રિપોર્ટ સ્ટે.કમિટી સમક્ષ રજૂ કર્યો હતો. જેમાં ૭૫૦૮ વાંધા ઉપસ્થિત કરવામાં આવ્યા છે, તેમાંથી ફક્ત ૫૧૨ વાંધાનો જ નિકાલ થઈ શક્યો છે તે દર્શાવે છે કે, અનેક વિભાગોમાં ગરબડ ગોટાળા ચાલી રહ્યા છે અને ઉચ્ચ અધિકારીઓ તથા શાસક પક્ષ દ્વારા આંખ આડા કાન કરવામાં આવે છે.

મ્યુનિ. વિપક્ષ નેતાએ જણાવ્યું હતું કે, ઑડિટ રિપોર્ટનાં દરેક પાનાં ઉપર ગંભીર ગેરરીતિ, કહેવાતી અનિયમિતતા તથા નાણાકીય ગોટાળા ઊપસી આવ્યા છે. ઑડિટ ખાતાના વાંધાનો નિકાલ કરાવવામાં આવે તો મ્યુનિ. તિજોરીમાંથી ખોટી રીતે ચૂકવી દેવાયેલા કરોડો રૂપિયા પરત મળે તેમ હોય છે, પરંતુ કોઈને મ્યુનિ. તિજોરીને ફાયદો થાય તેમાં રસ નથી તેવું પુરવાર થાય છે. એટલું જ નહિ કૉન્ટ્રાક્ટરો અને સપ્લાયરોને ફાયદો કરાવવા માટે જ વાંધાના નિકાલમાં જાણી જોઈને વિલંબ કરવામાં આવતો હોવાનો આક્ષેપ પણ તેમણે કર્યો હતો.

ઑડિટ રિપોર્ટમાંથી અમુક વાંધા ટાંકતાં શહેઝાદખાન પઠાણે કહ્યું હતું કે, ઉત્તર ઝોન ટૅક્સ ખાતાને લગતાં ૯૯૭ વાંધા કાઢવામાં આવ્યા છે, પરંતુ તેમાંથી ફક્ત બે વાંધાનો જ નિકાલ થયો છે. તેવી જ રીતે મધ્ય ઝોન ઇજનેર ખાતાને સંબંધિત ૮૯૦ વાંધા કાઢવામાં આવ્યા હતા, તેમાંથી એક પણ વાંધાનો નિકાલ થઈ શક્યો નથી. ઉત્તર ઝોન ઇજનેર ખાતાને લગતાં ૪૦૨ વાંધામાંથી ફક્ત ચાર વાંધાનો નિકાલ થયો છે. પશ્ચિમ ઝોન ઇજનેર ખાતાને લગતાં ૫૬૬ વાંધા ઉપસ્થિત કરાયા છે, તેમાંથી માત્ર બે વાંધાનો નિકાલ થયો છે. તેવી રીતે દક્ષિણ ઝોન ઇજનેર ખાતાને લગતા ૫૦૬ વાંધામાંથી ફક્ત ૭૯નો નિકાલ થયો છે. પૂર્વ ઝોન ઇજનેર ખાતાના ૩૮૬ વાંધામાંથી ૫૩નો જ નિકાલ થઈ શક્યો છે.

# ગુજરાતમાં ચૂંટણીની આચાર સંહિતા લાગુ હોવાથી ગ્રાન્ટેડ શાળાઓના આચાર્યની ભરતીના ઈન્ટરવ્યૂ મુલતવી રખાયા

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદ: ગુજરાતમાં આગામી ૧૬મી ફેબ્રુઆરીએ સ્થાનિક સ્વરાજ્યની ચૂંટણીનું મતદાન થવાનું છે. આ ચૂંટણી માટેની આચાર સંહિતા અમલમાં હોવાથી રાજ્યની માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક ગ્રાન્ટ ઈન એઈડ શાળાઓમાં આચાર્યની ૯૦૦ જગ્યા માટે ફાઈનલ મેરિટ જાહેર કરવામાં આવ્યા બાદ ત્રીજી જાન્યુઆરીએ ઈન્ટરવ્યૂ શરૂ કરાયા હતા જે ૧૩મી ફેબ્રુઆરીએ પૂર્ણ થવાના હતા. જેને મુલતવી રાખવાનો નિર્ણય લેવાયો હતો. આચાર્ય ભરતી માટેના ઈન્ટરવ્યૂની નવી તારીખો આગામી સમયમાં જાહેર કરવામાં આવશે.

પ્રાપ્ત વિગતો પ્રમાણે ગુજરાતમાં માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક ગ્રાન્ટ ઈન એઈડ શાળાઓમાં આચાર્યની ભરતી માટે ફાઈનલ મેરિટમાં કુલ ૧૧૨૯ ઉમેદવારોનો સમાવેશ કરાયો હતો. આ મેરિટમાં સમાવિષ્ટ ઉમેદવારોને ૭ ડિસેમ્બર સુધી શાળા પસંદગી કરવાની તક અપાઈ હતી. શાળા પસંદગીની પ્રક્રિયા પૂર્ણ થયા બાદ હવે ૩ જાન્યુઆરીથી તમામ જિલ્લાઓમાં ભરતી માટેના ઈન્ટરવ્યૂ શરૂ કરવામાં આવ્યા હતા. આ દરમિયાન રાજ્યમાં સ્થાનિક સ્વરાજ્યની ચૂંટણી જાહેર થતાં ઈન્ટરવ્યૂ પ્રક્રિયા મુદ્દે મુંઝવણ ઊભી થઈ હતી. શિક્ષણ વિભાગ દ્વારા આ મુદ્દે ચૂંટણી પંચનું માર્ગદર્શન પણ માંગવામાં આવ્યું હતું. જેમાં ઈન્ટરવ્યૂ પ્રક્રિયા ચાલુ ન રાખવા અંગેનો અભિપ્રાય મળ્યા બાદ શિક્ષણ વિભાગ દ્વારા આચાર્યની ભરતી માટેના ઈન્ટરવ્યૂની પ્રક્રિયા મોકૂફ રાખવા સત્તાવાર પરિપત્ર કરાયો હતો. કમિશનર ઑફ સ્કૂલની કચેરી દ્વારા તમામ જિલ્લા શિક્ષણાધિકારીઓને પરિપત્ર મોકલી ઈન્ટરવ્યૂ પ્રક્રિયા મુલતવી રાખવામાં આવી હોવાનું જણાવ્યું હતું અને ઈન્ટરવ્યૂની નવી તારીખો આગામી દિવસોમાં જાહેર કરવામાં આવશે તેમ ઉમેર્યું હતું.

# આઈઆઈએમ અમદાવાદના પ્લેસમેન્ટમાં ૪૭ કંપનીએ ભાગ લીધો: બીસીજીએ સૌથી વધુ નોકરી ઓફર કરી

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદ: ઇન્ડિયન ઇન્સ્ટિટ્યૂટ ઑફ મૅનેજમેન્ટ, અમદાવાદ (આઈઆઈએમએ) ખાતે વર્ષ ૨૦૨૫ના પીજીપી વર્ગ માટે અંતિમ પ્લેસમેન્ટ પ્રક્રિયાના પ્રથમ ક્લસ્ટરમાં ૪૭ જેટલી કંપનીઓએ ભાગ લીધો હતો. જેમાં બોસ્ટન કન્સલ્ટિંગ ગ્રૂપ સૌથી મોટી ભરતી કરનાર તરીકે ઊભરી આવ્યું હતું, બોસ્ટન કન્સલ્ટિંગ ગ્રૂપે ૩૪ નોકરીની ઑફર કરી હતી. સમગ્ર પ્લેસમેન્ટ પ્રક્રિયા હાઇબ્રિડ મોડમાં હાથ ધરવામાં આવી હતી.

આઈઆઈએમ અમદાવાદના અધિકારીઓએ જણાવ્યું હતું કે, ક્લસ્ટર ૧માં છ જૂથો હતાં, જેમાં ઈન્વેસ્ટમેન્ટ બેંકિંગ અને માર્કેટસ, મેનેજમેન્ટ કન્સલ્ટિંગ, કન્સલ્ટિંગ, એડવાઈઝરી કન્સલ્ટિંગ, કાર્ડ્સ એન્ડ ફાઈનાન્સિયલ એડવાઈઝરી, ફાયનાન્સિયલ એડવાઈઝરી, પ્રાઈવેટ ઈક્વિટી, વેન્ચર કેપિટલ એન્ડ એસેટ મૅનેજમેન્ટ સહિતનો સમાવેશ થતો હતો.

મૅનેજમેન્ટ કન્સલ્ટિંગ કંપનીઓમાં કેટલીક કંપનીઓ જેવી કે બીસીજી, મેકેન્સી, કિયર્ને, એક્સ્ચેન્જર સ્ટ્રેટેજી, મોનિટર ડિલોઈટ, સિમોન-કુચર, ઈવાય પાર્થેનોન, ડિલોઈટ, પીડબલ્યુસી અને કેપીએમજીનો સમાવેશ થાય છે. અત્રે ઉલ્લેખનીય છે કે, આ પૈકીની કેટલીક કંપનીઓ આઈઆઈએમ અમદાવાદમાં નિયમિત ભરતી કરતી રહે છે.

ઇન્વેસ્ટમેન્ટ બૅન્કિંગ અને માર્કેટ સ્પેસમાં ભરતી કરનારાઓમાં એવેન્ડસ કેપિટલ, મોએલિસ અને એચએસબીસીનો સમાવેશ થાય છે.

દૈનિક
# મુંબઈ સમાચાર
૨૦૩ વર્ષ
R.N.I. No. 1563/1957 ★
મુંબઈથી પ્રસિદ્ધ થતું ■ સ્થાપનાઃ ૧ જુલાઈ ૧૮૨૨ ■ પુસ્તકઃ ૨૦૪ ■ Volume 68 ■ Issue 28 ■ વિક્રમ સંવત ૨૦૮૧
■ માઘ સુદ- ૬ ■ મુંબઈ ■ MUMBAI SAMACHAR ■ www.bombaysamachar.com ■ 3 February 2025, Monday ■ REGD.No. MCS/058/2024-26
સોમવાર, ૩ ફેબ્રુઆરી ૨૦૨૫, કિંમત ₹ ૧૦.૦૦ | ધર્મતેજ પૂર્તિ | LIKE & FOLLOW: /Mumbaisamachar4u

# મહિલાઓના ટી-૨૦ વર્લ્ડ કપમાં ભારત ફરી ચૅમ્પિયન

## સાઉથ આફ્રિકાને નવ વિકેટે કચડીને બીજા વિશ્વ કપની પણ ટ્રોફી જીતી લીધીઃ ગૉન્ગાડી તૃષા ટૂર્નામેન્ટની સર્વશ્રેષ્ઠ ખેલાડી




કવાલાલમ્પુરઃ નિકી પ્રસાદના સુકાનમાં ભારતની અપરાજિત ગર્લ્સ અન્ડર-૧૯ ટી-૨૦ ટીમે રવિવારે અહીં સતત બીજો વર્લ્ડ કપ જીતીને નવો ઇતિહાસ રચ્યો હતો. ૨૦૨૩ બાદ હવે ૨૦૨૫માં પણ ભારતની ટીનેજ ખેલાડીઓ ટી-૨૦નો વિશ્વ કપ જીતી છે. ભારતે ફાઇનલમાં સાઉથ આફ્રિકાને નવ વિકેટે કચડીને બૅક-ટુ-બૅક ટ્રોફી જીતી લીધી છે. અત્યાર સુધીમાં આ ફૉર્મેટમાં છોકરીઓના માત્ર બે વર્લ્ડ કપ રમાયા છે અને બન્નેની ટ્રોફી પર ભારતનું નામ અંકિત થઈ ગયું છે.

ભારતે આ વખતના વર્લ્ડ કપમાં શરૂઆત કરી ત્યારે ટીમની ખેલાડીઓના નામથી ભાગ્યે જ કોઈ પરિચિત હતું, પરંતુ તેઓ એક પછી એક એમ છ મૅચમાં હરીફ ટીમને કચડીને જીતી ગઈ હતી અને સાઉથ આફ્રિકા સામેની ફાઇનલમાં પહોંચી હતી. હવે એ જ અજાણી ભારતીય ખેલાડીઓ હવે વર્લ્ડ ચૅમ્પિયન બની એ સાથે સ્ટાર પ્લેયર બની ગઈ છે. ભારતે માત્ર ૮૩ રનનો લક્ષ્યાંક ૧૧.૨ ઓવરમાં ૮૪/૧ના સ્કોર સાથે મેળવી લીધો હતો. સેમિ ફાઇનલમાં ભારતે ઇંગ્લૅન્ડને હરાવ્યું હતું.

રવિવારની ફાઇનલમાં સાઉથ આફ્રિકાની ટીમે કાયલા રેનેકીએ ટૉસ જીતીને બૅટિંગ પસંદ કરી હતી, પરંતુ ભારતીય બોલર્સના આક્રમણ સામે ખુદ તેની ટીમની એક પણ બૅટર પચીસ રન પણ નહોતી બનાવી શકી. મિક વૅન વૂર્સ્ટના ૨૩ રન ટીમમાં હાઇએસ્ટ હતા. ચાર બૅટર ઝીરોમાં આઉટ થઈ હતી. ૧૦માંથી નવ વિકેટ ભારતીય સ્પિનર્સે લીધી હતી. લેગ-સ્પિનર ગૉન્ગાડી તૃષાએ ટીમને એક પછી એક બ્રેક-થ્રૂ અપાવીને સૌથી વધુ ત્રણ વિકેટ લીધી હતી. ત્રણ લેફ્ટ-આર્મ સ્પિનર પારુણિકા સિસોદિયા, વૈષ્ણવી શર્મા અને આયુષી શુક્લાએ બે-બે વિકેટ અને પેસ બોલર શબનમ શકીલે એક વિકેટ લીધી હતી.

ભારતે ૧૨મી ઓવરના બીજા જ બૉલ પર ૮૪/૧ના સ્કોર સાથે (બાવન બૉલ બાકી રાખીને) ઐતિહાસિક વિજય મેળવ્યો હતો. તૃષા (૪૪ અણનમ, ૩૩ બૉલ, આઠ ફોર), વાઇસ-કૅપ્ટન સનિકા ચળકે (૨૬ અણનમ, બાવીસ બૉલ, ચાર ફોર)ની જોડીએ ૪૮ રનની અતૂટ ભાગીદારી સાથે ભારતને આસાન વિજય અપાવ્યો હતો. વિકેટકીપર-ઓપનર જી. કમલિની આઠ રન બનાવીને આઉટ થઈ

(જુઓ પાનું ૨) ▶▶

# સાપુતારા પાસે ઊંડી ખીણમાં બસ ખાબકતાં પાંચનાં મોત

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ ગુજરાતમાં ડાંગ જિલ્લાના સાપુતારામાં ગંભીર અકસ્માતમાં પાંચ લોકોના મોત અને ૩૫ લોકો ઈજાગ્રસ્ત થયા હતાં. ઈજાગ્રસ્તોમાંથી ૧૬ લોકોને સરકારી (જુઓ પાનું ૨) ▶▶




# ટ્રમ્પે કૅનેડા, મેક્સિકો, ચીન સાથે 'વેપાર યુદ્ધ' શરૂ કર્યું

## ઇમ્પોર્ટ ડ્યૂટી વધારાઈઃ વૈશ્વિક અર્થતંત્ર પર માઠી અસરની ભીતિ

પામ બીચ (અમેરિકા): અમેરિકાના નવા પ્રમુખ ડોનલ્ડ ટ્રમ્પે મેક્સિકો, કૅનેડા અને ચીનથી આયાત કરાતા માલસામાન પર ટેરિફ (આયાત જકાત) વધારતા આ દેશોએ પણ વળતાં પગલાં લેવાનું શરૂ કર્યું છે અને તેને લીધે આ દેશો વચ્ચે 'વેપાર યુદ્ધ' શરૂ થયું છે.

રિપબ્લિકન પ્રમુખે સોશિયલ મીડિયા પર લખ્યું હતું કે અમેરિકાના લોકોના હિતના રક્ષણાર્થે મેક્સિકો, કેનેડા અને ચીનથી આયાત કરાતા માલસામાન પર ટેરિફ વધારવાની જરૂર હતી. આ ઉપરાંત, કેનેડા અને મેક્સિકો જેવા દેશોમાંથી અમેરિકામાં કરાતી ગેરકાયદે ઘૂસણખોરી રોકવાની પણ ઘણાં સમયથી જરૂર હતી.

તેમણે જણાવ્યું હતું કે અમેરિકામાં ઘુસાડવામાં આવતી

(જુઓ પાનું ૨) ▶▶






મુંબઈ સમાચાર LIKE & FOLLOW: /Mumbaisamachar4u

## એકસ્ટ્રા અફેર

ભરત ભારદ્વાજ
feedback@bombaysamachar.com

# ચમત્કાર વિના નમસ્કાર નહીં, મધ્યમ વર્ગની ઠંડી તાકાતની જીત

**કેન્દ્રીય** નાણાં પ્રધાન નિર્મલા સીતારમણે અંતે બજેટ રજૂ કરી દીધું અને દેશના બહુમતી વર્ગને ખુશ પણ કરી દીધો. ભાજપ વરસોથી મધ્યમ વર્ગ અને નોકરિયાતોને કરવેરામાં રાહત આપવાના નામે ઉલ્લુ બનાવતો હતો ને બજેટમાં છેતરામણી જાહેરાતો કરીને ઠગતો હતો. આ વખતે પહેલી વાર એવું બન્યું કે, ભાજપે બજેટમાં કોઈ ચાલાકી ના કરી અને આવકવેરામાં કોઈને કલ્પના પણ ના આવે એવી જબરદસ્ત રાહત આપી દીધી.

મોદી સરકારના બજેટમાં નોકરી કરનારા લોકો માટે આવકવેરા મુક્તિ મર્યાદા સીધી ૧૨ લાખ રૂપિયા કરી દેવાઈ છે અને સ્ટાન્ડર્ડ ડીડક્શન પણ આપી દેતાં અસરકારક રીતે ૧૨.૭૫ લાખ રૂપિયા સુધીની આવક પર કોઈ ટૅક્સ નહીં લાગે. આ એક જ જાહેરાત દ્વારા ભાજપે અત્યાર સુધી તેની વફાદાર મતબૅન્ક એવા મધ્યમ વર્ગ સાથે કરેલી તમામ છેતરપિંડીનું પ્રાયશ્ચિત કરી નાખ્યું એમ કહેવું જરા વધારેપડતું છે, પણ ભાજપ અમારા માટે કંઈ નથી કરતો એવો મધ્યમ વર્ગના મનનો ખટકો ચોક્કસ દૂર કરી દીધો છે. ભાજપે ૧૧ વર્ષ પહેલાં આવકવેરા મુક્તિ મર્યાદા ૫ લાખ રૂપિયા કરવાનું વચન આપેલું, પણ એ પાળ્યું નહોતું. હવે ૧૧ વર્ષ પછી એ વચન પાળીને મધ્યમ વર્ગને રાજીના રેડ કરી દીધો. દેર આયે દુરસ્ત આયે.

નિર્મલા સીતારમણે આવકવેરામાં ન્યુ રિજિમ પસંદ કરનાર માટેના જે સ્લેબ જાહેર કર્યા છે તેમાં ૧૨.૭૫ લાખ રૂપિયા સુધીની વાર્ષિક આવક પર એક પણ રૂપિયો ટૅક્સ ચૂકવવો પડશે નહીં. આ સ્લેબ પ્રમાણે, ૪ લાખ રૂપિયા સુધીની આવક પર કોઈ ટૅક્સ નહીં લાગે. ₹૪ થી ₹૮ લાખ સુધીની આવક પર ૫ ટકા ઈન્કમ ટૅક્સ લાગશે જ્યારે ₹૮ થી ₹૧૨ લાખ રૂપિયા સુધીની આવક પર ૧૦ ટકા ઈન્કમ ટૅક્સ લાગશે. અલબત્ત દરેક સ્લેબમાં કેન્દ્ર સરકાર જેટલો ટૅક્સ લાગશે એટલું રીબેટ આપવાની છે તેથી ૧૨ લાખ રૂપિયા સુધીની આવક પર કોઈ ટૅક્સ નહીં લાગે. લટકામાં ૭૫ હજાર રૂપિયાનું સ્ટાન્ડર્ડ ડીડક્શન પણ મળશે તેથી ૧૨.૭૫ લાખ રૂપિયા સુધીની આવક સંપૂર્ણ કરમુક્ત થઈ જશે.

હવે ૧૨ લાખ રૂપિયાની આવક પર કોઈ ટૅક્સ નથી એ તો મોટી રાહત છે જ કેમ કે લગભગ ૮૦ ટકા મધ્યમ વર્ગીય નોકરિયાતોને આ જાહેરાતથી ફાયદો થશે, પણ આવકવેરામાં બીજી પણ રાહતો અપાઈ છે. પગારદાર લોકો માટે ૧૨ લાખથી ૧૬ લાખ રૂપિયા સુધીની આવક પર ૧૫ ટકા ટૅક્સ લાગશે તેથી ૭૦ હજારનો લાભ થશે. ૧૬ લાખથી ૨૦ લાખ સુધીની આવક પર ૨૦ ટકા ટૅક્સ લાગશે તેથી ૮૦ હજાર રૂપિયાની બચત થશે જ્યારે ૨૪ લાખ રૂપિયાથી વધુની આવક પર જ ૩૦ ટકા ટૅક્સ લાગશે.

આ સિવાય સિનિયર સિટિઝન્સ માટે કરમુક્તિ બમણી કરવામાં આવી, ટીડીએસ મર્યાદા વધારીને રૂ.૧૦ લાખ કરવામાં આવી અને ભાડાંની આવક પર ટીડીએસ મુક્તિ વધારીને રૂા.૬ લાખ કરવામાં આવી એ સહિતના લાભ પણ અપાયા જ છે એ જોતાં મધ્યમ વર્ગને ફાયદાકારક બજેટ છે તેમાં મીનમેખ નથી.

ગુજરાતીમાં કહેવત છે કે, ચમત્કાર વિના નમસ્કાર નહીં. મોદી સરકાર મધ્યમ વર્ગના પગોમાં આળોટી ગઈ તેના માટે પણ ૨૦૨૪ની લોકસભાની ચૂંટણીમાં બતાવેલો ચમત્કાર જવાબદાર છે. ભાજપ એમ માનીને જ વર્તતો હતો કે મધ્યમ વર્ગ સંગઠિત નથી તેથી તેને કઈ નહીં આપીએ તોપણ એ કશું કરી લેવાનો નથી તેથી ગરીબો, ખેડૂતો વગેરેને લહાણીઓ થતી પણ મધ્યમ વર્ગને લટકાવી રખાતો હતો.

મધ્યમ વર્ગે તેની સામે કોઈ રીએક્શન આપ્યા વિના લોકસભાની ચૂંટણીમાં ભાજપને મત ના આપ્યા ને ભાજપ ૩૦૩ બેઠકો પરથી સીધો ૨૪૦ બેઠકો પર આવી ગયો પછી ભાજપની નેતાગીરીને ભાન થયું કે, હવે મધ્યમ વર્ગને વધારે ટટળાવીશું તો મધ્યમ વર્ગ આપણને ક્યાંયના નહીં રહેવા દે એટલે જખ મારીને મધ્યમ વર્ગને આવકવેરામાં મોટી રાહત આપી દીધી. આવકવેરામાં મળેલી રાહત મધ્યમ વર્ગની ઠંડી તાકાતની જીત છે.

નાણાં પ્રધાન નિર્મલા સીતારમણે બજેટને વિકસિત ભારતનો રોડમેપ ગણાવ્યો છે. તેમના કહેવા પ્રમાણે, આરોગ્ય-શિક્ષણ અને મહિલાઓ પર વિશેષ ધ્યાન આપવામાં આવ્યું છે. બજેટમાં કસ્ટમ ડ્યુટી ઘટાડવા અને પ્રક્રિયાઓને સરળ બનાવવા પર પણ ભાર મૂકવામાં આવ્યો છે. નિર્મલાએ બીજાં પણ ઘણાં કારણો આપ્યાં છે અને એ બધાંની ચર્ચામાં નથી પડતા, પણ મોદી સરકારે આટલાં વરસોમાં પહેલી વાર સારું બજેટ આપ્યું એ સ્વીકારવું પડે. આ બજેટમાં ખેડૂતોથી માંડીને મહિલાઓ સુધીના બધા વર્ગને કંઈક ને કંઈક આપીને ખુશ કરવાનો પ્રયાસ કરાયો છે.

આ બજેટથી વિકસિત ભારત બનશે કે નહીં એ સમય કહેશે, પણ મધ્યમ નોકરિયાત વર્ગ ચોક્કસ ખુશ થશે ને મધ્યમ વર્ગ ખુશ હશે તો દેશનું અર્થતંત્ર પણ સધ્ધર બનશે તેમાં શંકા નથી. આ દેશમાં મધ્યમ વર્ગને આંબા-આંબલી બતાવીને મત ખંખેરવાનો ધંધો વરસોથી ચાલે છે, પણ મધ્યમ વર્ગને લાભ આપવાનો આવે ત્યારે બધા પાણીમાં બેસી જાય છે. ભાજપે પણ અત્યાર સુધી એ જ કર્યું, પણ હવે ભાન થયું પછી સુધારો બતાવ્યો એ સારું છે. જાગ્યા ત્યારથી સવાર.

આ પગલાંના કારણે ભાજપને તો રાજકીય ફાયદો થશે જ, પણ દેશના અર્થતંત્રને પણ ફાયદો થશે. મધ્યમ વર્ગ રૂપિયા દબાવી રાખવામાં માનતો નથી પણ રૂપિયા ખર્ચવામાં માને છે. ભારતમાં સૌથી મોટું બજાર જ મધ્યમ વર્ગના લોકોનું છે, પણ એ બજાર જ ઠપ્પ થઈ રહ્યું હતું ને તેનું કારણ મોદી સરકારની મધ્યમ વર્ગને દબાવવાની ને ખંખેરવાની નીતિ હતી.

મધ્યમ વર્ગની ઇચ્છાઓ બહુ મોટી છે, પણ બેફામ મોંઘવારી અને ભારે કરબોજના ભારના કારણે ખર્ચવા માટે નાણાં જ બચતાં નહોતાં. હવે કરબોજ ઘટશે તેથી નાણાં બચશે એટલો તેનો હાથ થોડોક છૂટો થશે. મધ્યમ વર્ગ નાની નાની લક્ઝરી પાછળ કે પછી બચતમાં રૂપિયા નાખતો હોય છે તેથી સરકારે આપેલી રાહતનો રૂપિયો પણ અર્થતંત્રમાં ફરતો થશે તેથી દેશના અર્થતંત્રને ફાયદો જ થશે.

મોદી સરકારે કસ્ટમ્સ ડ્યુટીમાં કરેલા ફેરફારના કારણે મોબાઇલ ફોન અને ઇ-કાર સહિતની ઘણી ચીજો સસ્તી થવાની છે. ખરીદનારો ગ્રાહક જ ના હોય તો આ બધું સસ્તું કરવાનો મતલબ નહોતો, પણ મધ્યમ વર્ગના હાથમાં રૂપિયા આપીને સરકારે ગ્રાહકો પણ ઊભા કરી દીધા તેથી દેશમાં ઔદ્યોગિક ઉત્પાદન વધશે, રોજગારી વધશે ને સરવાળે રૂપિયો ફરતો રહેશે. ■

## આજનું પંચાંગ

પંડિત જિતેન હરિહર મહેસાણાવાળા

(સૌર હેમંતઋતુ પ્રારંભ), સોમવાર, તા. ૩-૨-૨૦૨૫, પંચક સમાપ્તિ

- ભારતીય દિનાંક ૧૪, માહે માઘ, શકે ૧૯૪૬
- વિક્રમ સંવત ૨૦૮૧, શા. શકે ૧૯૪૬, માઘ સુદ - ૬
- જૈન વીર સંવત ૨૫૫૧, માહે માઘ, તિથિ સુદ-૬
- પારસી શહેનશાહી રોજ ૨૩મો દએપદીન, માહે ૬ઠ્ઠો શહેરેવર, સને ૧૩૯૪
- પારસી કદમી રોજ ૨૩મો દએપદીન, માહે ૭મો મેહેર, સને ૧૩૯૪
- પારસી ફસલી રોજ ૨૦મો બહેરામ, માહે ૧૧મો બેહમન, સને ૧૩૯૩
- મુસ્લિમ રોજ ૪થો, માહે ૮મો શાબાન, સને ૧૪૪૬
- મીસરી રોજ ૫મો, માહે ૮મો શાબાન, સને ૧૪૪૬
- નક્ષત્ર રેવતી રાત્રે ક. ૨૩-૧૮ સુધી, પછી અશ્વિની.
- ચંદ્ર મીનમાં ક. ૨૩-૧૬ સુધી, પછી મેષમાં
- ચંદ્ર રાશિ નામાક્ષરઃ મીન (દ, ચ, ઝ, થ), મેષ (અ, લ, ઈ)
- સૂર્યોદયઃ મુંબઈ ક. ૦૭ મિ. ૧૩, અમદાવાદ ક. ૦૭ મિ. ૨૦, સ્ટા.ટા.,
- સૂર્યાસ્તઃ મુંબઈ ક. ૧૮ મિ. ૩૧, અમદાવાદ ક. ૧૮ મિ. ૨૭ સ્ટા. ટા.

મુંબઈ સમુદ્રમાં ભરતી ઓટ
- ભરતીઃ બપોરે ક. ૧૫-૨૯, મધ્યરાત્રિ પછી ક. ૦૩-૩૧ (તા.૪)
- ઓટઃ સવારે ક. ૦૯-૧૫, રાત્રે ૨૧-૧૭
- વ્રત પર્વાદિઃ વિક્રમ સંવત ૨૦૮૧, 'અનલ' નામ સંવત્સર પ્રારંભ, શાલિવાહન શક સંવત ૧૯૪૬, 'ક્રોધી' નામ સંવત્સર, માઘ શુક્લ - ષષ્ઠી. શીતલા ષષ્ઠી (બંગાળ), પંચક સમાપ્તિ ક. ૨૩-૧૬.
- શુભાશુભ દિનશુદ્ધિઃ શુભ દિવસ.
- મુહૂર્ત વિશેષઃ લગ્ન, ખાતમુહૂર્ત, વાસ્તુકળશ, સર્વદેવ પ્રતિષ્ઠા, ઉપનયન, શ્રી વિષ્ણુ-લક્ષ્મી પૂજા, ચંદ્ર-બુધ ગ્રહદેવતાનું પૂજન, પૂષાદેવતાનું પૂજન, અગાઉ વાસ્તુપૂજા થયેલ ઘરમાં રહેવા જવું, સર્વ શાંતિ, શાંતિ પૌષ્ટિક પૂજા, પરદેશગમનનું પસ્તાનું, નવા વસ્રો, આભૂષણ, નવા વાસણ, વાહન, પશુ લે-વેંચ, યંત્રારંભ, હજામત, દસ્તાવેજ, દુકાન-વેપાર, માલ લેવો, બી વાવવું, ધાન્ય ભરવું, ખેતીવાડીના કામકાજ, દેવદર્શન, નામકરણ, અન્નપ્રાશન.
- ફેબ્રુઆરી ૨૦૨૫નાં સંક્ષિપ્ત ગ્રહ દર્શનઃ તા. ૩જી ફેબ્રુઆરીના સૂર્યાદિ ઉદય અસ્તઃ મુંબઇ સૂર્યોદયઃ ક. ૦૭ મિ.૧૩, સૂર્યાસ્તઃ ક. ૧૮ મિ. ૩૧, ચંદ્ર ઉદયઃ ક. ૧૦-૩૨, ચંદ્ર અસ્તઃ ક. ૨૩-૨૪, બુધ ઉદયઃ ક. ૦૭-૦૦, બુધ અસ્તઃ ક. ૧૮-૦૩, શુક્ર ઉદયઃ ક. ૦૯-૩૫, અસ્તઃ ક. ૨૧-૩૮, મંગળ ઉદયઃ ક. ૧૬-૩૫, અસ્તઃ ક. ૦૫-૫૬, ગુરુ ઉદયઃ ક. ૧૩-૫૨, અસ્તઃ ક. ૦૨-૫૪, શનિ ઉદયઃ ક. ૦૯-૧૩, અસ્તઃ રાત્રે ક. ૨૦-૫૨. તા. ૩જી ફેબ્રુઆરી સૂર્યોદયના સમયે મકર રાશિ લગ્ન ઉદિત થાય છે. સૂર્યાસ્તના સમયે કર્ક રાશિ લગ્ન ઉદિત થાય છે. સૂર્ય તા. ૧૨મીએ મકરમાંથી કુંભમાં આવે છે. સૂર્ય પ્રારંભે શ્રવણ નક્ષત્રમાં રહે છે. તા. ૬ઠ્ઠીએ ધનિષ્ઠામાં, તા. ૧૯મીએ શતભિષામાં પ્રવેશે. મંગળ પ્રારંભે મિથુનમાં વક્રી રહે છે. તા. ૨૪મીએ માર્ગી થાય છે. મંગળ પ્રારંભે પુષ્ય નક્ષત્રમાં રહે છે. તા. ૧૫મીએ પુનર્વસુમાં પ્રવેશે છે. તા. ૨૪મીએ મંગળ માર્ગી થાય છે. માર્ગી બુધ શીઘ્ર ગતિએ મકરમાંથી તા. ૧૧મીએ કુંભમાં પ્રવેશે છે. તા. ૨૭મીએ મીનમાં પ્રવેશે છે. પ્રારંભે બુધ શ્રવણ નક્ષત્રમાં રહે છે. તા. ૭મીએ ધનિષ્ઠામાં, તા. ૧૫મીએ શતભિષા, તા. ૨૨મીએ પૂર્વાભાદ્રપદામાં આવે છે. માર્ગી ગુરુ સમગ્ર માસમાં મંદ ગતિએ વૃષભ રાશિમાં રોહિણી નક્ષત્રમાં ભ્રમણ કરે છે. શુક્ર મીન રાશિમાં અને ઉત્તરાભાદ્રપદા નક્ષત્રમાં ભ્રમણ કરે છે. શનિ સમગ્ર માસમાં કુંભ રાશિમાં, પૂર્વાભાદ્રપદા નક્ષત્રમાં ભ્રમણ કરે છે. રાહુ મીન રાશિ, ઉત્તરાભાદ્રપદા નક્ષત્રમાં ભ્રમણ કરે છે.
- આચમનઃ ચંદ્ર-મંગળ ચતુષ્કોણ વ્યવહારમાં સાવધાની જરૂરી, બુધ-ગુરુ ત્રિકોણ હિસાબ જાળવવામાં જાગૃત, શુક્ર-રાહુ યુતિ સામાજિક જીવનમાં અપયશનો ભય.
- ખગોળ જ્યોતિષઃચંદ્ર-મંગળ ચતુષ્કોણ, બુધ-ગુરુ ત્રિકોણ, શુક્ર-રાહુ યુતિ (તા. ૪)
- ગ્રહગોચરઃ સૂર્ય-મકર, વક્રી મંગળ-મિથુન, બુધ-મકર, વક્રી ગુરુ-વૃષભ, શુક્ર-મીન, શનિ-કુંભ, રાહુ-મીન, કેતુ-કન્યા, માર્ગી હર્ષલ-મેષ. માર્ગી નેપ્ચૂન-મીન, માર્ગી પ્લુટો-મકર. ■

# જમ્મુ-કાશ્મીરમાં આતંકવાદ નબળો પડી રહ્યો છે

**સુરેશ એસ. ડુગ્ગર**

જમ્મુઃ જમ્મુ-કાશ્મીરમાં આ વર્ષના જાન્યુઆરીમાં આતંકવાદી ઘટનામાં માત્ર ત્રણ જણનાં મોત થયાં છે જે છેલ્લાં બે દાયકામાં બીજીવાર સૌથી શાંતિપૂર્ણ શરૂઆત છે.

આ બાબત જમ્મુ-કાશ્મીરમાં આતંકવાદ નબળો પડી રહ્યો હોવાનાં સંકેત આપે છે.

અધિકારીઓના જણાવ્યા અનુસાર જાન્યુઆરીમાં આતંકવાદને લગતી અલગ અલગ બે ઘટનામાં એક સૈનિક અને બે આતંકવાદી સહિત કુલ ત્રણનાં મોત થયાં હતાં.

આંકડાઓ મુજબ પ્રથમ ઘટના ૨૦મી જાન્યુઆરીએ બની હતી અને તેમાં બારામુલ્લા જિલ્લાના સોપોરેના જાલોરા ગુજ્જરપટી વનક્ષેત્રમાં પંગાલા કાર્તિક નામનો એક જવાન શહીદ થયો હતો.

એ જ પ્રમાણે ૩૦મી જાન્યુઆરીએ સેનાના જવાનોએ પૂંચ જિલ્લામાં અંકુશરેખા પાસે બે આતંકવાદીને ઠાર મારી ઘૂસણખોરીનો પ્રયાસ નિષ્ફળ બનાવ્યો હતો.

વર્ષ ૨૦૨૪ના જાન્યુઆરીમાં પણ આતંકવાદીઓ સાથેના ઍન્કાઉન્ટરમાં કુલ ત્રણ જણ માર્યા ગયા હતા. ફરક માત્ર એટલો જ છે કે જાન્યુઆરી ૨૦૨૪માં માર્યા ગયેલાઓમાં બે સુરક્ષાકર્મી અને એક આતંકવાદી હતો જ્યારે આ વર્ષના જાન્યુઆરીમાં માર્યા ગયેલા ત્રણ જણમાં એક સુરક્ષાકર્મી અને બે આતંકવાદીનો સમાવેશ થાય છે. ■

# ચાર મેના રોજ ખૂલશે બદ્રીનાથ ધામના કપાટ

નવી ટિહરીઃ ઉત્તરાખંડના હિમાલયી વિસ્તારમાં સ્થિત વિશ્વ પ્રસિદ્ધ બદ્રીનાથ ધામનાં કપાટ આ વર્ષે ચોથી મેના રોજ ભક્તો માટે ખોલવામાં આવશે. ટિહરી રજવાડાના પૂર્વ મહારાજા મનુજેન્દ્ર શાહે રવિવારે કહ્યું કે આ વર્ષે ચોથી મેના રોજ સવારે ૬ વાગ્યે બદ્રીનાથના દરવાજા ભક્તો માટે ખોલવામાં આવશે.

વસંત પંચમીના અવસર પર નરેન્દ્ર નગર સ્થિત પૂર્વ ટિહરી રાજ દરબારમાં વિશેષ પૂજા કરીને મંદિરના કપાટ ખોલવાનું શુભ મુહૂર્ત કાઢવામાં આવ્યું હતું. રાજ પુરોહિત આચાર્ય કૃષ્ણ પ્રસાદ ઉનિયાલે ગણેશ પંચાંગ અને ચૌકી પૂજન બાદ મનુજેન્દ્ર શાહની કુંડળીનો અભ્યાસ કરીને અને ગ્રહો અને નક્ષત્રોની સ્થિતિ જોઈને ભગવાન બદ્રીનાથ મંદિરનાં કપાટ ખોલવાની તિથિ નક્કી કરી હતી. આ અવસર પર મનુજેન્દ્ર શાહ ઉપરાંત તેમના પત્ની અને ટિહરી લોકસભાના સભ્ય માલા રાજ્ય લક્ષ્મી શાહ, બદ્રીનાથના મુખ્ય પૂજારી રાવલ અમરનાથ નંબૂદરી, મનુજેન્દ્ર શાહની પુત્રી શ્રીજા, બદ્રીનાથ-કેદારનાથ મંદિર સમિતિના મુખ્ય કાર્યકારી અધિકારી વિજય થપલિયાલ અને ઘણા ધાર્મિક અધિકારીઓ હાજર હતા. દર વર્ષે દિવાળી પછી ઓક્ટોબર-નવેમ્બરમાં શિયાળાની ઋતુમાં બદ્રીનાથ- કેદારનાથ, ગંગોત્રી અને યમુનોત્રી સહિતનાં ચારધામોનાં કપાટ ભક્તો માટે બંધ કરવામાં આવે છે, જે બીજા વર્ષે એપ્રિલ-મેમાં ફરી ખોલવામાં આવે છે. વર્ષમાં છ મહિના ચાલનારી યાત્રા દરમિયાન દેશ-વિદેશમાંથી લાખો શ્રદ્ધાળુઓ ચારધામના દર્શન કરવા આવે છે. ■

# કોલકાતામાં ગટરમાં પડી જવાથી ત્રણ શ્રમિકનાં મોત

કોલકાતાઃ કોલકાતાના પૂર્વ પરાંમાં બન્તાલા વિસ્તારના રવિવારે કોલકાતા લેધર કોમ્પ્લેક્સમાં સાફસફાઈનું કામ કરતાં ગટરમાં પડી જવાથી ત્રણ શ્રમિકનાં મોત થયાં હોવાનું પોલીસે કહ્યું હતું.

લેધરના કારખાનામાંથી ગટરમાં ફેંકવામાં આવેલા કચરાની સાફસફાઈ કરતી વખતે એક શ્રમિક ૨૦ ફૂટ ઊંડી ગટરમાં પડી ગયો હતો. અન્ય બે શ્રમિકે તેને બચાવવાનો પ્રયાસ કર્યો હતો, પરંતુ એ બંને પણ ગટરમાં પડી ગયા હતા, એમ પોલીસ અધિકારીએ કહ્યું હતું.

એક કલાક જેટલી સઘન શોધખોળ બાદ ડિઝાસ્ટર મેનેજમેન્ટ અને અગ્નિશમન દળની ટુકડીએ ત્રણેનાં મૃતદેહ શોધી કાઢ્યા હતા.

મૃતકને ફરઝાન શે, હાસી શેખ અને સૂમન સરદાર તરીકે ઓળખી કાઢવામાં આવ્યા હતા. સફાઈકામ કરતી વખતે ત્રણેએ માસ્ક પહેર્યો હતો કે નહીં તે જાણવા નહોતું મળ્યું.

ઘટનાસ્થળની મુલાકાત લેનારા પાલિકા બાબતોના પ્રધાને આ કરુણાંતિકાને કમનસીબ લેખાવી હતી. ઘટનાને મામલે તપાસ યોજવામાં આવશે અને દોષીઓને સજા કરવામાં આવશે, એમ તેમણે કહ્યું હતું. (એજન્સી) ■

# મહાકુંભ ઉપરાંત કાશીમાં પણ રેકોર્ડ તૂટ્યા

## ૨૦ દિવસમાં એક કરોડથી વધુ લોકોએ બાબા વિશ્વનાથના દર્શન કર્યા

વારાણસીઃ ઉત્તર પ્રદેશના પ્રયાગરાજમાં યોજાઈ રહેલા મહાકુંભ મેળામાં દરરોજ લાખોની સંખ્યામાં શ્રદ્ધાળુઓ ઊમટી રહ્યા છે. કુંભમેળાને કારણે ઉત્તર પ્રદેશના અન્ય સ્થળોએ પણ પ્રવાસીઓનો ધસારો અભૂતપૂર્વ રીતે વધ્યો છે. અહેવાલ મુજબ વારાણસીના કાશી વિશ્વનાથ મંદિરમાં શ્રદ્ધાળુઓની સંખ્યાના તમામ રેકોર્ડ તૂટી ગયા છે. માત્ર વીસ દિવસમાં એક કરોડથી વધુ ભક્તોએ બાબા વિશ્વનાથના દરબારમાં દર્શન કરીને ધન્યતા અનુભવી છે.

પોષ પૂર્ણિમાના દિવસે પ્રયાગરાજના કુંભમેળામાં આવેલા શ્રદ્ધાળુઓ વારાણસી તરફ વળ્યા હતાં, જેના કારણે વિશ્વનાથ મંદિરમાં ભારે ભીડ જોવા મળી હતી. શ્રી કાશી વિશ્વનાથ મંદિરના પ્રબંધકે માહિતી આપતા કહ્યું કે કે જાન્યુઆરી મહિનામાં એક કરોડથી વધુ ભક્તોએ મંદિરની મુલાકાત લીધી હતી.અહેવાલ મુજબ મૌની અમાસના એક દિવસ પહેલા, મંદિરમાં ભારે ભીડ ઊમટવા લાગી હતી. ૨૮ જાન્યુઆરીથી ૩૧ જાન્યુઆરી દરમિયાન ભક્તોની સંખ્યા સૌથી વધુ રહી. માત્ર એક અઠવાડિયામાં ૫૦ લાખ ભક્તોએ દર્શન કર્યા. આજે વસંત પંચમીના દિવસે પણ ભક્તોની ભારે ભીડ ઊમટી રહી છે.અહેવાલ મુજબ મહાકુંભ વિસ્તારમાં થયેલી નાસભાગની ઘટનાને ધ્યાનમાં રાખીને વહીવટીતંત્ર રૂટ ડાયવર્ઝન અને ક્રાઉડ મેનેજમેન્ટ પર વિશેષ ખાસ ધ્યાન કેન્દ્રિત કરી રહ્યું છે. ગંગામાં બોટિંગ સંબંધિત નિયમો પણ કડક બનાવવામાં આવ્યા છે. પેડલ બોટના સંચાલન પર પ્રતિબંધ મૂકવામાં આવ્યો છે, જ્યારે મોટી બોટમાં માત્ર નિશ્ચિત સંખ્યામાં શ્રદ્ધાળુઓને જ બેસવાની મંજૂરી આપવાનો નિયમ બનાવવામાં આવ્યો છે. સાંજે સૂર્યાસ્ત પછી નદીઓમાં બોટ્સ નહિ ચાલે અને કોઈ પણ નાવિક કોઈપણ મુસાફરને લાઈફ જેકેટ વિના બોટમાં નહીં બેસાડે. ■

# સમુદ્રયાન મિશન માટે બજેટમાં ૬૦૦ કરોડ રૂપિયા ફાળવ્યા, સમુદ્રના ઊંડાણમાં જશે વૈજ્ઞાનિકો

નવી દિલ્હીઃ કેન્દ્રીય નાણામંત્રી નિર્મલા સીતારમણે બજેટ ૨૦૨૪માં ભારતના સમુદ્રયાન મિશન માટે ૬૦૦ કરોડ રૂપિયા ફાળવ્યા છે. આ મિશન વૈજ્ઞાનિકોને સબમર્સિબલ દ્વારા સમુદ્રની ઊંડાઈમાં મોકલીને અભ્યાસ સાથે સંબંધિત છે.

પૃથ્વી વિજ્ઞાન મંત્રાલયને બજેટમાં ૩૬૪૯.૮૧ કરોડ રૂપિયાનું ભંડોળ ફાળવવામાં આવ્યું છે. આ અગાઉના બજેટ કરતાં વધુ છે.

ગયા બજેટમાં મંત્રાલયને ૩૦૬૪.૮૦ કરોડ રૂપિયા આપવામાં આવ્યા હતા. સમુદ્રયાન મિશન પૃથ્વી વિજ્ઞાન મંત્રાલય હેઠળ આવે છે.

આ મિશનમાં સમુદ્રની ઊંડાઈનું મેપિંગ કરવું, ૬૦૦૦ મીટરની ઊંડાઈ સુધી જવા માટે સક્ષમ માનવયુક્ત સબમર્સિબલ માટે ટેક્નોલોજી વિકસાવવી, ઊંડા સમુદ્રના જૈવિક સંસાધનો માટે ખાણકામ અને થર્મલ ઊર્જા દ્વારા સંચાલિત પ્લાન્ટ માટે એન્જિનિયરિંગ ડિઝાઇન તૈયાર કરવાનો સમાવેશ થાય છે. નાણાપ્રધાને હવામાનની આગાહી કરવાની ક્ષમતા માટે પૃથ્વી વિજ્ઞાન મંત્રાલયની પહેલ મિશન મૌસમ માટે પણ ૧,૩૨૯ કરોડ રૂપિયા ફાળવ્યા હતા.

ભારત આ વર્ષના અંતમાં ચેન્નઇસ્થિત નેશનલ ઈન્સ્ટિટ્યૂટ ઓફ ઓશન ટેક્નોલોજી (એનઆઇઓટી) દ્વારા વિકસિત માનવસહિત સબમરીનને સમુદ્રમાં ૫૦૦ મીટરની ઊંડાઈ સુધી મોકલવાની યોજના ધરાવે છે જેથી આગામી વર્ષ સુધીમાં ૬૦૦૦ મીટરના ઊંડાણ સુધી મોકલીને સમુદ્રના તળિયામાં સંશોધન કરી શકાય.

ડીપ ઓશન મિશનનો ઉદ્દેશ સમુદ્રના ઊંડાણના સંસાધનોની શોધ કરવાનો અને તેમના ટકાઉ ઉપયોગ માટે ટેકનોલોજી વિકસાવવાનો છે.

આ મિશનમાં ઊંડા સમુદ્રમાં ખાણકામ, માનવસહિત સબમરીન અને પાણીની અંદરના રોબોટિક્સ માટે ટેક્નોલોજીના વિકાસનો સમાવેશ થાય છે. ઊંડા સમુદ્રની જૈવવિવિધતાના સંશોધનનો સમાવેશ થાય છે.

તેમાં ઊંડા સમુદ્રી સર્વેક્ષણ અને સંશોધન, ઊર્જા અને સમુદ્રમાંથી તાજાં પાણી અને મહાસાગર જીવવિજ્ઞાન માટે અદ્યતન મરીન સ્ટેશનનું બાંધકામ પણ સામેલ છે.

ભારતીય હવામાન વિભાગના ૧૫૦મા સ્થાપના દિવસ નિમિત્તે વડા પ્રધાન નરેન્દ્ર મોદીએ ૧૪ જાન્યુઆરીએ 'મિશન મૌસમ' લોન્ચ કર્યું હતું જેનો ઉદ્દેશ્ય એઆઇ અને મશીન લર્નિંગનો ઉપયોગ કરીને હવામાન આગાહીમાં સુધારો કરવાનો છે. ■

# વડા પ્રધાને વસંત પંચમી-સરસ્વતી પૂજાની દેશવાસીઓને શુભેચ્છા પાઠવી

નવી દિલ્હીઃ વડા પ્રધાન નરેન્દ્ર મોદીએ રવિવારે વસંત પંચમી અને સરસ્વતી પૂજાના શુભ અવસર પર દેશવાસીઓને હાર્દિક શુભેચ્છા પાઠવી હતી. વડા પ્રધાન મોદીએ એક્સ પર એક પોસ્ટમાં જણાવ્યું કે વસંત પંચમી અને સરસ્વતી પૂજાના શુભ અવસર પર શુભેચ્છાઓ. આ તહેવાર વસંત ઋતુના આગમનનું પ્રતીક છે. તેમજ તે જ્ઞાનના પ્રતીક દેવી સરસ્વતીને સમર્પિત છે. આજના દિવસે દેવી સરસ્વતીની પૂજાનું વિશેષ માહત્મ્ય હોય છે. આ પ્રસંગે દેશભરની શાળાઓ, મંદિરો અને જાહેર સ્થળોએ વિશેષ પૂજા-અર્ચન કરવામાં આવે છે. ■

# ફિલિપાઇન્સમાં હેલિકૉપ્ટર દુર્ઘટનામાં પાઇલટનું મોત

મનીલાઃ ઉત્તર ફિલિપાઇન્સમાં એક હેલિકૉપ્ટર દુર્ઘટનાગ્રસ્ત થયું હતું. જેમાં એકમાત્ર સવાર તેના પાઇલટનું મોત નીપજ્યું હતું. આ જાણકારી ફિલિપાઇન્સના અધિકારીઓએ આપી હતી.

ફિલિપાઇન્સના નાગરિક ઉડ્ડયન સત્તામંડળના જણાવ્યા અનુસાર સ્થાનિક વાહક કંપનીની માલિકીના ચાર બેઠકો ધરાવતા હેલિકૉપ્ટરે શનિવારે ફિલિપાઇન્સની રાજધાની મનીલાથી ઉત્તરીય પર્વતીય રિસોર્ટ શહેર બાગુઇઓ માટે ઉડાન ભરી હતી. જ્યાં તેણે મુસાફરને ઉતારી દીધો હતો. બાગુઇઓથી હેલિકોપ્ટર મનીલા પાછા ફરતી વખતે ઇંધણ ભરવા માટે નજીકના પંગાસીનાન પ્રાંતના બિનાલોનન શહેરમાં એક હવાઇ પટ્ટી પર ઉતર્યું હતું. ■

# ઇવ કોન્સર્ટમાં યુવતીને કિસ કરતા વિવાદમાં ફસાયા સિંગર ઉદિત નારાયણ, યુઝર્સે કરી ટીકા

નવી દિલ્હીઃ બોલીવૂડ સિંગર ઉદિત નારાયણે એક મ્યુઝિક કોન્સર્ટમાં એક મહિલા ફેનને કિસ કરી હોવાનો વીડિયો સોશિયલ મીડિયા પર વાયરલ થયા બાદ વિવાદ ઊભો થયો હતો. વીડિયોમાં જ્યારે એક મહિલા ફેન સેલ્ફી લેતી વખતે તેમના ગાલ પર કિસ કરવા જાય છે ત્યારે ઉદિત નારાયણ મહિલા ફેનના હોઠ પર કિસ કરે છે. પીટીઆઈએ આ મામલે ઉદિત નારાયણ (૬૯)નો સંપર્ક કર્યો તો તેમણે આ વિવાદ પર ટિપ્પણી કરવાનો ઇનકાર કર્યો હતો. વીડિયોમાં ઉદિત નારાયણ મહિલા ફેનને કિસ કરતા જોઈ શકાય છે. તે સમયે સિંગર ઉદિત નારાયણ ફિલ્મ "મોહરા" નું "ટિપ ટિપ બરસા પાની" ગીત ગાઇ રહ્યા હતા.

સોશિયલ મીડિયા પર વાયરલ થયેલા એક વીડિયોમાં સિંગર ઉદિત નારાયણ સુરક્ષા કર્મચારીઓને સેલ્ફી લેવાનો પ્રયાસ કરી રહેલી એક મહિલા ચાહકને સ્ટેજની નજીક આવવા દેવાનું કહેતા જોવા મળે છે. જ્યારે તે યુવતી સિંગર સાથે ફોટો પાડવા માટે તેની નજીક જાય છે, ત્યારે તે યુવતી ઉદિત નારાયણના ગાલ પર ચુંબન કરે છે, જેના જવાબમાં સિંગર તે યુવતીના હોઠ પર કિસ કરવા લાગે છે.

ઉદિત નારાયણના કોન્સર્ટની તારીખ અને સ્થળની હાલમાં પુષ્ટી થઇ શકી નથી. ઉદિત નારાયણે "મૈં ખિલાડી તુ અનાડી", "મૈં યહાં હૂં" અને "એ અજનબી" જેવા ઘણા પ્રખ્યાત ગીતોને અવાજ આપ્યો છે. ઘણા સોશિયલ મીડિયા યુઝર્સે ઉદિત નારાયણ પાસેથી માફીની માગ કરી અને તેમના વર્તનને "અયોગ્ય" ગણાવ્યું હતું. સોશિયલ મીડિયા પ્લેટફોર્મ 'એક્સ' પર એક યુઝરે લખ્યું હતું કે, "ઉદિત નારાયણે ખૂબ જ ખોટી હરકત કરી છે. મને તેમના માટે ખૂબ માન છે, પણ યુવતીને બળજબરીથી કિસ કરવી એ ગુનો છે. ■

## પહેલા પાનાનું ચાલુ

### ટ્રમ્પે કૅનેડા, મેક્સિકો

ગેરકાયદે ફેન્ટાનીલ (દરદશામક દવા)ની આયાત પણ બંધ કરવાની આવશ્યકતા છે. ટ્રમ્પે જણાવ્યું હતું કે મેં આ સંબંધમાં ચૂંટણી વખતે આપેલું વચન પૂરું કર્યું છે.

અમેરિકાના નવા પ્રમુખે કરિયાણા, ગેસોલીન, રહેઠાણ, વાહનો અને અન્ય માલસામાન સસ્તો કરવા પગલાં લેવાની પણ બાંયધરી આપી હતી. ટ્રમ્પના આ પગલાંને કારણે અમેરિકામાં ફુગાવાનો દર વધવાનો ભય પણ સેવાઇ રહ્યો છે.

ટ્રમ્પે ચીનથી આયાત કરાતી દરેક ચીજ પર ઓછામાં ઓછી દસ ટકા ઇમ્પોર્ટ ડ્યૂટી નાખવાની અને મેક્સિકો તેમ જ કેનેડાથી અમેરિકામાં લાવવામાં આવતા મોટા ભાગના માલસામાન પર ઓછામાં ઓછી પચીસ ટકા આયાત જકાત લાદવાનો આદેશ આપ્યો હતો. આમ છતાં, કેનેડાથી આયાત કરવામાં આવતા ખનિજ તેલ, કુદરતી વાયુ, વીજળી જેવી ઊર્જા અને ઈંધણને લગતી ચીજો પર ૧૦ ટકા વેરો જ લદાશે. અમેરિકાના સૌથી મોટા વેપારી ભાગીદાર દેશોમાં મેક્સિકો અને કેનેડાનો સમાવેશ થાય છે અને તેઓની સાથે જ વેપાર યુદ્ધ શરૂ થયું છે. મેક્સિકોનાં પ્રમુખે અમેરિકાથી આયાત કરાતી ચીજો પરની ઇમ્પોર્ટ ડ્યૂટી વધારવાની જાહેરાત કરી હતી. કેનેડાના વડા પ્રધાને જણાવ્યું હતું કે અમે અમેરિકાથી આયાત કરવામાં આવતા ૧૫૫ અબજ ડૉલરના માલસામાન પર પચીસ ટકા ટેરિફ લાદીશું. (એજન્સી) ■

### મહિલાઓના ટી-૨૦

હતી.

તૃષાને અસાધારણ ઑલરાઉન્ડ પર્ફોર્મન્સ બદલ પ્લેયર ઑફ ધ ફાઇનલનો તેમ જ આખી ટૂર્નામેન્ટમાં સૌથી વધુ ૩૦૯ રન બનાવવા ઉપરાંત સાત વિકેટ લેવા બદલ પ્લેયર ઑફ ધ ટૂર્નામેન્ટનો પુરસ્કાર આપવામાં આવ્યો હતો.

સ્પિનર વૈષ્ણવી શર્મા ૧૭ વિકેટ સાથે ટૂર્નામેન્ટની સર્વશ્રેષ્ઠ બોલર સાબિત થઈ હતી. ■

### સાપુતારા પાસે

હૉસ્પિટલમાં સારવાર અર્થે ખસેડવામાં આવ્યા હતાં. આઠ લોકોની હાલત ગંભીર હોવાથી તેમને સુરત ખાતે રિફર કરાયા હતાં. બાકી ૨૧ મુસાફરોને સામાન્ય ઈજા પહોંચતા ડાંગ સિવિલમાં રાખવામાં આવ્યા હતાં.

પ્રાપ્ત વિગતો પ્રમાણે સાપુતારામાં માલેગામ ફોરેસ્ટ ગેસ્ટહાઉસની સામેના ઘાટમાં ધાર્મિક યાત્રા પૂર્ણ કરીને મહારાષ્ટ્રના નાસિક તરફથી આવતી ખાનગી બસ ઊંડી ખીણમાં ખાબકી હતી. આ બસમાં ૫૦ લોકો સવાર હતા. આ અકસ્માતની જાણ થતાં જ પોલીસ અને વહિવટી અધિકારીઓની ટીમ ઘટના સ્થળે પહોંચી હતી અને બચાવકાર્ય હાથ ધર્યું હતું. આ ગંભીર અકસ્માતમાં બે મહિલા અને ત્રણ પુરુષ મુસાફરના મૃત્યુ નીપજ્યાં હતા. બસમાં સવાર તમામ મુસાફરો મધ્યપ્રદેશ જિલ્લાના ગુના, શીવપુરી અને અશોકનગરના રહેવાસી હોવાનું જાણવા મળ્યું હતું. ડાંગ જિલ્લા કલેક્ટર મહેશ પટેલે જણાવ્યું હતું કે, મધ્યપ્રદેશના ત્રણ જિલ્લામાંથી ૪ બસ ધાર્મિક પ્રવાસે નીકળી હતી. જેમાંથી એક બસ ખીણમાં ખાબકી હતી. ટેકનીકલ કારણસર બસ ખીણમાં ખાબકી હોય તેવું પ્રાથમિક તપાસમાં જણાયું હતું. ડાંગના ધારાસભ્ય વિજય પટેલે જણાવ્યું હતું કે, ઘટનાની જાણ થતાં વહીવટી તંત્ર તાત્કાલિક ઘટનાસ્થળે પહોંચ્યું હતું. સાથે જ સ્થાનિક લોકોએ પણ સારો સાથ સહકાર આપ્યો હતો. ■

# બિલ્ડર પાસેથી ૧૦ કરોડની ખંડણી માગીઃ ભૂતપૂર્વ નગરસેવક સહિત ચારની ધરપકડ

મુંબઈઃ ચૂનાભટ્ટીના બિલ્ડર પાસેથી ૧૦ કરોડ રૂપિયાની કથિત ખંડણી માગવાના કેસમાં મીરા-ભાયંદર વસઈ-વિરાર પોલીસે ભૂતપૂર્વ નગરસેવક અને આટીઆઈ કાર્યકર સહિત ચાર જણની ધરપકડ કરી હતી. અનેક આરટીઆઈ અરજીઓ કરીને તેમ જ બ્લૅકમેઈલ કરી નાણાં ન આપે તો વરલી અને માહિમના એસઆરએ પ્રોજેક્ટ અટકાવી દેવાની ધમકી બિલ્ડરને અપાઈ હતી.

ભાયંદરના નવઘર પોલીસ સ્ટેશનમાં શનિવારે નોંધાયેલા એફઆઈઆર અનુસાર બિલ્ડરનું વરલી અને માહિમમાં ઝૂંપડપટ્ટી પુનર્વસન યોજના હેઠળના બે પ્રોજેક્ટનું કામ ચાલી રહ્યું છે. તાજેતરમાં બિલ્ડરને તેના આર્કિટેક્ટે માહિતી આપી હતી કે શિવસેના (યુબીટી)ના નાલાસોપારાના ભૂતપૂર્વ નગરસેવક સ્વપ્નિલ બાંદેકર અને તેના ત્રણ સાથીએ પ્રોજેક્ટ સંબંધી માહિતી પ્રાપ્ત કરવા માટે આરટીઆઈ (માહિતી અધિકાર) હેઠળ અરજી કરી છે. બાંદેકરના ત્રણ સાથીમાં એક આરટીઆઈ કાર્યકર હોવાનું કહેવાય છે. જોકે બિલ્ડરે આર્કિટેક્ટને કહ્યું હતું કે તેમણે જરૂરી બધી પરવાનગીઓ લીધી છે.

ફરિયાદમાં જણાવાયું હતું કે ૨૨ ઑક્ટોબરે બાંદેકર, કથિત આરટીઆઈ કાર્યકર હિમાંશુ શાહ અને અન્ય બે જણ માટુંગાની એક કૉફી શૉપમાં ફરિયાદીને મળ્યા હતા. ત્યાં બાંદેકરે ફરિયાદીને આરટીઆઈ હેઠળની અરજીઓ અને બિલ્ડર વિરુદ્ધની ફરિયાદો અંગે જાણ કરી હતી. તે સમયે બાંદેકરે ૧૦ કરોડ રૂપિયા ચૂકવવામાં નહીં આવે તો ફરિયાદી કોઈ પ્રોજેક્ટ પૂરો કરી નહીં શકે, એવી કથિત ધમકી આપી હતી.

ફરિયાદીએ આટલી મોટી રકમ ન હોવાથી પચીસ લાખ રૂપિયા આપવાની તૈયારી બતાવી હતી. આ વાતને લઈ બાંદેકર રોષે ભરાયો હતો અને ગાળાગાળી કરી હતી. ગોળીબાર કરી ફરિયાદીને મારી નાખવાની ધમકી પણ તેણે આપી હતી. ધમકીથી ડરી ગયેલો બિલ્ડર દોઢ કરોડ રૂપિયા આપવા તૈયાર થયો હતો, એવો આક્ષેપ ફરિયાદમાં કરાયો હતો.

બાદમાં ફરિયાદીને નાણાં માટે વારંવાર કૉલ આવવા લાગ્યા હતા. પચીસ લાખ રૂપિયાના પ્રથમ હપ્તા સાથે બિલ્ડરને મીરા રોડ આવવાનું કહેવામાં આવ્યું હતું. આ પ્રકરણે બિલ્ડરે નવઘર પોલીસમાં ફરિયાદ કરી હતી. પોલીસે ૧૫ લાખ રૂપિયા લઈને બિલ્ડરને ભાયંદરની એક હોટેલમાં મોકલ્યો હતો, જ્યાં એક આરોપીને રૂપિયા લેવા બોલાવવામાં આવ્યો હતો. રૂપિયા લેવા આવેલા શખસને છટકું ગોઠવીને બેસેલી પોલીસે તાબામાં લીધો હતો. તેણે આપેલી માહિતી પરથી બાકીના આરોપીઓને પકડી પાડવામાં આવ્યા હતા. આ પ્રકરણે પોલીસ વધુ તપાસ કરી રહી છે. ■

# બાન્દ્રા ટર્મિનસ ખાતે એક્સપ્રેસ ટ્રેનમાં મહિલા સાથે દુષ્કર્મઃ આરોપી પકડાયો

(અમારા પ્રતિનિધિ તરફથી)

મુંબઈઃ બાન્દ્રા ટર્મિનસ ખાતે ઊભેલી એક્સપ્રેસ ટ્રેનના ડબ્બામાં મહિલા સાથે કથિત બળાત્કાર ગુજારવામાં આવ્યો હોવાની ઘટનાથી ખળભળાટ મચી ગયો હતો. બાન્દ્રા જીઆરપી અને આરપીએફના જવાનોએ તાત્કાલિક કાર્યવાહી કરી આરોપી હમાલની ધરપકડ કરી હતી.

રેલવેના પોલીસ કમિશનર રવીન્દ્ર શિશવેએ શનિવારની મધરાતે આવી ઘટના બની હોવાના અહેવાલને સમર્થન આપ્યું હતું અને આરોપીની ધરપકડ કરવામાં આવી હોવાનું જણાવ્યું હતું. જોકે મહિલાએ આપેલી માહિતીની ખાતરી કરવામાં આવી રહી હોવાથી આ તબક્કે વધુ માહિતી આપવાનો તેમણે ઇનકાર કર્યો હતો.

મળતી માહિતી અનુસાર ૫૪ વર્ષની ફરિયાદી મહિલા તેના જમાઈ સાથે હરિદ્વારથી આવેલી ટ્રેનમાં બાન્દ્રા ટર્મિનસ પહોંચી હતી. મુંબઈમાં રહેઠાણનું ઠેકાણું ન હોવાથી બન્ને જણ બાન્દ્રા ટર્મિનસના જે પ્લૅટફૉર્મ પર ટ્રેન આવી હતી ત્યાં જ સૂઈ ગયાં હતાં.

કહેવાય છે કે મોડી રાતે આરોપી હમાલ મહિલા પાસે આવ્યો હતો અને સૂવાની વ્યવસ્થા કરી આપવાને બહાને પ્લૅટફૉર્મ પર ઊભેલી ટ્રેનના એક ડબ્બામાં લઈ ગયો હતો, જ્યાં તેણે મહિલા સાથે દુષ્કર્મ કર્યું હતું. દુષ્કર્મ પછી આરોપી ત્યાંથી ફરાર થઈ ગયો હતો. મહિલાના દાવા મુજબ આરોપી નશામાં જણાતો હતો.

દરમિયાન મહિલાએ પ્લૅટફૉર્મ પર સૂતેલા જમાઈને ઊંઘમાંથી જગાડી તેની સાથે બનેલી ઘટનાની જાણ કરી હતી. બાદમાં બન્નેએ બાન્દ્રા રેલવે પોલીસનો સંપર્ક કર્યો હતો. પોલીસે મહિલાની ફરિયાદને ગંભીરતાથી લઈ તાત્કાલિક ઘટનાસ્થળે પહોંચી તપાસ કરી હતી. મહિલાએ આપેલા વર્ણનને આધારે પોલીસે આરોપીની શોધ હાથ ધરી હતી. લગભગ કલાક બાદ આરોપી ટર્મિનસ પરિસરમાંથી જ હાથ લાગ્યો હોવાનું પોલીસનું કહેવું છે. ■

# ઍરપોર્ટના પાર્કિંગમાં મર્સિડીઝ કારે અડફેટે લેતા બે વિદેશી સહિત પાંચ જણ જખમી

## બ્રેકને બદલે એક્સિલરેટર પર પગ પડતાં અકસ્માત થયોઃ ડ્રાઈવરની ધરપકડ

મુંબઈઃ મુંબઈના ઈન્ટરનૅશનલ ઍરપોર્ટના પાર્કિંગ એરિયામાં મર્સિડીઝ કારે અડફેટે લેતાં બે વિદેશી નાગરિક સહિત પાંચ ઘવાયા હતા. કારના ડ્રાઈવરનો પગ ભૂલથી બ્રેકને બદલે એક્સિલરેટર પર પડતાં આ ઘટના બની હોવાનું પ્રાથમિક તપાસમાં જણાતાં પોલીસે ડ્રાઈવરની ધરપકડ કરી હતી.

સહાર પોલીસે પકડી પાડેલા આરોપી ડ્રાઈવરની ઓળખ પુરુષોત્તમ ચિંચોલપ્પા દાદાનવરે (૩૪) તરીકે થઈ હતી. નવી મુંબઈમાં રહેતા દાદાનવરે વિરુદ્ધ બેદરકારીથી વાહન ચલાવવાનો ગુનો નોંધવામાં આવ્યો હતો.

પોલીસના જણાવ્યા મુજબ ઘટના રવિવારની સવારે ઍરપોર્ટના ટર્મિનલ-ટુના પાર્કિંગ એરિયામાં બની હતી. લક્ઝરી કારનો ડ્રાઈવર દાદાનવરે ઍરપોર્ટ પર એક પ્રવાસીને છોડવા આવ્યો હતો.

પોલીસને પ્રથમદર્શી જણાયું હતું કે દાદાનવરેએ બ્રેકને બદલે એક્સિલરેટર દબાવ્યું હતું, જેને કારણે કાર પરથી તેણે કાબૂ ગુમાવ્યો હતો. મર્સિડીઝ કાર તેજગતિથી આગળ વધી ઍરપોર્ટના ગેટ નંબર એક ખાતેના સ્પીડ બ્રેકર પર ચઢી ગઈ હતી.

દરમિયાન કારે બે વિદેશી નાગરિક સહિત પાંચને અડફેટે લીધા હતા. જખમી વિદેશી નાગરિકોને સારવાર માટે નાણાવટી હૉસ્પિટલમાં દાખલ કરાયા હતા, જ્યારે ઍરપોર્ટના ત્રણ ક્રૂ સભ્યોને કૂપર હૉસ્પિટલમાં લઈ જવાયા હતા. તપાસના ભાગરૂપ પોલીસે કાર જપ્ત કરી હતી. આ પ્રકરણે સહાર પોલીસ વધુ તપાસ કરી રહી છે. (પીટીઆઈ)■

# એમએમઆરડીએનો કૉન્ટ્રેક્ટર બીએમસીને ગણકારતો નથી

## ▸ પ્રોપર્ટી ટેક્સ ભરવાને મુદ્દે હાથ ઝાટકી દીધા

## ▸ બીએમસીએ એમએમઆરડીએને પત્ર લખી કૉન્ટ્રેક્ટર પાસેથી ૫૫૦ કરોડ રૂપિયાનો પ્રોપર્ટી ટેક્સ માગ્યો

(અમારા પ્રતિનિધિ તરફથી)

મુંબઈઃ શહેરમાં અનેક ઠેકાણે મેટ્રો રેલનું કામ કરવામાં આવ્યું છે, જેમા અમુક જગ્યાએ મેટ્રોના કામ કરનારા કૉન્ટ્રેક્ટર જે.કુમાર ઈન્ફ્રાપ્રોજેક્ટ લિમિટેડ દ્વારા સુધરાઈને પ્રોપર્ટી ટેક્સ ચૂકવવામાં આવ્યો નથી. અનેક વખત રીમાઈન્ડર મોકલ્યા બાદ પણ સુધરાઈની નોટિસની અવગણના કરવાને કારણે આખરે કંટાળેલી સુધરાઈએ મુંબઈ મેટ્રોપોલિટન રિજન ડેવલપમેન્ટ ઓથોરિટી (એમએમઆરડીએ)ને પત્ર લખી કૉન્ટ્રેક્ટરને ૫૫૦ કરોડ રૂપિયાનો પ્રોપર્ટી ટેક્સ ભરવા માટેનો નિર્દેશ આપવા માટે કહ્યું હોવાનું જાણવા મળ્યું છે.

સૂત્રોના જણાવ્યા મુજબ જે.કુમાર ઈન્ફ્રાપ્રોજેક્ટ દ્વારા સુધરાઈને ૫૫૦ કરોડ રૂપિયાનો પ્રોપર્ટી ટેક્સ ચૂકવવાનો બાકી છે અને તે માટે અનેક વખત રિમાઈન્ડર પણ મોકલવામાં આવ્યા છે. તેની સામે કૉન્ટ્રેક્ટર એમએમઆરડીએ સાથે થયેલા એગ્રીમેન્ટની કલમનો ઉલ્લેખ કરીને પ્રોપર્ટી ટેક્સ ચૂકવવાની જવાબદારી એમએમઆરડીએની હોવાનું કહીને હાથ ઉપર કરી દીધા છે.

જે.કુમાર ઈન્ફ્રાસ્ટ્રક્ચર લિમિટિડને પાલિકાના એચ-પૂર્વ, એચ-પશ્ચિમ, કે-પૂર્વ, પી-ઉત્તર અને એમ-પશ્ચિમમાં સાત પ્લોટ ફાળવવામાં આવ્યા છે, જે કાસ્ટિંગ યાર્ડ અને રેડી મિક્સ કૉંક્રીટ (આરએમસી) પ્લાન્ટ માટે છે અને અહીં મેટ્રોના બાંધકામને લગતા કામ ચાલી રહ્યા છે.

સુધરાઈના કહેવા મુજબ ટેન્ડરની કમ મુજબ એમએમઆરડીએ કાસ્ટિંગ ગાર્ડ તરીકે ફાળવવામાં આવેલી જમીન માટે પ્રોપર્ટી ટેક્સ ચૂકવવાનો રહેશે. જ્યારે કૉન્ટ્રેક્ટર અન્ય કર માટે જવાબદાર રહેશે. જોકે લીઝ એગ્રીમેન્ટમાં રહેલી શરત મુજબ ટેક્સ ભરવાની જવાબદારી જે.કુમાર ઈન્ફ્રાપ્રોજેક્ટે ભરવાનો હતો.

આ કંપની હાલ મુંબઈમાં મેટ્રો વન લાઈન ટુબી (ડીએન નગરથી મંડાલે) સહિત અન્ય મેટ્રો પ્રોજેક્ટના કામ કરી રહી છે. પ્રોપર્ટી ટેક્સ ભરવાને મુદ્દે ખાનગી કંપનીના કહેવા મુજબ ટેક્સ ભરવાની જવાબદારી એમએમઆરડીએની છે. તેથી પાલિકાએ હવે ટેક્સની બાકી રહેલી રકમ બાબતે એમએમઆરડીએ પાસે સ્પષ્ટતા માગી છે.

એમએમઆરડીએના અધિકારીએ આ બાબતે સ્પષ્ટતા કરતા કહ્યું હતું કે મેટ્રોના કામ માટે જે.કુમાર ઈન્ફ્રાપ્રોજેક્ટને ખાલી જમીન કામચલાઉ ધોરણે ફાળવવામાં આવી છે અને ઓથોરિટીની શરત મુજબ કૉન્ટ્રેક્ટર જ પ્રોપર્ટી ટેક્સ ભરવા માટે જવાબદાર છે. ■

# ૧૬.૪૯ કરોડનું કોકેઇન ભરેલી કૅપ્સ્યૂલ્સ ગળીને આવેલો બ્રાઝિલિયન મુંબઈ એરપોર્ટ પર ઝડપાયો

મુંબઈઃ ૧૬.૪૯ કરોડની કિંમતનું કોકેઇન ભરેલી કૅપ્સ્યૂલ્સ ગળીને આવેલા બ્રાઝિલિયન નાગરિકને કસ્ટમ્સ વિભાગે મુંબઈ એરપોર્ટ પરથી પકડી પાડ્યો હતો. પ્રવાસીના પેટમાંથી કુલ ૧૭૦ કૅપ્સ્યૂલ્સ બહાર કઢાવવા માટે કસ્ટમ્સના અધિકારીઓ અને હોસ્પિટલના ડોક્ટરોને પાંચ દિવસ લાગ્યા હતા, જેમાંથી ૧.૬૪૯ કિલોગ્રામ કોકેઇન હતું.

કસ્ટમ્સ વિભાગના એર ઇન્ટેલિજન્સ યુનિટે (એઆઇયુ) ધરપકડ કરેલા બ્રાઝિલિયનની ઓળખ ફર્નાન્ડો જેરોનિમો સાંતોસ દા સિલ્વા (૨૪) તરીકે થઇ હતી. ફર્નાન્ડોને કોર્ટમાં હાજર કરાતાં તેને જ્યુડિશિયલ કસ્ટડી ફટકારવામાં આવી હતી.

ફર્નાન્ડો ૨૭ જાન્યુઆરીએ પેરિસ વાયા સાઉ પાઉલો (બ્રાઝિલ)થી ફ્લાઇટમાં મોડી રાતે મુંબઈના છત્રપતિ શિવાજી મહારાજ ઇન્ટરનેશનલ એરપોર્ટ પર આવ્યો હતો, જ્યાં એઆઇયુના અધિકારીએ શંકાને આધારે તેને આંતર્યો હતો. તેના સામાનની તલાશી લેવાતાં કશું જ મળી આવ્યું નહોતું, પણ ઊલટતપાસમાં તેણે ડ્રગ્સ ભરેલી કૅપ્સ્યૂલ્સ પેટમાં છુપાવીને લાવ્યો હોવાનું કબૂલ્યું હતું. એ સમયે ફર્નાન્ડોને અસ્વસ્થતા મહેસૂસ થતાં તેને એઆઇયુ રૂમની બાજુમાં વૉશરૂમમાં લઇ જવાયો હતો, જ્યાં તેણે ૨૬ કૅપ્સ્યૂલ્સ બહાર કાઢી હતી.

પેટમાં વધુ કૅપ્સ્યૂલ્સ હોવાનું ફર્નાન્ડોએ જણાવતાં તેને જે. જે. હોસ્પિટલમાં દાખલ કરાયો હતો, જ્યાં ૨૪ કલાક તેના પર નજર રાખવામાં આવી હતી. આખરે શનિવારે તેના પેટમાંથી વધુ ૧૪૪ કૅપ્સ્યૂલ્સ બહાર કાઢવામાં આવી હતી.

અત્રે ઉલ્લેખનીય છે કે ૨૮થી ૩૧ જાન્યુઆરી વચ્ચે કસ્ટમ્સ વિભાગે બે કેસમાં ૫૦ કરોડ રૂપિયાનો ગાંજો પકડી પાડ્યો હતો, જે બેંગકોકથી પાંચ પ્રવાસી લાવ્યા હતા. એ સિવાય ૯૩ લાખ રૂપિયાના હીરા અને ૧.૫ કરોડનું સોનું પણ અન્ય પ્રવાસીઓ પાસેથી જપ્ત કરાયું હતું. ■

## રિવોલ્વર ટેસ્ટિંગ વખતે ગોળી છૂટતાં સગીર ઘાયલ

# પોલીસને ગેરમાર્ગે દોરવા ‘લૂંટારાના ગોળીબાર’ની વાર્તા ઘડી કાઢી

જાલનાઃ જાલનામાં રિવોલ્વર ખરીદ્યા બાદ મિત્ર સાથે ટેસ્ટિંગ કરતી વખતે ગોળી છૂટતાં ૧૭ વર્ષનો સગીર ઘાયલ થયો હતો. જોકે આ વાત છુપાવવા માટે અને પોલીસને ગેરમાર્ગે દોરવા માટે સગીરે લૂંટારાએ લૂંટ વખતે ગોળીબાર કર્યો હોવાની વાર્તા ઘડી કાઢી હતી, પણ વિરોધાભાસી નિવેદનને કારણે તેની પોલ ખૂલી ગઇ હતી. ચંદનઝીરા પોલીસ સ્ટેશનના અધિકારીએ જણાવ્યું હતું કે સગીરને છાતીમાં ગોળી વાગી હતી અને તેને છત્રપતિ સંભાજીનગર ખાતેની હોસ્પિટલમાં દાખલ કરવામા આવ્યો હતો. બનાવની જાણ થતાં પોલીસ અધિકારીઓ તપાસ માટે હોસ્પિટલમાં દોડી આવ્યા હતા. એ સમયે ઘાયલ સગીરે પોલીસને જણાવ્યું હતું કે તે ૩૧ જાન્યુઆરીએ તે ઘરે જઇ રહ્યો હતો ત્યારે ટોલ પ્લાઝા ખાતે મોટરસાઇકલ પર આવેલા ત્રણ લૂંટારાએ તેના પર ગોળીબાર કર્યો હતો અને ૯૫ હજાર રૂપિયા લૂંટી લીધા હતા. જોકે સગીરે આપેલા નિવેદનમાં વિસંગતી જણાતાં પોલીસને તેના પર શંકા ગઇ હતી. સગીર અને તેના ૧૯ વર્ષના મિત્રએ ગેરકાયદે રીતે દેશી બનાવટની રિવોલ્વર ખરીદી હતી અને ચંદનઝીરા ખાતે તેઓ રિવોલ્વર ટેસ્ટિંગ કરતા હતા. જોકે અંધારામાં દેખાતું ન હોવાથી સગીર મોબાઇલ ફોનની ટોર્ચ ચાલુ કરવા ગયો ત્યારે અકસ્માતે રિવોલ્વરમાંથી ગોળી છૂટી હતી. (પીટીઆઇ)■

# એમપીએસસીના ઉમેદવારોને પરીક્ષાનું પેપર ૪૦ લાખમાં આપવાની ઓફરઃ ત્રણ પકડાયા

*પુણેઃ* મહારાષ્ટ્ર પબ્લિક સર્વિસ કમિશન (એમપીએસસી)ની પરીક્ષા માટે તૈયારી કરી રહેલા ઉમેદવારોને કૉલ કરીને પ્રશ્નપત્ર ૪૦ લાખ રૂપિયામાં આપવાની ઓફર કરવા બદલ પુણે પોલીસે ત્રણ જણની ધરપકડ કરી હતી. જોકે પ્રશ્નપત્ર લીક થયાના કોઇ પુરાવા મળ્યા નથી, એમ પોલીસ અધિકારીએ જણાવ્યું હતું.

પુણે પોલીસની ક્રાઇમ બ્રાન્ચે શનિવારે ધરપકડ કરેલા આરોપીની ઓળખ સુમિત કૈલાસ જાધવ, દીપક ગયારામ ગાયધાને અને યોગેશ સુરેન્દ્ર વાઘમારે તરીકે થઇ હતી.

એમપીએસસીનાં સેક્રેટરી સુવર્ણા ખરાતે પોલીસમાં નોંધાવેલી ફરિયાદમાં કહ્યું હતું કે એમપીએસસી પરીક્ષાની તૈયારી કરી રહેલા કેટલાક વિદ્યાર્થીઓને અજ્ઞાત નંબર પરથી કૉલ આવ્યા હતા, જેમાં કૉલરે પ્રશ્નપત્ર ૪૦ લાખ રૂપિયામાં આપવાની ઓફર કરી હતી.

ડેપ્યુટી પોલીસ કમિશનર (ક્રાઇમ બ્રાન્ચ) નિખિલ પિંગળેએ કહ્યું હતું કે આ કેસમાં ત્રણ જણની ધરપકડ કરવામાં આવી છે. બે આરોપીને ચાકણ વિસ્તારમાંથી, જ્યારે ત્રીજા આરોપીને નાગપુરથી ઝડપી પાડવામાં આવ્યો હતો.

તપાસ અનુસાર પરીક્ષાનું પેપર લીક થયાના કોઇ પુરાવા મળ્યા નથી અને આ પ્રકરણે તપાસ ચાલી રહી છે, એમ તેમણે કહ્યું હતું.

અધિકારીના જણાવ્યા અનુસાર પોલીસને ૨૪ વિદ્યાર્થીની યાદી મળી છે, જેમને આરોપીઓએ કૉલ કર્યા હતા અથવા કૉલ કરવાના હતા. ત્રણેય આરોપી વિરુદ્ધ ભારતીય ન્યાય સંહિતા અને મહારાષ્ટ્ર કોમ્પિટિટીવ એક્ઝામ એક્ટ હેઠળ ગુનો દાખલ કરાયો હતો. (પીટીઆઇ)■

# માલેગાંવમાં બર્થ સર્ટિફિકેટ માટે બનાવટી દસ્તાવેજો રજૂ કરનારા બેની ધરપકડ

મુંબઈઃ નાશિક જિલ્લાના માલેગાંવમાં જન્મનો દાખલો મેળવવા માટે બનાવટી દસ્તાવેજો કથિત રીતે રજૂ કરવા બદલ પોલીસે બે આરોપીની ધરપકડ કરી હતી.

આ પ્રકરણે પોલીસે ત્રણ જણ વિરુદ્ધ ગુનો નોંધ્યો હતો. પ્રાથમિક તપાસને આધારે ધરપકડ કરાયેલા બે આરોપીને કોર્ટ સમક્ષ હાજર કરાયા હતા. માલેગાંવના ચીફ જ્યુડિશિયલ મૅજિસ્ટ્રેટ એસ. જે. ડોલારેએ આ ગંભીર પ્રકારનો ગુનો હોવાની નોંધ કરી બન્ને આરોપીને ચોથી ફેબ્રુઆરી સુધીની પોલીસ કસ્ટડી ફટકારી હતી.

પોલીસના જણાવ્યા અનુસાર ભાજપના એક નેતાએ તહેસીલદારને કરેલી ફરિયાદને આધારે આરોપી સૈયદ સાજીદ સૈયદ વહાબ, શબાનાબાનો શેખ હનીફ અને નઝમાબાનો અબ્દુલ શકૂર વિરુદ્ધ એફઆઈઆર નોંધવામાં આવ્યો હતો. ત્રણેય જણે બર્થ સર્ટિફિકેટ મેળવવા માટે તહેસીલદાર કાર્યાલયમાં ડિસેમ્બર, ૨૦૨૪માં બોગસ આધાર કાર્ડ, રેશન કાર્ડ, સ્કૂલ લીવિંગ સર્ટિફિકેટ, વૉટર આઈડી અને અન્ય દસ્તાવેજો રજૂ કર્યા હતા. આ ત્રણેય આરોપી બાંગ્લાદેશી હોવાનો આક્ષેપ ફરિયાદમાં કરાયો હતો. આ મામલે પોલીસ તપાસ કરી રહી છે. આ ગુનામાં આરોપીઓને કોઈએ મદદ કરી હોય તો તેની તપાસ કરવા માટે આરોપીઓની કસ્ટડી જરૂરી હોવાનું પોલીસે કોર્ટમાં જણાવ્યું હતું. જોકે બચાવ પક્ષના વકીલે દલીલ કરી હતી કે બધા દસ્તાવેજો બે આરોપીએ તહેસીલદાર ઑફિસમાં રજૂ કર્યા હોવાથી તેમની કસ્ટડીની જરૂર નથી. વકીલના કહેવા મુજબ વહાબ કૉલેજનો વિદ્યાર્થી છે અને તેના બધા દસ્તાવેજો કૉલેજમાં ઉપલબ્ધ છે, જ્યારે નઝમાનું નામ લગ્ન બાદ બદલવામાં આવ્યું હતું. તહેસીલદારે ચકાસણી પછી તેનું બર્થ સર્ટિફિકેટ આપ્યું હતું.

જોકે કોર્ટે નોંધ્યું હતું કે દસ્તાવેજોને જોતાં આ ગંભીર પ્રકારનો ગુનો લાગે છે. અનેક પ્રકારના બનાવટી દસ્તાવેજો રેવેન્યૂ અધિકારી સમક્ષ રજૂ કરવામાં આવ્યા છે, એવા આક્ષેપો કરાયા છે. તેથી આ દસ્તાવેજો ક્યાંથી મેળવવામાં આવ્યા છે તેની તપાસ કરવી જરૂરી છે, એમ કોર્ટે જણાવ્યું હતું. (પીટીઆઈ)■

# માઓવાદીઓએ ખબરીની શંકા પરથી ગામના રહેવાસીને મારી નાખ્યો

ગઢચિરોલીઃ પોલીસનો ખબરી હોવાનો દાવો કરીને માઓવાદીઓએ ગામના ૪૫ વર્ષના રહેવાસીને મારી નાખ્યો હોવાની ઘટના ગઢચિરોલી જિલ્લામાં બની હતી.

પોલીસના જણાવ્યા મુજબ ઘટના રવિવારની વહેલી સવારે દક્ષિણ ગઢચિરોલીના ભામરાગઢ તહેસીલના કિયુર ગામમાં બની હતી. પ્રાથમિક માહિતી અનુસાર માઓવાદીઓએ કિયુર ગામના નિર્દોષ નાગરિક સુખરામ મડવીની ગળું દબાવી હત્યા કરી હતી.

મડવીના શબ પાસેથી પોલીસને એક પેમ્ફલેટ મળી આવ્યું હતું, જેમાં માઓવાદીઓએ ખોટો દાવો કર્યો હતો કે મડવી પોલીસનો ખબરી હતો અને પોલીસને નવા કૅમ્પ શરૂ કરવા માટે મદદ કરતો હતો. આ વર્ષે માઓવાદીઓએ ગામના કોઈ નાગરિકની હત્યા કરી હોવાનું આ પ્રથમ ઘટના છે. આ પ્રકરણે પોલીસ વધુ તપાસ કરી રહી છે. (પીટીઆઈ)■

# હાઉસિંગ સોસાયટીઓમાં ઇ-ચાર્જિંગ સ્ટેશન આપોઃ હાઈ કોર્ટ

મુંબઇઃ હાઉસિંગ સોસાયટીઓના પરિસરમાં ઇલેક્ટ્રિક વાહનો માટે ઇ-ચાર્જિંગ સ્ટેશન પૂરા પાડવાથી હવાના પ્રદૂષણના જોખમને ઘટાડવામાં મદદ મળશે એમ બોમ્બે હાઇકોર્ટે જણાવ્યું છે. હાઉસિંગ સોસાયટીઓમાં ચાર્જિંગ પોઇન્ટ/સ્ટેશન વહેલી તકે પૂરા પાડવાની નીતિને આખરી ઓપ આપીને તેનો અમલ કરવા રાજ્ય સરકારને સૂચના પણ આપી હતી.

ઘણી વખત રજૂઆતો અને સંપર્ક કરવા છતાં હાઉસિંગ સોસાયટીઓને પરિસરમાં ચાર્જિંગ સ્ટેશન ઉપલબ્ધ કરાવવાની મંજૂરી નથી આપવામાં આવી. તેની સામે પેડર રોડ સ્થિત વેપારીએ હાઈકોર્ટમાં અરજી કરી હતી. ન્યાયાધીશ ગિરીશ કુલકર્ણી અને ન્યાયાધીશ અદ્વૈત શેઠનાની ખંડપીઠે ઉદ્યોગપતિ મારફતે દાખલ કરેલી અરજી પર આ આદેશ આપ્યો હતો. ■

# શાળાના મેદાન પર અતિક્રમણ મુદ્દે બીએમસી અને એસઆરએને બોમ્બે હાઇ કોર્ટે ઠપકાર્યા

મુંબઈઃ શહેરના ખાર વિસ્તારમાં એક શાળાની બાજુમાં રમતના મેદાન માટે આરક્ષિત ૬,૦૦૦ ચોરસ મીટરના પ્લોટ પરના ગેરકાયદે બાંધકામો મુદ્દે

બોમ્બે હાઈકોર્ટે શુક્રવારે બીએમસી અને સ્લમ રિહેબિલિટેશન ઓથોરિટીને ખાર ફટકાર લગાવી હતી. કોર્ટે જણાવ્યું હતું કે આ સુપ્રીમ કોર્ટના ત્રણ દાયકા જૂના આદેશનો ભંગ છે. મુખ્ય ન્યાયાધીશ આલોક આરાધે અને ન્યાયમૂર્તિ ભારતી ડાંગરેએ ત્રણ સ્થાનિક રહેવાસીઓ - દિલીપ સપ્તર્ષિ, રોબર્ટ વિસિંગર અને સુનીલ ભાટિયાની પીઆઈએલની સુનાવણી દરમિયાન જણાવ્યું હતું કે, ‘‘રમતના મેદાન માટે નિર્ધારિત વિસ્તારના સંદર્ભમાં કોઈપણ બાંધકામ પ્રવૃત્તિને મંજૂરી આપી શકાતી નથી.’’

અગાઉના મુકદ્દમાના રાઉન્ડમાં, સુપ્રીમ કોર્ટે એપ્રિલ ૧૯૯૫માં હાઈકોર્ટના આદેશને માન્ય રાખ્યો હતો અને નિર્દેશ આપ્યો હતો કે પ્લોટનું સીમાંકન કરવામાં આવે અને તેના પર કોઈ અતિક્રમણને મંજૂરી આપવામાં ન આવે. ૨૦૧૯ માં, બાજુના પ્લોટ પર એસઆરએ પ્રોજેક્ટ શરૂ થયો. જ્યારે ઓગસ્ટ ૨૦૨૧માં અનામત પ્લોટ પર ખોદકામ શરૂ થયું, ત્યારે રહેવાસીઓએ હાઈકોર્ટનો સંપર્ક કર્યો હતો. નવેમ્બર ૨૦૨૧માં હાઈકોર્ટે તેના પર વધુ બાંધકામ પર રોક લગાવી હતી.

એસઆરએના એડવોકેટ જગદીશ રેડ્ડીએ પ્લોટ બીએમસીનો હોવાનું કાબુલ કરતા જણાવ્યું હતું કે, કેટલાક ઝૂંપડપટ્ટીના રહેવાસીઓએ તેના એક ભાગ પર અતિક્રમણ કર્યું હતું. ન્યાયાધીશોએ કહ્યું કે તેઓ કાયદેસર સંસ્થાઓની રજૂઆતોથી ચોંકી ગયા હતા. અદાલતે કહ્યું કે આરક્ષિત જમીન પર અતિક્રમણને કેવી રીતે મંજૂરી આપી શકાય? સિંઘે એ પણ માહિતી આપી હતી કે એસઆરએ એ ડેવલપરને ઉદ્દેશીને પત્ર જારી કર્યો હતો, જેમાં આરક્ષિત વિસ્તાર ઘટાડીને ૪,૦૦૦ ચોરસ મીટર કરવામાં આવ્યો હતો. ■

# ઓટોપ્સી રિપોર્ટ પછી પોલીસે ટ્રક ડ્રાઈવર વિરુદ્ધ ગુનો નોંધ્યો

થાણેઃ ભિવંડીમાં માર્ગઅકસ્માતમાં ૨૦ વર્ષના યુવકે જીવ ગુમાવ્યાની ઘટનામાં પોલીસે ઓટોપ્સી રિપોર્ટ આવ્યા પછી અજાણ્યા ટ્રક ડ્રાઈવર વિરુદ્ધ એફઆઈઆર નોંધ્યો હતો. નારપોલી પોલીસ સ્ટેશનના અધિકારીએ જણાવ્યું હતું કે ૧૯ જાન્યુઆરીએ બનેલી ઘટનામાં પોલીસે શરૂઆતમાં એડીઆર નોંધ્યો હતો. નાશિક-મુંબઈ હાઈવે નજીક અંજુર-દીવે ગામમાં એક ફૂડ સ્ટોલ નજીક આ ઘટના બની હતી. અકસ્માતમાં મૃત્યુ પામેલા યુવકની ઓળખ અયાઝ રઝાક શેમલે (૨૦) તરીકે થઈ હતી.

શેમલે તેના મિત્ર સાથે બાઈક પર મુંબઈ તરફ જઈ રહ્યો હતો. બાઈક શેમલે ચલાવી રહ્યો હતો. રસ્તા પરના ખાડાથી બચવાના પ્રયાસમાં બન્ને જણ બાઈક પરથી પટકાયા હતા. હૉસ્પિટલમાં લઈ જવાયેલા બન્ને માંથી શેમલેને મૃત જાહેર કરાયો હતો.

જોકે શેમલેના ઓટોપ્સી રિપોર્ટમાં જણાવાયું હતું કે રસ્તા પર પટકાયેલા શેમલે પરથી ટ્રક ફરી વળી હોવાને કારણે તેનું મૃત્યુ થયું હતું. પરિણામે પોલીસે ટ્રક ડ્રાઈવર વિરુદ્ધ ગુનો નોંધી તપાસ હાથ ધરી હતી. (પીટીઆઈ)■

# મહારાષ્ટ્ર અને ગુજરાતના વનવિભાગ વચ્ચે દીપડાને મુદ્દે સંયુક્ત બેઠક

પુણેઃ આંતર-રાજ્ય સરહદ નજીકના જંગલ વિસ્તારોમાં દીપડાઓને છોડવા મહારાષ્ટ્ર વન વિભાગે ગુજરાતના અધિકારીઓ સાથે નજીકથી સંકલન કરવાનું નક્કી કર્યું છે. રાજ્યના વન વિભાગના વરિષ્ઠ અધિકારીઓ ગુજરાત સરહદની નજીકના વિભાગોના જંગલોના મુખ્ય સંરક્ષકો અને ગુજરાતના સમકક્ષો સાથે તાજેતરના અધિકારક્ષેત્રના ભંગ અંગે ચર્ચા કરવા મળ્યા હતા. મહારાષ્ટ્રના અધિકારીઓએ દાવો કર્યો હતો કે ગુજરાતના વન અધિકારીઓએ બે રાજ્યો વચ્ચેની સરહદથી.૫ કિમી દૂર નંદુરબારના મણીબેલી ગામમાં દીપડાને છોડવાનો પ્રયાસ કર્યો હતો.

આદિવાસી પટ્ટાના ગ્રામીણોના વિરોધ બાદ દીપડાને અન્ય પ્રદેશમાં છોડવામાં આવ્યો હતો. ગ્રામીણોએ આવી ઘટના પહેલા પણ બની ચુકી હોવાની ફરિયાદો કર્યા બાદ વન વિભાગે આ બાબતે તપાસ શરુ કરી હતી અને સંયુક્ત બેઠક કરવાનું નક્કી કર્યું હતું.

તાજેતરના ઉલ્લંઘન માટે જવાબદાર ગુજરાતના વન અધિકારીઓ બેઠક દરમિયાન ગેરહાજર રહ્યા હતા. મહારાષ્ટ્રના વન વિભાગે ફરીથી સરહદ નજીક દીપડો છોડવામાં આવે તો તેમનો સંપર્ક કરવાનો નિર્ણય લીધો છે. ડેપ્યુટી કન્ઝર્વેટર ઓફ ફોરેસ્ટ (ડીસીએફ), નંદુરબાર, લક્ષ્મણ પાટીલે જણાવ્યું હતું કે, નંદુરબાર અને ગુજરાતના વિસ્તારોમાં સંઘર્ષની સ્થિતિ વધી છે. અમે ઘણીવાર સમસ્યારૂપ દીપડાઓને પકડીએ છીએ અને તેમને જંગલમાં છોડી દઈએ છીએ, પરંતુ તેઓ અન્ય રાજ્યના અધિકારક્ષેત્રમાં પ્રવેશ કરે છે. રાજ્યો એકબીજાને ચેતવણી આપશે. ગુજરાત વન વિભાગના કેવડિયા ડીસીએફ અગ્નિવીર વ્યાસે જણાવ્યું હતું કે, અમે દીપડાને છોડતી વખતે ઘણી તપાસ કરીએ છીએ. અમે તેમને માનવ વસાહતની નજીક છોડતા નથી. રાજ્યના વન વિભાગે ચીફ વાઈલ્ડલાઈફ વોર્ડનને રિપોર્ટ સુપરત કર્યો હતો અને કહ્યું હતું કે સરહદ પર ઉચ્ચ તકેદારી અને પેટ્રોલિંગ હાથ ધરવામાં આવશે. નંદુરબારના માનદ વાઇલ્ડલાઇફ વોર્ડને જણાવ્યું હતું કે આજુબાજુના કેટલાંક રાજ્યો મહારાષ્ટ્રની સરહદો નજીક દીપડાઓને મુક્ત કરી રહ્યાં છે. ■



## દાતાને દાન માટે અપીલ

નીચે જણાવેલ કૅન્સરના દરદીઓ ટાટા હૉસ્પિટલમાં સારવાર લઈ રહ્યા છે.

| દર્દીઓના નામ | ઉંમર | ખર્ચ |
|---|---|---|
| ૧) હારુન કારીગર | ૫૪ | ૨૫,૦૦૦ |
| ૨) હરીપાડા સહા | ૬૭ | ૭૦,૦૦૦ |
| ૩) ઈઝરાઈલ સહા | ૬૦ | ૯૦,૦૦૦ |
| ૪) ઈલા ચૌધરી લસ્કર | ૫૬ | ૧,૦૦,૦૦૦ |
| ૫) ઈંદુ દેવી | ૪૭ | ૩૦,૦૦૦ |
| ૬) ઈંદ્રજિત રમેશ ચવાણ | ૧૭ | ૫૦,૦૦૦ |
| ૭) ઇકબાલ ખાન | ૬૯ | ૯૦,૦૦૦ |
| ૮) ઇંદુ જૌહરી | ૪૫ | ૮૦,૦૦૦ |
| ૯) ઇંદ્રદત્ત શુક્લા | ૫૭ | ૫૦,૦૦૦ |
| ૧૦) ઇભારની ગેન | ૫૨ | ૨૭,૦૦૦ |
| ૧૧) ઇંદ્રજિત દાસ | ૫૧ | ૫૦,૦૦૦ |
| ૧૨) ઝુમ્પા દત્તા | ૨૯ | ૭૫,૦૦૦ |
| ૧૩) જયશ્રી દાશ | ૩૯ | ૫૦,૦૦૦ |
| ૧૪) જુલાસ શૈખ | ૨૭ | ૮૦,૦૦૦ |

નીચે જણાવેલ કૅન્સરના દરદીઓ જરબાઈ વાડિયા હૉસ્પિટલમાં સારવાર લઈ રહ્યા છે.

| | | |
|---|---|---|
| ૧૫) ઇનાયત રિયાઝ ખાન | ૧ | ૨,૫૦,૦૦૦ |
| ૧૬) ઈસ્માઈલ ઇબ્રાહિમ શૈખ | ૯ | ૧,૧૦,૦૦૦ |

નીચે જણાવેલ કૅન્સરના દરદીઓ એસ.આર.સી.સી. હૉસ્પિટલમાં સારવાર લઈ રહ્યા છે.

| | | |
|---|---|---|
| ૧૭) ઈઝહાન શૈખ | ૧૦ | ૪૦,૦૦,૦૦૦ |

નીચે જણાવેલ કૅન્સરના દરદીઓ સાયન હૉસ્પિટલમાં સારવાર લઈ રહ્યા છે.

| | | |
|---|---|---|
| ૧૮) ઈકબાલ માહીઉદ્દીન શૈખ | ૬૩ | ૩,૦૦,૦૦૦ |

નીચે જણાવેલ કૅન્સરના દરદીઓ માસીના હૉસ્પિટલમાં સારવાર લઈ રહ્યા છે.

| | | |
|---|---|---|
| ૧૯) ઈકબાલ મોહમ્મદ હાશ્મી | ૪૮ | ૬,૦૦,૦૦૦ |

નીચે જણાવેલ કૅન્સરના દરદીઓ એપેક્સ હૉસ્પિટલમાં સારવાર લઈ રહ્યા છે.

| | | |
|---|---|---|
| ૨૦) ઈરફાન હારૂન તિવારી | ૪૪ | ૧૦,૦૦૦ |

ઉપરોક્ત દરદીઓને વધુમાં વધુ મદદ કરવાની જીવન પ્રકાશ વિનંતી કરે છે.
દાતાઓએ દાનની રકમ નીચેના સરનામે મોકલવી.
સરનામું:- લાયન શ્રી ભરત પાઠક, જીવન પ્રકાશ, ૧૧/૫ અવંતિ એપાર્ટમેન્ટ, બી વિંગ, ફ્લેન્ક રોડ, સાયન-ઇસ્ટ, મુંબઈ-૪૦૦૦૨૨.
દાનમાં આપવામાં આવતી રકમ ૮૦જી હેઠળ કરમાં રાહતપાત્ર છે.

# નવી મુંબઈ એરપોર્ટ મે મહિનામાં શરૂ થશે, એપ્રિલમાં ઉદ્ઘાટન કરાશે

મુંબઈ: મુંબઈ મેટ્રોપોલિટન રિજન અને મહારાષ્ટ્રના સૌથી મહત્ત્વાકાંક્ષી પ્રોજેક્ટ નવી મુંબઈ એરપોર્ટને શરુ કરવા માટે પ્રશાસન યુદ્ધના ધોરણે કામગીરી કરી રહી છે ત્યારે આગામી ચારથી પાંચ મહિનામાં નવી મુંબઈ એરપોર્ટની મહારાષ્ટ્રવાસીઓને ભેટ મળશે. નવી મુંબઈ એરપોર્ટ શરુ થયા પછી મુંબઈની સાથે મહારાષ્ટ્રના વિવિધ એરપોર્ટના પેસેન્જર ટ્રાફિકના બોજમાં ઘટાડો થશે. ઉપરાંત, ડોમેસ્ટિક અને ઈન્ટરનેશનલ ફ્લાઈટની કનેક્ટિવિટી વધવાથી નાગરિકો માટે આ એરપોર્ટ આશીર્વાદરૂપ બનશે. ૧૭મી એપ્રિલના એરપોર્ટનું ઉદ્ઘાટન કરવામાં આવશે, જ્યારે શરૂઆતમાં ટીવન ટર્મિનલ અને એક રનવેનું કામકાજ શરૂ થશે, ત્યારબાદ ધીમે ધીમે અન્ય સુવિધા શરૂ કરવામાં આવશે.

બહુપ્રતિક્ષિત નવી મુંબઈ ઈન્ટરનેશનલ એરપોર્ટ મે ૨૦૨૫ના અંતમાં શરૂ થવાની અપેક્ષા છે, જે મુસાફરોને ગીચ મુંબઈ એરપોર્ટનો વિકલ્પ આપશે. આધુનિક સુવિધાઓ અને વિસ્તૃત ક્ષમતા સાથે, નવી મુંબઈ ઇન્ટરનેશનલ એરપોર્ટ આગામી વર્ષોમાં મુખ્ય એરપોર્ટ તરીકેનો કબજો મેળવવા માટે તૈયાર છે. સૌથી મહત્ત્વની વાત એ છે કે ૭૦ વર્ષમાં મુંબઈની વસ્તી દસગણી વધી ગઈ છે, પરંતુ એક જ એરપોર્ટ છે. નવી મુંબઈ ઈન્ટરનેશનલ એરપોર્ટ શરૂ થયા પછી મુંબઈ એરપોર્ટના ટીવન અને ટીટૂની અમુક ફ્લાઈટ નવા એરપોર્ટમાં શિફ્ટ થશે.

ખાનગી અને ચાર્ટર એરક્રાફ્ટ સહિતની સામાન્ય ફ્લાઇટ્સ નવા નવી મુંબઈ એરપોર્ટ પર જશે. આ વ્યવસ્થાથી વર્તમાન મુંબઈ એરપોર્ટ પર હવાઈ ટ્રાફિકની ભીડ ઓછી થશે, સાથે સમયસર કામગીરી અને કાર્યક્ષમતામાં વધારો થશે. હાલમાં મુંબઈ એરપોર્ટ એમએમઆર માટે મુખ્ય એરપોર્ટ છે, નવનિર્મિત નવી મુંબઈ એરપોર્ટ ૨૦૩૨ સુધીમાં વિસ્તૃત ટર્મિનલ અને વધારાના રનવે સાથે પ્રદેશનું મુખ્ય એરપોર્ટ બની જશે. નવું એરપોર્ટ ઉલ્વેમાં બનાવામાં આવ્યું હતું. અહીં કમર્શિયલ ફ્લાઈટ મે મહિનાના અંત સુધીમાં શરુ થવાની અપેક્ષા છે, પરંતુ ફ્લાઈટની સંખ્યા ઓક્ટોબર પછી વધારી શકાય છે. ઓક્ટોબરથી માર્ચના વિન્ટર શેડ્યૂલ પ્રમાણે એરલાઈન્સ પોતાનું ટાઈમટેબલ નક્કી કરશે. નવી મુંબઈ ઈન્ટરનેશનલ એરપોર્ટ પરથી ૨૦-૩૦ લાખ પેસેન્જર આવવાની અપેક્ષા છે. નવી મુંબઈ એરપોર્ટનું ટર્મિનલ-૧ ૨૦૨૬ના મધ્ય સુધીમાં દર વર્ષે ૨૦ લાખ પ્રવાસીને હેન્ડલ કરવાની સંપૂર્ણ ક્ષમતા સાથે શરૂ થાય તેવી અપેક્ષા છે. આ ઉપરાંત, ટર્મિનલ-૨ ૩૦ લાખ પેસેન્જરની ક્ષમતા સાથે એરપોર્ટની ક્ષમતામાં વધારો કરશે, તેનાથી મુંબઈ મેટ્રોપોલિટન રિજન(એમએમઆર)માં હવાઈ મુસાફરીના ભાવિને નવી ઉંચાઈએ લઈ જશે.

# દહાણુ ફેસ્ટિવલનો પ્રારંભ

પાલઘર: ત્રણ દિવસીય દહાણુ ફેસ્ટિવલની ત્રીજી આવૃત્તિનું ઉદ્ઘાટન શુક્રવારે મહારાષ્ટ્રના પાલઘર જિલ્લાના દહાણુ ખાતે કરવામાં આવ્યું હતું. આ મહોત્સવમાં મુલાકાતીઓ સ્થાનિક ભોજન અને સાંસ્કૃતિક કાર્યક્રમોનો આનંદ માણી શકવા ઉપરાંત વિવિધ ઉત્પાદનો ખરીદી શકે છે. મહારાષ્ટ્રના વન પ્રધાન તેમજ પાલઘર પાલક પ્રધાન ગણેશ નાઈકએ દહાણુ-અગર રોડના સીવ્યુ પાર્ક ખાતે ફેસ્ટિવલનું ઉદઘાટન કર્યું હતું. 'આ તહેવાર માત્ર સ્થાનિક સાંસ્કૃતિક વારસાની માત્ર ઉજવણી નથી, પણ આર્થિક વિકાસને ઉત્તેજન પણ મળે છે' એમ જણાવી નાઈકે ઉમેર્યું હતું કે દહાણુ અને તેની આસપાસનો વિસ્તાર વિકસી રહ્યો છે અને ભવિષ્યમાં એ 'ચોથું મુંબઈ' બની શકે છે. સરકાર આ વિસ્તારના વિકાસ માટે કટિબદ્ધ છે અને તૈયાર થઈ રહેલા વાઢવન બંદરથી સ્થાનિકો માટે રોજગારીની તકો વધશે અને જિલ્લાનો નોંધપાત્ર આર્થિક વિકાસ થશે તેવી અપેક્ષા છે. આ ફેસ્ટિવલમાં સેલ્ફ હેલ્પ ગ્રુપ અને ઉદ્યોગસાહસિકો દ્વારા સંચાલિત સ્ટોલ સહિત કુલ ૨૦૦ સ્ટોલ ઊભા કરવામાં આવ્યા છે.

## પારસી મરણ

ઓસ્તી રોશન કેરશી પંથકી તે એરવદ કેરશી દીનશાહ પંથકીના ધણિયાની. તે મરહુમો દોલતબાનુ તથા પીરોજશાહ પોસ્ટવાલાના દીકરી. તે રૂકશાના કે. પંથકી ને નાઝનીન બરજીશ બથીયાના મમ્મી. તે બરજીસ વાડીયાના સાસુજી. તે પરીન પંડોલ તથા મરહુમ અરનાવઝ પોસ્ટવાલાના બહેન. તે ડારીન બી. વાડીયાના ગ્રેન્ડ મધર. તે મરહુમો ઓસ્તી ગુલમહેર તથા એરવદ દીનશાહ પંથકીના વહુ. (ઉ.વ.૭૨) રે. ઠે. ફ્લેટ નં.એન-૨૦, ગોદરેજ બાગ, ઓફ નેપીયન્સી રોડ, ખંભાલા હીલ, મુંબઇ-૪૦૦૦૨૬. ઉઠમણાંની ક્રિયા તા. ૪-૨-૨૫ના બપોરે ૩.૪૫ કલાકે મુંબઇ ડુંગરવાડી પર ઉપરની ભાભા બંગલી નં.૨માં.

## જૈન મરણ

**દશા શ્રીમાળી સ્થાનકવાસી જૈન**

સ્વ. શ્રી મહેન્દ્રભાઈ ભાનુરાય કોઠારી (ઉં.વ. ૯૦)નું તા. ૧૪ જાન્યુઆરી ૨૫ના રોજ ન્યુ જર્સી ખાતે અવસાન થયેલ છે. શોકાતુર ભાઈ જીતુભાઈ કોઠારી અને પરિવાર. પુત્રીઓ પ્રિતી, મીરા, શેફાલી અને તેમનો પરિવાર. લૌકિક વ્યવહાર બંધ છે.

**ઘોઘારી વિશા શ્રીમાળી જૈન**

રાજપરા (જેસર) નિવાસી હાલ સાયન સ્વ. હીરાબેન ગીરધરલાલ ત્રિભોવનદાસ મહેતાના પુત્ર પ્રબોધભાઇ (ઉં. વ. ૮૨) શનિવાર, તા. ૧-૨-૨૫ના અરિહંતશરણ પામેલ છે. તે જયોત્સનાબેનના પતિ. અમિષ-હેમલ, સંજય-ધરા, સેજલ દીપેશકુમાર, ગૌતમ-કૌશાની, અમિતા મનોજકુમાર, ફાલ્ગુની સંદીપકુમાર, કિંજલ મેહુલકુમારના પિતા. તે સ્વ. જસુમતીબેન, પ્રવીણભાઇ, દીનુબેન સ્વ. ઇન્દુબેન, અનસુયાબેન, મધુબેનના ભાઇ. પાલિતાણા નિવાસી હાલ સુરત સ્વ. હસમુખલાલ ખુશાલચંદ જરીવાલાના જમાઇ. ભાવયાત્રા ગુરુવાર તા. ૬-૨-૨૫ના સવારે ૯.૩૦થી ૧૧.૩૦. ઠે. રવજી જીવરાજ બેન્કવેટ હોલ, એસએનડીટી કોલેજ, રફી અહમદ કિડવાઇ રોડ, માટુંગા (સે.રે.), લૌકિક વ્યવહાર બંધ રાખેલ છે.

## હિન્દુ મરણ

મુળ ગામ કામરેજ હાલ થાણા નિવાસી કિરણ જયંતીલાલ દેસાઇ (ઉં. વ. ૭૩) તે વીણાબેન કિરણ દેસાઇના પતિ. તે સ્વ. ઇંદિરાબેન જયંતીલાલ હીરાલાલ દેસાઇના પુત્ર. તે ભાવનાબેન પંકજકુમાર પરીખના ભાઇ. તે અલ્પના દિપક મહેતા, હેમાલી અજય તન્ના તથા સેજલ જય જુઠાણીના પિતા. તે દિપકભાઇ, અજયભાઇ, જયભાઇના સસરા. સ્વ. ધનકુંવરબેન, સ્વ. ચત્રભુજ સુંદરજી પંચમતીયાના જમાઇ. શનિવાર તા. ૧-૨-૨૫ના શ્રીજીચરણ પામેલ છે. બન્ને પક્ષની પ્રાર્થનાસભા સોમવાર, તા. ૩-૨-૨૫ના ૪.૩૦થી ૬. ઠે. રઘુવંશી હોલ, શ્રી થાણા હાલાઇ લોહાણા મહાજનવાડી, ખારકર આળી, ટી. જે. હાઇસ્કૂલની બાજુમાં, જાંબલી નાકા, થાણા (વે).

**કચ્છ વાગડ લોહાણા**

ગામ વજપાસર હાલે ડોમ્બીવલી નિવાસી ભરતભાઈ (ઉં.વ.૭૨) તે શનિવાર તા. ૦૧.૦૨.૨૫ના રોજ શ્રીજી મહારાજના ધામમાં ગયેલ છે. તે અ.નિ.નર્મદાબેન લીલાધરભાઇ વેલજીભાઈ પોપટના સુપુત્ર. જ્યોતિબેનના પતિ. મિલીંદ, કિરણબેન અતુલભાઇ પુજારા, કિંજલબેન હેમલભાઈ ઠક્કર તથા નિશાબેન ભૂષણભાઈ આચાર્યના પિતા. તે મંજુલાબેન સચદે, જ્યોત્સનાબેન ઠક્કર તથા યોગેશભાઈના ભાઈ. તે ગામ નારાયણ સરોવર કોટેશ્વરના અ.નિ. રાધાબેન કુંવરજીભાઈ ધરમશીભાઈ કતિરાના જમાઈ. તેમની પ્રાર્થનાસભા તા.૦૩.૦૨.૨૦૨૫ સોમવારના સાંજે ૪ થી ૬ શ્રી સ્વામિનારાયણ મંદિર, રાજાજી રોડ, ડોમ્બીવલી (પૂર્વ) (લૌકિક વ્યવહાર બંધ છે).

**ઘોઘારી મોઢ વણીક**

ગામ બોઘરાવદર હાલ ડોમ્બીવલી નિવાસી સ્વ. અમૃતલાલ ભાણજીભાઈ મહેતા તથા સ્વ પુષ્પાબેનના સુપુત્ર દિનેશભાઈ (ઉં.વ.૭૮) તે સ્વ.અંજુબેનના પતિ તે તા.૦૧/ ૦૨/૨૫ ના રોજ શ્રીજી ચરણ પામ્યા છે. તે સ્વ.નટવરલાલ વોરા ના જમાઈ તે ધર્મેશ, કવિતા અને બિનલના પિતા તે સૌ.મિતા,રાજેશ અને પુનિતના સસરા તે ભુપેન્દ્રભાઈ, પ્રવીણભાઈ, હસમુખભાઈ, સ્વ. શારદાબેન, સ્વ. રમાબેન, સ્વ. કંચનબેન અને ગં.સ્વ. લતાબેનના ભાઈ. તેમની ટેલિફોનીક પ્રાર્થનાસભા તા. ૦૩/૦૨/૨૫ ના રોજ સાંજે ૪થી ૬ રાખેલ છે.(લૌકિક વ્યવહાર બંધ રાખેલ છે).

**લુહાર સુથાર**

ગામ વડવિયાળા નિવાસી હાલ કાંદિવલી લાલજીભાઈ રામજીભાઈ ડોડીયાના ધર્મપત્ની સવિતાબેન (ઉં.વ.૮૧) તે ૧/૨/૨૫ના રોજ શ્રીજીશરણ પામેલ છે. તે જીતેન્દ્રભાઈના માતુશ્રી, બચુભાઈ, શાંતિભાઈ, મનસુખભાઇ કાનજીભાઈ મકવાણા સનવાવવાળાના બહેન, સ્વ. ડાહ્યાભાઇ, દુર્લભભાઇ, હસમુખભાઇ, સ્વ. જયાબેન, હીરાબેન, અરૂણાબેન, ચંદ્રિકાબેનના ભાભી, તેમની પ્રાર્થનાસભા ૩/૨/૨૫ ના રોજ ૫ થી ૭ કલાકે લોહાણા મહાજનવાડી, પહેલે માળે, એસ. વી રોડ, શંકર મંદિર પાસે, કાંદિવલી વેસ્ટ.

**સિમ્બર સમવાય ઔદિચ્ય બ્રાહ્મણ જ્ઞાતિ**

રોહીશા હાલ વીરાર વીણાબેન હસમુખભાઈ જોષી (ઉં. વ ૬૬) તા.૩૦/ ૦૧/૨૫ ને ગુરુવારે કૈલાશવાસી પામેલ છે. તે સ્વ. હસમુખભાઇ નંદલાલભાઈ જોશીના પત્ની. સુનીલ અને વિનયના માતા. સ્વ. વેણી શંકર ભાઈ જોષી-ડેડાણના દીકરી, હસમુખભાઈ વેણી શંકર જોષીના બેન. લૌકિક વ્યવહાર બંધ છે.

**કપોળ**

અમરેલીવાળા હાલ બોરીવલી સ્વ. ગોપાલદાસ હરગોવિંદદાસ ગાંધીના ધર્મપત્ની ગં.સ્વ. પુષ્પાબેન, (ઉં.વ. ૮૮), તે અતુલ, દેવેનના માતુશ્રી, રશ્મિ તથા મનિષાના સાસુ, ધ્રુવ, પાર્થ, કૃપાના દાદી, મહુવાવાળા સ્વ. લવજીભાઈ રણછોડદાસ મહેતાના દિકરી, સ્નેહા અને સાગરના મોટાસાસુ, તા. ૩૧-૧-૨૫, શુક્રવારે શ્રીજીચરણ પામ્યા છે. બન્ને પક્ષની પ્રાર્થનાસભા તા. ૪-૨-૨૫ને મંગળવારે સાંજે ૫ થી ૭. પ્રાર્થનાસ્થળ- લોહાણા બાળાશ્રમ હોલ, મથુરાદાસ એક્સ્ટેન્શન રોડ, અતુલ ટાવરની બાજુમાં, કાંદિવલી વેસ્ટ, મુંબઈ.

**હાલાઈ ભાટીયા (વિરજીયાણી)**

અશોકભાઈ સંપટ (ઉ.વ. ૮૧), તે સ્વ. ચંદ્રપ્રભા (ચંદા)ના પતિ, સ્વ. હરજીવન હરિદાસ, સ્વ. નીરૂબેનના પુત્ર, તે અ.સૌ. સ્મિતા સંજીવ ગોંડલિયા તથા અ.સૌ. સ્નેહા રાહુલ આશરના પિતાશ્રી, તે ઉમેશભાઈ, અ.સૌ.ગીતા રણજીત આશર, સ્વ. અજયભાઈના ભાઈ, તે સ્વ. ચંપાબેન ચરણદાસ કંકાલના જમાઈ, તે ગૌરીબેન તથા દીનાના જેઠ. તા. ૧-૨-૨૫ શનિવારના શ્રીજીચરણ પામ્યા છે. પ્રાર્થનાસભા તા. ૩-૨-૨૫ સોમવારે જુની હાલાઈ ભાટીયા મહાજન વાડી, કાલબાદેવી રોડ, ૫ થી ૬.૩૦ મધ્યે રાખેલ છે. લૌકિક વ્યવહાર બંધ છે.

**હાલાઇ લોહાણા**

ગામ ભાણવડ હાલ બોરીવલી ભારતીબેન કિશોરભાઇ કોટેચાના સુપુત્ર કૃણાલભાઇ (ઉં. વ. ૪૦) તે અમૃતાબહેનના પતિ. પૂર્વશના પિતાશ્રી. જીગરભાઇના મોટાભાઇ. અંકિતાબેનના જેઠ. સ્મિતાબેન સુબોધભાઇ કોટકરના જમાઇ. શનિવાર, તા. ૧-૨-૨૫ના શ્રીજીચરણ પામેલ છે. પ્રાર્થનાસભા સોમવાર, તા. ૩-૨-૨૫ના સાંજે ૫થી ૭. ઠે. હાલાઇ લોહાણા મહાજનવાડી, એસ. વી. રોડ, કાંદિવલી (વેસ્ટ), મુંબઇ-૬૭, લૌકિક વ્યવહાર બંધ રાખેલ છે.

**સિહોર સંપ્રદાય ઔદિચ્ય અગિયારસે બ્રાહ્મણ**

ગામ ઘાંઘળીના સ્વ. ગિરજાબેન પ્રાણજીવન ત્રિવેદીના પુત્રવધૂ ગં. સ્વ. અનિલાબેન (ઉં. વ. ૯૯) તે સ્વ. ઇન્દુપ્રસાદના ધર્મપત્ની. અ. સૌ. જયોત્સનાબેન, દિલીપભાઇના માતાજી. રમેશભાઇ પંડયા તથા અ. સૌ. રેખાબેનના સાસુ. ચિ. નિરજ, ચિ. અસ્મિતના દાદી. સિહોરના સ્વ. જયાબેન શાંતિલાલ જાનીના દીકરી. તા. ૨૭-૧-૨૫ના સોમવારનાં લંડન મુકામે કૈલાસવાસી થયા છે.

**હાલાઇ લોહાણા**

મુળ ગામ પોરબંદર હાલ દહીંસર રશ્મીબેન ઠક્કર (સોનપાલ) (ઉં. વ. ૭૯) તે રમેશચંદ્રના ધર્મપત્ની. તે વંદ્રાવનદાસ ધરમશી કોટડિયાની દિકરી. તે અમીતા, સૌરભના મમ્મી. તે પરેશકુમાર, આરતીના સાસુ. હર્ષીત, પ્રીસાના દાદી. તા. ૨-૨-૨૫ના રવિવારના શ્રીજીચરણ પામેલ છે. લૌકિક વ્યવહાર રાખેલ નથી.

### બીએમસીનું મુંબઈના નવ લાખ ઘરમાં કૃષ્ઠરોગ શોધ અભિયાન

# કૃષ્ઠરોગ શોધ અભિયાન હેઠળ ૪૯ લાખ નાગરિકોની તપાસ થશે

(અમારા પ્રતિનિધિ તરફથી)

મુંબઈ: નરાષ્ટ્રીય કુષ્ઠરોગ નિર્મુલન કાર્યક્રમથ અંતર્ગત ૨૦૩૦ સુધી દેશમાંથી કૃષ્ઠરોગને સંપૂર્ણપણે નિર્મૂલન કરવાનો ઉદ્દેશ્ય રાખવામાં આવ્યો છે, જે અંતર્ગત મુંબઈ મહાનગરપાલિકા દ્વારા મુંબઈમાં ૩૧ જાન્યુઆરીથી ૧૫ ફેબ્રુઆરી, ૨૦૨૫ સુધી વિશેષ ઝુંબેશ હાથ ધરવામાં આવવાની છે. અભિયાન હેઠળ કુષ્ઠરોગને ફેલાતો રોકવા પાલિકાના સાર્વજનિક આરોગ્ય ખાતા દ્વારા નવ લાખ ૮૯ હજાર ઘરમાં અંદાજિત ૪૯ લાખ નાગરિકોની તપાસ કરવામાં આવવાની છે.

પાલિકાના સાર્વજનિક વિભાગના અધિકારીના જણાવ્યા મુજબ અભિયાન દરમ્યાન કુષ્ઠરોગના નવા દર્દીને નજીકના પરિસરમાં સારવાર ઉપલબ્ધ કરી આપવામાં આવશે. આ અભિયાન હેઠળ આરોગ્ય કર્મચારી ઘર:ઘરમાં ફરીને કુષ્ઠરોગ સંબંધી નાગરિકોની તપાસ કરશે અને નવા દર્દી શોધશે. આ અભિયાન માટે ૨,૮૦૭ ટીમ તૈયાર કરવામાં આવી છે. દરેક ટીમમાં એક મહિલા આરોગ્ય સ્વયંસેવિકા અને સ્વયંસેવકનો સમાવેશ રહેશે. આ ટીમ મારફત કુલ ૯ લાખ ૮૯ હજાર ઘરમાં અંદાજિત ૪૯ લાખની તપાસ કરવામાં આવશે. કુષ્ઠરોગમાં દર્દી ત્વચા પર ચટ્ટા પડી જાય છે. આંખની ભ્રમરના વાળ ખરી જાય છે. પગન તળિયા પર ખાલી ચઢવી, બહેરાશપણું આવવું, હાથ અને પગના આંગળા વાંકા વળી જવા, જખમો પડવા, હાથ અને પગમાં અશિક્ત આવવી જેવા લક્ષણો છે. કૃષ્ઠરોગ બે પ્રકારના હોય છે, જે પૂર્ણ રીતે સાજો થઈ શકે છે. દવાનો કોર્સ છ મહિનાથી લઈને એક વર્ષ સુધીનો હોય છે. કુષ્ઠરોગના લક્ષણો જણાય તો તેનાથી ડરવાને બદલે હૉસ્પિટલો સંપર્ક કરવાની અપીલ પણ પાલિકા દ્વારા કરવામાં આવી છે.

# મહાયુતિના મોટા ભાગના પ્રધાનો દાગી: નાના પટોલે

મુંબઈ: મહારાષ્ટ્ર કૉંગ્રેસના અધ્યક્ષ નાના પટોલેએ શુક્રવારે એવો આરોપ લગાવ્યો હતો કે રાજ્યની મહાયુતિ સરકારના ૬૫ ટકા પ્રધાનો દાગી છે.

મોટા ભાગના પ્રધાનોએ ગયા મહિને શપથ ગ્રહણ કર્યા હોવા છતાં હજી સુધી તેમનું કામ ચાલુ કર્યું નથી, એમ તેમણે પત્રકારોને નાગપુરમાં કહ્યું હતું. ૬૫ ટકા પ્રધાનો દાગી છે એવો આરોપ તેમણે લગાવ્યો હતો, પરંતુ આની વિગતો આપી નહોતી.

સોયાબીન, કપાસ, કાંદા અને દુગ્ધ વ્યવસાય સાથે સંકળાયેલા ખેડૂતો હતાશામાં છે અને રાજ્યમાં બેરોજગારી ચરમસીમા પર છે, એવો આરોપ કરતાં તેણે જણાવ્યું હતું કે રાજ્યની ભાજપ-શિવસેના-એનસીપીની સરકાર આ લોકોની સમસ્યા પ્રત્યે ઉદાસીન છે.

પુણેના કૉંગ્રેસના ભૂતપૂર્વ વિધાનસભ્ય રવીન્દ્ર ધંગેકર અને અન્ય પાર્ટીના નેતાઓ એકનાથ શિંદેના નેતૃત્વ હેઠળની શિવસેનામાં જોડાવાના છે એવા અહેવાલો અંગે પૂછવામાં આવતાં તેમણે કહ્યું હતું કે કેટલાક લોકો માટે રાજકારણ વ્યવસાય છે અને તેઓ જ્યાં સત્તા હોય ત્યાં જ જતા હોય છે, પરંતુ જનતા અમારી સાથે છે.

અહીં નોંધનીય છે કે ધંગેકરને જ્યારે એકનાથ શિંદે સાથેની તેમની દિવસના સવારના ભાગમાં થયેલી મુલાકાત અંગે પુછવામાં આવ્યું ત્યારે તેમણે નકારી કાઢ્યું હતું કે તેઓ કૉંગ્રેસ છોડવાના છે. તેમણે એવી સ્પષ્ટતા કરી હતી કે તેમના ભૂતપૂર્વ મતદારસંઘના કેટલાક કામ માટે તેઓ શિંદેને મળ્યા હતા.

અહીં ઉલ્લેખનીય છે કે, પટોલેને ભૂતપૂર્વ વિધાનસભ્ય સાથે બનતું નથી.

અન્ય એક સવાલના જવાબમાં તેમણે કહ્યું હતું કે ચૂંટણી પંચની કામગીરી પારદર્શક નહોતી.

કૉંગ્રેસના નેતાએ રાજ્યમાં લાડકી બહેન યોજનાના અમલ અંગે પણ ટીકા કરી હતી.

અન્ય રાજ્યોમાં રહેતી અને કેટલીક બાંગ્લાદેશી નાગરિકને પણ બનાવટી દસ્તાવેજોને આધારે આ યોજનાનો લાભ મળ્યો છે, એવો દાવો તેમણે કર્યો હતો. (પીટીઆઈ)

## છેલ્લા પાનાનું ચાલુ

### હાફકિન ઈન્સ્ટિટ્યૂટને

ઝિરવાલે કહ્યું કે સરકારની વ્યાપક હેલ્થકેર વ્યૂહરચનામાં સંસ્થાને મજબૂત બનાવવાનો પ્રયાસ સામેલ છે. સરકાર હાફકિનને સંશોધન અને તાલીમ કેન્દ્ર બનાવવા પર ધ્યાન કેન્દ્રિત કરવા માગે છે.

પ્રધાને કહ્યું કે સરકાર જાહેર આરોગ્ય અને રસીના વિકાસમાં તેના યોગદાનને જાળવી રાખીને લાંબા ગાળાની ટકાઉ સંસ્થાનું સ્થાન આપવાનું લક્ષ્ય રાખે છે. (પીટીઆઈ)

### મહારાષ્ટ્ર સરકારની

મિલોને શેર મૂડી સહાય પૂરી પાડી હતી. જોકે, માત્ર રૂ. ૩૭.૭ કરોડ રાજ્યને પરત કરવામાં આવ્યા હતા. સ્પિનિંગ મિલો પાસે રૂ. ૩,૩૯૬.૫ કરોડના લેણાં હજુ બાકી છે. નાણા વિભાગે જણાવ્યું હતું કે રાજ્યએ ભૂતકાળની લેણી વસૂલાત કર્યા વિના સહકારી સ્પિનિંગ મિલોને કોઈ નવી નાણાકીય સહાય મંજૂર કરવી જોઈએ નહીં. મિલને અનોટીફાઇડ આદિવાસીઓ માટે ઉપલબ્ધ યોજના અનુસાર સહાય આપવામાં આવી છે કારણ કે તે ધનગર સમુદાયની છે.

રાજ્યએ રૂ. ૮૦.૯ કરોડના પ્રોજેક્ટ ખર્ચને મંજૂરી આપી છે. તેમાંથી રાજ્યની શેર મૂડી ૪૫% (રૂ. ૩૬.૪% કરોડ) છે અને રાજ્ય તરફથી લાંબા ગાળાની લોન ૫૦% (રૂ. ૪૦.૪ કરોડ) છે. જો કે, રાજ્યએ તેના શેર મૂડી યોગદાન માટે કડક શરતો રજૂ કરી છે. મિલના વર્તમાન બોર્ડ ઓફ ડિરેક્ટર્સે આગામી ૩ મહિનામાં વિતરિત રકમના ૫% જેટલી વ્યક્તિગત સંપત્તિની સુરક્ષા સબમિટ કરવી આવશ્યક છે.

જ્યાં સુધી આ સુરક્ષા પ્રાપ્ત ન થાય ત્યાં સુધી, વિતરિત રકમનો ખર્ચ કરી શકાતો નથી, ન તો મંજૂર રકમ પર ઓવરડ્રાફ્ટ ડ્રો કરી શકાય છે.

નવા બોર્ડ ઓફ ડિરેક્ટર્સ અસ્તિત્વમાં આવવા માટે, તેઓએ સરકારી શેર મૂડીના ૫% જેટલી વ્યક્તિગત સંપત્તિની સુરક્ષા જમા કરાવવી પડશે. રાજ્ય પહેલેથી જ આર્થિક સંકડામણનો સામનો કરી રહ્યું છે. ૨૦૨૪-૨૫ માટે તેનું દેવું અનુમાન રૂ. ૭.૮ લાખ કરોડ હતું. સરકારે મુખ્ય મંત્રી મારી લડકી બહિન યોજના સહિત ચૂંટણી પૂર્વ કલ્યાણ યોજનાઓને નાણાં પૂરાં પાડવા માટે રૂ. ૧.૩ લાખ કરોડની વધારાની પૂરક માંગણીઓ પણ રજૂ કરી હતી.

### બંને શિવસેના

નથી કે તેઓ એકત્ર ન આવી શકે.'

'શિવસૈનિકોને બે શિવસેના હોય આ પસંદ નથી' એવું જણાવી શિરસાટે ઉમેર્યું હતું કે ઠાકરે જૂથના નેતાઓ અને પદાધિકારીઓ મળે છે ત્યારે કોઈ આ પક્ષમાં તો કોઈ બીજા પક્ષમાં એ હકીકત બંને પક્ષને આકરી લાગે છે. પણ શું થઈ શકે? સત્તા મેળવવાની મથામણનું આ પરિણામ હતું.' તક મળશે તો નાયબ મુખ્ય પ્રધાન એકનાથ શિંદે અને ઉદ્ધવ ઠાકરેને સાથે લાવવાનો પ્રયાસ કરશે એમ પણ શિરસાટે કહ્યું હતું.

ઠાકરે સેનાના વરિષ્ઠ નેતા ચંદ્રકાંત ખૈરેએ આ અંગે ટિપ્પણી કરી છે. થોડા દિવસ પહેલા જ ચંદ્રકાંત ખૈર દ્વારા લોકસભા ચૂંટણી માટે આપવામાં આવેલી ઓફર વિશે દાવા કરવામાં આવ્યા હતા. હવે ચંદ્રકાંત ખૈરેએ સંજય શિરસાટને ઓફર કરી છે. ભાજપે એકનાથ શિંદેને અલગ પાડવાનો પ્રયાસ શરૂ કરી દીધો છે. એ ડરના કારણે જ સંજય શિરસાટે ગૂંગલી નાખી છે કે બંને શિવસેનાએ સાથે આવવું જોઈએ.

'દરમિયાન ખૈરેએ કહ્યું કે' મને ભાજપ તરફથી રાજ્યપાલ પદ અને શિવસેનાના સંસદ સભ્ય પદની ઓફર કરવામાં આવી હતી.

### ફડણવીસ - શિંદેના

ગયા વર્ષે યોજાયેલી વિધાનસભાની ચૂંટણીમાં ભાજપ, શિંદેની શિવસેના અને અજિત પવારના નેતૃત્વ હેઠળની એનસીપીની બનેલી મહાયુતિએ રાજ્યની ૨૮૮માંથી ૨૩૦ બેઠક જીતી હતી.

રાઉતના જણાવ્યા અનુસાર, સરકારમાં શિંદેની ભૂમિકા નોંધપાત્ર રીતે ઘટી ગઈ છે. તેઓ ઘણી વાર પ્રધાનમંડળની નિર્ણાયક બેઠકોમાં ગેરહાજર રહે છે અને જ્યારે હાજરી આપે છે ત્યારે મોડા પડે છે. તેમણે દાવો કર્યો હતો કે '૩૦ જાન્યુઆરીએ વર્લ્ડ ટ્રેડ સેન્ટરમાં જિલ્લા આયોજન સમિતિની બેઠક માટે અઢી કલાક મોડા પહોંચ્યા હતા.'

રાઉતે આરોપ લગાવ્યો હતો કે ભાજપના નેતૃત્વએ દગો કર્યો હોવાનું શિંદે માને છે. શિવસેનાના એક વરિષ્ઠ વિધાનસભ્યને ટાંકી રાઉતે દાવો કર્યો હતો કે કેન્દ્રીય ગૃહ પ્રધાન અમિત શાહે શિંદેને ખાતરી આપી હતી કે ૨૦૨૪ની વિધાનસભાની ચૂંટણી તેમના નેતૃત્વ હેઠળ લડવામાં આવશે અને તેમને જ ફરી મુખ્ય પ્રધાન બનાવવામાં આવશે.

સંજય રાઉત કૉંગ્રેસમાં જોડાવા ઉત્સુક: મહારાષ્ટ્રના પ્રધાનનો દાવો

મુંબઈ: શિવસેના (યુબીટી)ના મુખ્ય નેતા સંજય રાઉત કૉંગ્રેસમાં જોડાવા માટે દિલ્હીમાં એક નેતા સાથે વાટાઘાટો કરી રહ્યા હોવાનો દાવો મહારાષ્ટ્રના પ્રધાન અને ભાજપના વિધાનસભ્ય નિતેશ રાણેએ રવિવારે દાવો કર્યો હતો.

રાઉતની રાજ્યસભાની મુદત પૂરી થઈ રહી છે અને ઉદ્ધવ ઠાકરેની આગેવાની હેઠળની પાર્ટી પાસે એટલા વિધાનસભ્યો નથી કે તેઓ બીજી મુદત માટે રાઉતની જીત સુનિશ્ચિત કરી શકે એ વાત પર રાણેએ ધ્યાન દોર્યું હતું. ગયા વર્ષે નવેમ્બરમાં યોજાયેલ ચૂંટણીમાં ૨૮૮ સભ્યની મહારાષ્ટ્ર વિધાનસભામાં શિવસેના (યુબીટી)એ માત્ર ૨૦ બેઠક જીતી હતી.

રાણેએ સંવાદદાતાઓ સાથેની વાતચીતમાં એમ પણ જણાવ્યું હતું કે પોતે શિવસેના (યુબીટી)માં કેટલો સમય ટકી રહેવાના છે એ વિશે રાઉતે સામનામાં (ઉદ્ધવ ઠાકરેની આગેવાની હેઠળની પાર્ટીના મુખપત્ર)માં સ્પષ્ટતા કરવી જોઈએ. સિવાય કૉંગ્રેસમાં જોડાવા માટે દિલ્હીમાં જે નેતા સાથે વાતચીત કરી રહ્યા છે તેના વિશે જણાવી આ મુદ્દે નિવેદન આપવું જોઈએ.'

વારંવાર પ્રયત્નો કરવા છતાં ટિપ્પણી માટે રાઉતનો સંપર્ક નહોતો થઈ શક્યો. (પીટીઆઈ)

### એકીકરણના

શિરસાટે જ આ નિવેદન પર સ્પષ્ટતા કરી છે.

સંજય શિરસાટનું કહેવું હતું કે 'મારા નિવેદનનું જુદું અર્થઘટન કરવામાં આવ્યું હતું. અમારો મત હતો કે શિવસેનાના ભાગલા ન પડવા જોઈએ. હું બંને સેનાને એકત્ર કરવાની કોશિશ કરી રહ્યો હતો એવું માની લેવા માટે કોઈ કારણ નથી. આવી વાતો કરવાવાળો હું કોણ? હું અલગ રીતે પ્રયત્નો કરીશ એવું માની લેવાની જરૂર નથી. ઉદ્ધવ ઠાકરે સત્તાની લાલચમાં કોંગ્રેસ અને એનસીપી સાથે ગયા હતા. એકનાથ શિંદેએ સત્તા મેળવવા શિવસેના સાથે છેડો નહોતો ફાડ્યો. ઉદ્ધવ કોંગ્રેસ અને એનસીપી સાથે ગયા હોવાથી તેઓ નારાજ થયા હતા.'

### ધનંજય મુંડેને

નહીં કરીએ. ભગવાનગઢની બેઠક પરથી, હું તમને વચન આપું છું. તેમણે ઉમેર્યું હતું કે, ભગવાનગઢ સંતોષ દેશમુખ અને તેના પરિવાર સાથે ઊભો રહેશે. શાસ્ત્રીએ હત્યા કરાયેલા સરપંચના ભાઈ ધનંજય દેશમુખ અને પરિવારના અન્ય સભ્યો સાથે મુલાકાત બાદ આ નિવેદન આપ્યું હતું.

બીડ અને અહિલ્યાનગર જિલ્લાની સરહદ પર આવેલું ભગવાનગઢ મુંડેના વણજારી સમુદાયનું ધાર્મિક સ્થળ છે. શાસ્ત્રીએ કહ્યું કે દેશમુખ પરિવાર હંમેશા ભગવાન બાબાનું સન્માન કરે છે અને તેમના ગામમાં સંવાદિતા જાળવી રાખે છે. વિપક્ષે ધનંજય મુંડેના ખંડણી કેસના આરોપી વાલ્મિક કરાડ સાથેના સંબંધો બદલ રાજીનામાની માગ કરી છે.

ધનંજય દેશમુખે પત્રકારોને જણાવ્યું હતું કે હત્યાને જાતિની નજરથી ન જોવી જોઈએ. તેમણે દાવો કર્યો હતો કે દેશમુખ પરિવાર ક્યારેય જાતિ આધારિત રાજકારણમાં જોડાયો નથી અને તેમના ભાઈએ દલિત માણસને બચાવવાના પ્રયાસમાં જીવ ગુમાવ્યો હતો. ૧૫ વર્ષથી સરપંચ રહેલા સંતોષની કોઈ ગુનાહિત પૃષ્ઠભૂમિ નથી. પરંતુ આરોપીઓ સામે અનેક કેસ નોંધાયેલા છે, એમ તેમણે કહ્યું હતું. તેમણે કહ્યું કે જનપ્રતિનિધિઓને જ્ઞાતિવાદી લેબલ આપવાથી તેઓને ન્યાય મેળવવામાં મુશ્કેલી ઊભી થશે.

નોંધનીય છે કે ધનંજય મુંડેએ તાજેતરમાં ભગવાનગઢની મુલાકાત લીધી હતી અને શાસ્ત્રીને મળ્યા હતા, જેમણે પ્રેસ કોન્ફરન્સ કરીને દાવો કર્યો હતો કે મુંડેને નિશાન બનાવવામાં આવ્યા હતા. પીટીઆઈ

### મહારાષ્ટ્રમાં એઆઈ

ગ્રૂપ, અને એલ એન્ડ ટી જેવી સંસ્થાઓના પ્રતિનિધિઓ અને ભારત સરકારના ઈલેક્ટ્રોનિક્સ અને ઈન્ફોર્મેશન ટેક્નોલોજી મંત્રાલયના અધિકારીઓનો સમાવેશ થાય છે. રાજીવ ગાંધી સાયન્સ એન્ડ ટેક્નોલોજી કમિશન અને ડેટા સિક્યુરિટી કાઉન્સિલ ઓફ ઈન્ડિયાના નિષ્ણાતો પણ ટાસ્ક ફોર્સનો ભાગ છે.

ટાસ્ક ફોર્સ કૌશલ્ય વિકાસ, તકનિકી નવીનતા અને નીતિ ઘડતર પર પણ ધ્યાન કેન્દ્રિત કરશે. તેનો હેતુ મહારાષ્ટ્રને એઆઈ શિક્ષણ અને નવીનતા માટેનું કેન્દ્ર બનાવવાનો છે, એમ શેલારે જણાવ્યું હતું. તેમણે એમ પણ ઉમેર્યું હતું કે, આ પહેલ ભાજપના ચૂંટણી ઢંઢેરાને અનુરૂપ છે.

તેમણે ભાર મુક્યો હતો કે, એઆઈ યુનિવર્સિટી શ્રેષ્ઠતાનું કેન્દ્ર બનશે, જે ઉદ્યોગ, શિક્ષણ અને સરકાર વચ્ચે સહયોગને પ્રોત્સાહન આપશે. આ પહેલ મહારાષ્ટ્રને એઆઈમાં વૈશ્વિક લીડર તરીકે સ્થાન આપશે એટલું જ નહીં પરંતુ ભારતની તકનિકી પ્રગતિમાં પણ યોગદાન આપશે.

ટાસ્ક ફોર્સે બે બેઠકો યોજી છે અને યુનિવર્સિટીની સ્થાપના માટેના રોડમેપને અંતિમ સ્વરૂપ આપવા પર કામ કરી રહી છે. સરકારનો નિર્ણય મહારાષ્ટ્રને ટેક્નોલોજી અને ઈનોવેશન માટે હબ બનાવવા પર તેનું ધ્યાન દર્શાવે છે, એમ રાજ્યના પ્રધાને જણાવ્યું હતું. (પીટીઆઈ)

| મરણ ખબર માટેની સૂચના | મૃત્યુનોંધ સાંજે ૭-30 સુધી જ સ્વીકારવામાં આવશે | (૧) મરનારનું નામ (૨) તારીખ (૩) ઉંમર (૪) ક્યાં ગુજરી ગયા છે એ જગ્યા (૫) માતાનું નામ (૬) પિતાનું નામ (૭) ગમે તે ત્રણ સગાઈ (૮) પ્રાર્થનાસભા સ્થળ, તારીખ, સમય. મૃત્યુનોંધ આપનારે ઉપર જણાવ્યા મુજબની વિગતો જ પોતાના લેટરહેડ પર લખીને આપવાની રહેશે. સગાઈરૂપે લખાયેલાં વધારાના નામોની કાપકૂપ થાય તો એ માટે કોઈ સંવાદને સ્થાન રહેશે નહીં. (૫૦ શબ્દથી વધારે નહીં). - વ્યવસ્થાપક |
|---|---|---|

# ધર્મતેજ

# કળિયુગ જે હોય તે પણ આ કાળ ને આ કુંભનું પર્વ ખૂબ પવિત્ર છે, એમાં હરિ ભજો





## માનસ મંથન

મોરારિબાપુ
feedback@bombaysamachar.com

ભારત સનાતન છે. આ ત્રિભુવનીય મહાકુંભ છે. આ સ્વીકારનો, સમન્વયનો અને સેતુબંધનો કુંભ છે. મહાકુંભના આરંભે ઈઝરાયલ-ગાઝા વચ્ચે યુદ્ધવિરામ થઈ રહ્યો છે તેની પાછળ ભારતના કોઈ ભજનાનંદી બુદ્ધપુરુષની ચેતના કામ કરે છે. ભજનાનંદી બુદ્ધપુરુષનો અવાજ ઈશ્વરે સાંભળ્યો છે. યુદ્ધવિરામ એ શુભ શુકન છે. આ કુંભની અસરો બહુ વ્યાપક થવાની છે. ૧૪૪ વર્ષો પછી આવો યોગ રચાયો છે. આખી દુનિયામાં સંગ્રામ ચાલી રહ્યો છે એવે સમયે સંગમાં રચાઈ જાય તો કેવું સારું? 'રામચરિતમાનસ' પણ પૂર્ણ કુંભ છે. બાપ! આ કાળમાં જે હરિ નથી ભજતો એ સૂતેલો છે. અયોધ્યાકાંડમાં ભગવાન વસિષ્ઠજીનાં વચન છે-

सोपनीय सबहीं बिधि सोई । जो न छाडि छलु हरि जन होई ।।

આવો સુંદર અવસર મળ્યા પછી પણ જે હરિ ભજતો નથી, એ જાગૃત નથી, સૂતેલો છે. આ બધા સુંદર અવસર છે, મોકો મળ્યો છે હરિ ભજવાનો.

तारी सांसे गिनी जा रही है,
बहोत सोच समजकर रहना ।

કળિયુગ જે હોય તે, આ કાળ, આ મહિનો, કુંભનો પર્વ, જેમાં આપણે હરિચર્ચા કરી રહ્યા છીએ, આ કાળ ખૂબ પવિત્ર છે, છતાં જે હરિ ન ભજે એ સૂતેલો છે. જે ભજશે એને રાખશે,

ये यथा मां प्रपद्यन्ते तांस्तथैव भजाम्यहम् ।

મારો કોઈ આગ્રહ નથી, જ્યાં તમારી નિષ્ઠા હોય; શિવ, રામ, કૃષ્ણ, એને ખૂબ ભજજો. ભજનાનંદી પુરુષો, ગુરુઆશ્રિતો સાધકો કે જેમને કોઈ ને કોઈ સાધન પર ભજન કરવું છે, એમના માટે મારા અનુભવ મુજબ અને મારી દ્રષ્ટિએ કેટલાંક સૂત્રો નિતાંત જરૂરી છે. એક, ભજન કરનારાઓમાં વિવેક હોવો જ જોઈએ. અવિવેકી વ્યક્તિ લાખ ભજન કરે તો પણ, એમના ભજનમાં અહંકારને પ્રવેશવાની એક નાની એક ખડકી ખૂલી જાય છે. સાવધાન, વિવેક બહુ જ જરૂરી છે. વિવેક બહુ મોટી સુરક્ષા છે. તમે માળા કરતાં હો અને તમારા ઘેર કોઈ બાળક આવે, તમારી સામે ઊભું રહે, હસે અને એ વખતે તમે એની સામે જોયા વિના માળા જ ફેરવતા રહો, તો તમારું ભજન તો થઈ રહ્યું છે, પરંતુ તમે વિવેક ચૂકી રહ્યા છો ! પ્લીઝ, નાનાં નાનાં બાળકોને જોઇને ભૂલ ન કરો. પડોશીનું બાળક તમારા ઈષ્ટદેવનું રૂપ લઈને તો નથી આવ્યું ને, એનો કેવી રીતે નિર્ણય કરશો ?

મારાં ભાઈ-બહેનો, તમે જપ કરો, ભજન કરો, પરંતુ કોઈ બાળક આવું કંઈક બોલે ત્યારે એની ઉપેક્ષા ન થઈ જાય એનું ધ્યાન રાખો. એ અવિવેક છે. દરેક ઘરમાં પરમાત્મા આવા મોકા આપે છે. ભગવાન લાડુનો પ્રસાદ નથી આપતા, લાડુનો પ્રસાદ તો મંદિરોમાં પૂજારી આપે છે. તો, વિવેક બહુ જ જરૂરી છે. કેવળ ભજન કરનારાઓને આ હું કહી રહ્યો છું.

મારી સમજ મુજબ બીજી વસ્તુ, ભજન કરનારાઓએ વિશ્વાસ બહુ જ રાખવો પડે છે. 'માનસ'માં તો લખ્યું છે, 'बिनु बिस्वास भगति नहिं ।' શબરી સાથે જ્યારે વાત થઈ ત્યારે શબરીએ કહ્યું, 'मंत्र जाप मम दढ बिस्वासा।'

વિશ્વાસ બહુ જ રાખવો પડે છે. મેં કાલે કહ્યું ને કે, જે સહે છે એ જ જીતે છે. વિશ્વાસ રાખીને સહેવું પડશે. ભજનને અક્ષુણ્ણ રાખવા માટે ત્રીજી વસ્તુ જરૂરી છે, બીજાની ક્રિયા અને પ્રતિક્રિયામાં પોતાનો સમય ન બગાડવો. એ કેવી ક્રિયા કરે છે અથવા તો મારી ક્રિયાની કેવી પ્રતિક્રિયા આપે છે, એ બંનેમાં અકારણ આપણો સમય બરબાદ ન કરીએ એ અધ્યાત્મજગતને માટે બહુ જ જરૂરી છે. નહીંતર ભજનનો રસ ખતમ થવા માંડે છે. હું ક્યારેક ક્યારેક એવું વિચારું છું, પછી ગ્લાનિ થાય છે કે હું એમાં શું કામ પડ્યો? તો, કોઈની ક્રિયા-પ્રતિક્રિયામાં આપણે આપણો સમય ન બગાડીએ.

ક્રિયા-પ્રતિક્રિયા બહુ ધ્યાનમાં ન લેવી; અને આખરી સૂત્ર, સત્ય. ભગવાન કૃષ્ણ પાસે કેવળ જીભનું સત્ય ન હતું, પરિપૂર્ણ જીવનનું સત્ય હતું. એમનું સમગ્ર જીવન સત્ય છે. માણસની પરિસ્થિતિ ક્યારેક એવી હોય છે કે, માણસ ભીતરથી પૂર્ણ સત્યનો ઉપાસક હોવા છતાં પણ એને ક્યારેક ને ક્યારેક પીડા સાથે પણ જીભથી અસત્ય ઉચ્ચારણ કરવું પડે છે. અસત્ય બોલવા માટેનું માણસનું એક કારણ હોય છે એની મજબૂરી. આ આપણા સૌના અનુભવ છે. બીજું કારણ હોય છે ધર્મની કટ્ટરતા. ધર્મનું દબાણ. પછી કોઈ એને નામ આપી દે છે ધર્મસંકટ. ત્રીજું પ્રમાણ મારી પાસે છે, મગરૂરી. અહંકાર અસત્ય બોલાવે છે. ચોથું, મશ્કરીમાં પણ લોકો ખોટું બોલે છે. અને કેટલાક લોકોની પ્રવૃત્તિ જ એવી હોય છે કે નિરંતર ખોટું બોલે છે! અહીં આપણી વાત ચાલી રહી છે સત્યની. ભજનની રુચિ અખંડ રાખવા માગતા હો તો, શક્ય હોય ત્યાં સુધી સત્યને જીવનનો સચિવ બનાવો, જે આપણને ગાઈડ કરે. સત્યનું તો આખું શાસ્ત્ર છે.

બધા પ્રવાહો એની તરફ જાય છે, તેથી જેમાં મતિ, જેમાં પ્રીતિ, જેમ રતિ, ત્રણે જ્યાં લાગે, એને આ કાળમાં ખૂબ ભજો. જે ભજન નથી કરતો એ સૂતેલો છે. ફરી એકવાર કહું કે, રાગ અને દ્વેષ પણ છે અને તમે ભજન કરો તો ફળ મળશે પણ રસ નહીં મળે. પ્રજ્ઞાચક્ષુ શરણાનંદજીને કોઈએ પૂછ્યું કે રાતે શું કરવું જોઈએ ? પોતાના ઢંગથી કહેતા, આમ તો વાત બધા એક જ કહેતા હોય છે. એ કહેતા કે જ્યારે તમને એમ લાગે કે હવે સૂઈ જ જવાનું છે, ત્યારે ભગવાનનું ધ્યાન, સુમિરન પણ નહીં કરતાં, કોઈ પાઠ, પારાયણ નહીં કરતાં. એવે સમયે, તું જ્યારે જાગ્યો હતો, ત્યારથી માંડી હવે સૂઈ જઈ રહ્યો છે, એ વખતનાં બધા કર્મોનો હિસાબ માંડ.

આ જ કર્મના હિસાબ પર તારું પ્રભાત ઊગશે, તારા માટે નવી સવાર થશે. જીવનની સાર્થકતા ત્યારે છે જ્યારે આપણે સાધના કરીએ. વિશ્વશાંતિ માટે મારી પ્રાર્થના છે કે બધાં સાધના કરે. ભગવાનની પરમ કૃપાથી આ કુંભના મહાપર્વ નિમિત્તે મા ભાગીરથી ગંગાના તટ પર આપણે રામકથાના સત્સંગ માટે ભેગાં થયાં છીએ. વિશ્વનું આ સૌથી મોટું આધ્યાત્મિક મિલન, વ્યકત અને અવ્યકત, કેટલા સાધુ, સંત, દેવતાઓ,ન જાણે અહીં ઘૂમતાં હશે. કુંભકર્ણના જીવનમાં નારદજીના,સંતોના વચનામૃતો આવ્યાં અને એ જાગી ગયો. તેવી રીતે આ કુંભના પર્વ પર આપણા કર્ણ કુંભ જાગી જાય તો કંઈક વાત બને

– સંકલન : જયદેવ માંકડ ■

## મનન

# સેવા કરી પ્રશ્ન પૂછવા જોઈએ

હેમંત વાળા
feedback@bombaysamachar.com



પરિપ્રશ્નેન સેવયા - ગીતાનું આ કથન છે. કોઈપણને પ્રશ્ન પૂછવાનો અધિકાર આમ જ નથી મળી જતો. સમાજના વ્યવહારમાં વ્યવહારિક પ્રશ્નો માતા-પિતા, વડીલ કે શિક્ષકને પૂછી શકાય. વ્યક્તિનો આ અધિકાર પણ છે. આનાથી સમાજને ફાયદો પણ છે. આનાથી વ્યક્તિનું ઘડતર થઈ શકે અને સમાજ પણ સુ-ઘડીત થાય. સમાજની દરેક વ્યક્તિનો એ અધિકાર છે એ પ્રશ્ન પૂછી શકે, અને સાથે સાથે એ તેનું ઉત્તરદાયિત્વ છે કે અન્ય દ્વારા પુછાયેલા પ્રશ્નોનો જવાબ આપે. આધ્યાત્મના ક્ષેત્રમાં આવો અધિકાર પણ નથી અને આવું ઉત્તરદાયિત્વ પણ નથી. અધિકાર મેળવવો પડે અને ઉત્તરદાયિત્વ નિભાવવું પડે. વ્યક્તિ જ્યારે યોગ્યતા ધારણ કરે ત્યારે, તે વ્યક્તિ મટી શિષ્ય બને અને જ્યારે વ્યક્તિ ઉત્તરદાયિત્વ નિભાવવા તૈયાર હોય ત્યારે, તે વ્યક્તિ મટી મહાત્મા બને, ગુરુદેવ બને. તે માટે પણ લાયકાત જરૂરી છે.

આધ્યાત્મિક જ્ઞાન અતિ ગૂઢ છે, અતિ વિસ્તૃત છે, અતિ ગહન છે, અતિ જટિલ છે. જો તે અનુભવ યુક્ત હોય તો જ તે જ્ઞાન કહેવાય. પુસ્તક કે શાસ્ત્ર વાંચીને, કોઈ સત્સંગમાં સાંભળીને, કોઈ યુ-ટ્યુબનો વીડિયો જોઈને આ જ્ઞાન પ્રાપ્ત ન થઈ શકે. હા, કદાચ થોડાં શબ્દો જાણમાં આવી જાય, થોડી જાણકારી પ્રાપ્ત થઈ જાય, જાણકારી મળી ગઈ છે તે પ્રકારની ભ્રામક પ્રતીતિ પણ થઈ જાય, અને અમુક સંજોગોમાં 'જ્ઞાની' તરીકે સમાજનો ચોક્કસ વર્ગ સ્વીકારી પણ લે, પણ વાસ્તવિકતામાં તે વ્યક્તિ એટલો જ અજ્ઞાની હોઈ શકે.

આધ્યાત્મનું જ્ઞાન એ અનુભૂતિનો વિષય છે, જાણકારીનો નહીં. આધ્યાત્મનું જ્ઞાન એ સંપૂર્ણતાની સંપૂર્ણતામાં પ્રતીતિ છે. આધ્યાત્મનું જ્ઞાન પૂર્ણ છે, તેનું અંશતઃ જ્ઞાન સંભવી ન શકે. આધ્યાત્મનું જ્ઞાન શાશ્વત છે જેના પર સમયની છાપ નથી હોતી. આધ્યાત્મનું જ્ઞાન અચલ છે જેની સ્થિતિમાં ક્યારેય બદલાવ સંભવ નથી. આધ્યાત્મનું જ્ઞાન અનાદિ છે જે સૃષ્ટિની શરૂઆત પહેલાં પણ હતું, સૃષ્ટિના અસ્તિત્વ દરમિયાન પણ છે અને સૃષ્ટિના વિલય બાદ પણ એ જ સ્થિતિમાં કાયમ રહેશે. આધ્યાત્મનું જ્ઞાન પૂર્ણતાલક્ષી છે, અહીં સાંદર્ભિક બાબતોનું કોઈ સ્થાન નથી. આ બધી વાતો નવી નથી. સનાતની સંસ્કૃતિમાં યુગોથી આ વાત સ્થાપિત થઈ ચૂકી છે, સ્વીકૃત બની ચૂકી છે, અનુભૂતિની પૂર્ણતાથી સિદ્ધ થઈ ચુકી છે અને તેનાં પરિણામ પણ અદ્‌ભુત છે.

આ જ્ઞાન તે જ વ્યક્તિ તરફથી મળી શકે કે જેને તે જ્ઞાન બાબતે લગભગ સંપૂર્ણતામાં પ્રતીતિ થઈ ચૂકી હોય. તરવા માટે એ જ વ્યક્તિ પ્રશિક્ષણ આપી શકે, સમજ આપી શકે, જ્ઞાન આપી શકે કે જેને આ વિષયમાં સૈદ્ધાંતિક, વ્યવહારિક, પ્રાયોગિક તેમજ વાસ્તવિક અનુભવ હોય અને અનુભૂતિ પણ હોય. પાણીમાં તરવા માટે આ વાત સાચી છે અને ભવસાગરમાં તરવા માટે પણ આ વાત એટલી જ સાચી છે.

આ આધ્યાત્મજ્ઞાન આધ્યાત્મજ્ઞાની પાસેથી જ મળી શકે. તે મહાપુરુષને પ્રણામ કરવા પડે, તેમની સેવા કરવી પડે, તેમની આજ્ઞા પાળવી પડે, તેમનાં નિયમો પ્રમાણે જીવન ઘડવું પડે, તેમની છત્રછાયામાં પોતાના અસ્તિત્વનો અહંકાર અને અસ્તિત્વની જરૂરિયાતો બાબતે નિર્લેપ થવું પડે, તેમને જ્ઞાન-પ્રદાન માટે પ્રસન્ન કરવા પડે, એમના પ્રત્યે સંપૂર્ણતામાં સમર્પિત થવું પડે. આ પ્રકારના સમર્પણથી પછી જો યોગ્યતા પ્રાપ્ત થાય, ઉચ્ચકક્ષાની જિજ્ઞાસા જાગ્રત થાય, સમય સ્થળ અને સંજોગો અનુકૂળ બની રહે, ભવિષ્યની વ્યકિતગત તેમજ સામાજિક સંભાવનાઓ માટે તે જરૂરી હોય, સૃષ્ટિ પ્રત્યેની નિષ્ઠા અને ઉત્તરદાયિત્વ સાત્ત્વિક ભાવથી સ્પષ્ટ થઈ ચૂક્યા હોય અને કોઈપણ પ્રકારે કોઈ પણ પ્રકારના નકારાત્મક ભાવની સંભાવના ન હોય તો તે મહાત્માની કૃપા મળી શકે. એ સમજી લેવું જરૂરી છે કે આ જ્ઞાન તે જ વ્યક્તિને આપી શકાય કે જે સૃષ્ટિના સમીકરણમાં કોઈપણ પ્રકારની અનિયમિતતા કે નકારાત્મકતા ઊભી ન કરે.

તે પછી પણ પ્રશ્નો તો પૂછવા જ પડે. પ્રશ્નો પરથી વ્યક્તિની માનસિકતા, ક્ષમતા, સ્થિતિ, તૈયારી, મુમુક્ષુતા, સાત્ત્વિકતા જેવી બાબતો પ્રત્યક્ષ થાય. પ્રશ્નોથી વ્યક્તિનું લક્ષ્ય કયું છે તે પણ જાણમાં આવે. આના આધારે તે મહાત્મા નક્કી કરે કે વ્યક્તિ માટે કયા પ્રકારનો, કઈ દિશાનો, કેવી અડચણ વાળો, અંતે કેવી સંભાવના આપનારો માર્ગ યોગ્ય રહેશે. અહીં તે મહાત્મા આ સમગ્ર પ્રવાસની સંભવિત ત્વરિતતા વિશે પણ નિર્ણય લઈ શકે. વ્યક્તિનું વર્તમાન અને સંભવિત વ્યક્તિત્વ પ્રગટ થાય તે માટે પ્રશ્નો જરૂરી છે. જેમ તે મહાત્માની સેવા જરૂરી છે તેમ પ્રશ્નો પૂછવા પણ જરૂરી છે.

જે વ્યક્તિ પ્રશિક્ષણ આપવા તૈયાર હોય, લાયક હોય, સક્ષમ હોય તે વ્યક્તિ પાસે પ્રાર્થના કરવી પડે. કુરુક્ષેત્રના મેદાન વચ્ચે જ્યારે અર્જુને શિષ્યપણું સ્વીકાર્યું ત્યાર પછી જ જ્ઞાનનો પ્રવાહ શરૂ થયો. યાચકની અમુક પ્રકારની માનસિકતા જરૂરી છે પછી જ દાતા જ્ઞાનયજ્ઞ શરૂ કરે, જ્ઞાનદાનનો પ્રારંભ કરે. શરણે જવું જરૂરી છે. આગળ સ્વયં શ્રીકૃષ્ણ કહે છે કે એ મહાત્માની, શરણે ગયાં પછી, સેવા કરવી પણ જરૂરી છે અને તેમને પ્રશ્નો પૂછવા પણ જરૂરી છે.

સંત મહાત્મા - ગુરુજન હંમેશાં માનવીને, સમાજને તેમજ જગતને માર્ગદર્શન આપવા, સમજાવવા, સહાય કરવા, તેમનું સુયોગ્ય ઘડતર કરવા અને તેમને પરમ સ્થિતિ તરફ જવામાં મદદરૂપ થવા તૈયાર જ હોય છે. માત્ર લાયકાત સ્થાપિત કરવાની હોય છે અને પછી એ લાયકાતની પ્રતીતિ કરાવવાની હોય છે. સેવા કરવાથી અને પ્રશ્નો પૂછવાથી કંઈક અંશે આ સિદ્ધ થઈ શકે. ■

# વિષ્ણુસ્વરૂપને ઓળખો

## અલૌકિક દર્શન

ભાણદેવ
bhandev@bombaysamachar.com

(ગતાંકથી ચાલુ)

વિષ્ણુ એટલે પરમ તત્ત્વ. આ પરમ તત્ત્વ સગુણ છે, નિર્ગુણ છે, સાકાર છે, નિરાકાર છે, તેથી વિષ્ણુ જેમ પરમોચ્ચ તત્ત્વ છે, તેમ તેમનું સગુણ સ્વરૂપ પણ છે.

વિષ્ણુ ક્ષીરસાગરમાં શયન કરે છે. વિષ્ણુ શેષનાગની શય્યા પર શયન કરે છે. શેષનાગનું એક નામ અનંત પણ છે. ભગવાન વિષ્ણુ શેષનાગ અર્થાત્ અનંતની શય્યા પર શયન કરે છે, તેથી તેને અનંતશયન પણ કહે છે.

વિષ્ણુભગવાન ક્ષીરસાગરમાં શયન કરે છે અને શેષનાગની શય્યા પર શયન કરે છે. ભગવાન વિષ્ણુના આ સ્વરૂપનો અર્થ સમજવા માટે આપણે ચાર તત્ત્વોનો રહસ્યાર્થ સમજવો જોઈએઃ ક્ષીરસાગર, અનંત અર્થાત્ શેષનાગ, ભગવાન વિષ્ણુ અને તેમનું શયન.

અસ્તિત્વનાં ત્રણ સ્વરૂપો છેઃ સ્થૂળ, સૂક્ષ્મ અને કારણ, અર્થાત્ અવ્યક્ત. દશ્યમાન, પંચીકૃત પંચભૂતાત્મક જગત સ્થૂળ જગત છે. આ જગત ઈન્દ્રિયગમ્ય છે. પંચ તન્માત્રા, મન, અહંકાર આદિ તત્ત્વો સૂક્ષ્મ છે. તેમને ઈન્દ્રિયોથી જાણી શકાય તેમ નથી. અસ્તિત્વના આ સ્વરૂપને સૂક્ષ્મ અસ્તિત્વ કહે છે. સૂક્ષ્મ સ્વરૂપે પણ જે વ્યક્ત થયું નથી તે મૂળ અવ્યક્ત પ્રકૃતિને અવ્યક્ત તત્ત્વ કહે છે. અવ્યક્ત અવસ્થામાં પ્રકૃતિ ગુણોની સમ અવસ્થામાં હોય છે. આ અવ્યક્ત પ્રકૃતિને મૂલ પ્રકૃતિ પણ કહે છે. અસ્તિત્વના આ અવ્યક્ત સ્વરૂપને વૈદિક ભાષામાં અચિતનો સાગર કહે છે. પ્રાચીન ભારતની તાત્ત્વિક ભાષામાં આ અવ્યક્ત અસ્તિત્વને કારણવારિ કહેલ છે. પૌરાણિક ભાષામાં આ કારણવારિને જ ક્ષીરસાગર કહેલ છે. ભગવાન વિષ્ણુ જે સ્વરૂપે ક્ષીરસાગરમાં શયન કરે છે, તે સ્વરૂપને આદિનારાયણ કે આદિ-વિષ્ણુ કહે છે, કારણ કે આ અવસ્થા સૃષ્ટિના પ્રારંભ પહેલાંની અવસ્થા છે.

ભગવાન વિષ્ણુ અવ્યક્ત સ્વરૂપે નિરાકાર છે, પરંતુ જ્યારે વ્યક્ત થાય ત્યારે સાકાર સ્વરૂપે પણ છે જ. વિષ્ણુ વ્યક્ત થાય પછી જે બાકી વધે તેને શેષ કહે છે. શેષ એટલે બાકી રહેલું. આ શેષ વધે તે પણ અનંત જ છે, કારણ કે અનંતમાંથી અનંત વ્યક્ત થાય તોપણ શેષ વધે તે પણ અનંત જ હોય છે.

''पूर्णस्य पूर्णमादाय पूर्णमेवावशिष्यते ।''

''પૂર્ણમાંથી પૂર્ણ લઈ લેવામાં આવે, પછી પાછળ પણ પૂર્ણ જ વધે છે.''

અનંતસ્વરૂપની આ તર્કાતીત વિલક્ષણતા છે



કે અનંતમાંથી અનંત વ્યક્ત થાય પછી બાકી વધે તે પણ અનંત જ છે. આ બાકી વધેલું અનંત શેષ તે જ શેષનાગ છે. તે બાકી વધેલું છે તેથી શેષ છે અને અનંતરૂપે જ બાકી વધ્યું છે તેથી અનંત છે.

વિષ્ણુ એટલે પરમ તત્ત્વ, પરમ ચૈતન્ય. વિષ્ણુ સમગ્ર અસ્તિત્વનું કેન્દ્ર છે, તેથી વિષ્ણુ અસ્તિત્વનાં ત્રણે સ્વરૂપો-સ્થૂળ, સૂક્ષ્મ અને અવ્યક્તથી પર છે, ત્રણેના અધિપતિ છે. સર્જનના પ્રારંભ પહેલાં વિષ્ણુનો વાસ ક્યાં છે? વિષ્ણુ સર્વવ્યાપી તત્ત્વ છે. સર્જનના પ્રારંભ સૂક્ષ્મ અને સ્થૂળ તત્ત્વો તો છે જ નહીં, અવ્યક્ત અસ્તિત્વ અનાદિ છે, તેથી કારણવારિ કે ક્ષીરસાગર તો છે જ. સર્જનના પ્રારંભ પહેલાં વિષ્ણુનું વાસસ્થાન આ કારણવારિ કે ક્ષીરસાગર જ હોઈ શકે, કારણ કે તે વખતે બીજું કોઈ તત્ત્વ જ નથી. આમ અનાદિ વિષ્ણુસ્વરૂપનું શયનસ્થાન આ અનાદિ કારણવારિરૂપ ક્ષીરસાગર જ હોઈ શકે.

ભગવાન વિષ્ણુનું એક નામ નારાયણ છે. નાર+અયન=નારાયણ. 'નાર' પદના બે અર્થો છેઃ નાર એટલે પાણી અને નાર એટલે આનંદ. નાર એટલે પાણી કે આનંદ જેનું અયન (નિવાસસ્થાન)છે તે નારાયણ. પાણી એટલે કારણવારિ કે ક્ષીરસાગર. વિષ્ણુ પરમાનંદસ્વરૂપ છે, તેથી તેનું અધિષ્ઠાન આનંદ જ હોય, તે અર્થમાં વિષ્ણુ આનંદસ્થાન છે જ.

ભગવાન વિષ્ણુનું નિવાસસ્થાન ક્ષીરસાગર છે, પરંતુ વિષ્ણુનું પર્યંકસ્થાન કોણ છે? ભગવાન શાની પથારી પર શયન કરે છે? અનંત વિષ્ણુને અનંત શેષનું જ શયન હોઈ શકે. પોતાનું જે શેષ સ્વરૂપે રહેલું અનંતતત્ત્વ તે જ વિષ્ણુનું શયન હોઈ શકે છે. આ અર્થમાં શેષનાગની પથારી પર ભગવાન વિષ્ણુ શયન કરે છે.

હવે આપણે ભગવાન વિષ્ણુના શયનનો અર્થ સમજીએ.

પૌરાણિક વર્ણન પ્રમાણે મહાપ્રલયના પ્રારંભે સમગ્ર સૃષ્ટિસહિત બ્રહ્માજી ભગવાન વિષ્ણુના ઉદરમાં સમાઈ જાય છે. તે વખતે ભગવાન વિષ્ણુ યોગનિદ્રામાં પોઢી જાય છે. પ્રલયકાળ દરમિયાન ભગવાન વિષ્ણુ શયન કરે છે. આમ વિષ્ણુનો શયનકાળ તે જ સૃષ્ટિની પ્રલયાવસ્થા.

પ્રલયના અંતે ભગવાન વિષ્ણુ યોગનિદ્રાનો ત્યાગ કરે છે. ભગવાનની નાભિમાંથી બ્રહ્માજી ઉત્પન્ન થાય છે અને એ રીતે સૃષ્ટિરચનાની પ્રક્રિયાનો પ્રારંભ થાય છે. સૃષ્ટિકાળ તે ભગવાન વિષ્ણુનો જાગૃતિકાળ અને શયનકાળ તે સૃષ્ટિનો સર્ગકાળ અને પ્રલયકાળ છે.

વિષ્ણુ પરમ તત્ત્વ છે. પરમ તત્ત્વને નથી શયન અને નથી જાગૃતિ. તે તો અખંડ બોધસ્વરૂપ છે. સૃષ્ટિના સર્ગકાળ અને પ્રલયકાળની અપેક્ષાથી વિષ્ણુનો જાગૃતિકાળ અને શયનકાળ ગણવામાં આવે છે.

ભગવાન વિષ્ણુ તેમના એક સ્વરૂપે વૈકુંઠમાં વસે છે. વૈકુંઠ ભગવાન વિષ્ણુનું દિવ્ય ચિન્મય ધામ છે, વિષ્ણુનો શાશ્વત લોક છે. ભગવાન વિષ્ણુ જેમ નિરાકાર છે, તેમ સાકાર પણ છે. તેમનું સાકાર સ્વરૂપ ચિન્મય સ્વરૂપ છે. ભગવાન વિષ્ણુ પોતાના ચિન્મય સાકાર-સ્વરૂપે પોતાના દિવ્ય-શાશ્વત ધામ વૈકુંઠમાં વસે છે.

વૈકુંઠમાં ભગવાન વિષ્ણુનું ચતુર્ભુજ સ્વરૂપ છે. ભગવાન વિષ્ણુએ ચાર હાથમાં શંખ, ચક્ર, ગદા અને પદ્મ ધારણ કરેલાં છે.

શંખ નાદનું પ્રતીક છે. નાદબ્રહ્મ (પ્રણવ) પરબ્રહ્મને પામવાનું સાધન છે. શબ્દબ્રહ્મ દ્વારા પરબ્રહ્મને જાણી શકાય છે, તેમ ઉપનિષદો પણ કહે જ છે. નાદબ્રહ્મના અનુષ્ઠાન દ્વારા મનસાતીત ભૂમિકામાં પ્રવેશ થાય છે અને મનસાતીત ભૂમિકા પરબ્રહ્મના પ્રાગટ્ય માટે ચિત્તની અનુકૂળ સ્થિતિ છે. આમ હોવાથી વેદમાન્ય અધ્યાત્મપરંપરામાં નાદબ્રહ્મની ઉપાસનાને હંમેશાં મહત્ત્વપૂર્ણ ઉપાસના ગણવામાં આવે છે. નાદ વિષ્ણુતત્ત્વની જ એક અભિવ્યક્તિ છે, તેનું એક સ્વરૂપ છે. વિષ્ણુતત્ત્વનો નાદબ્રહ્મ સાથેનો સંબંધ વિષ્ણુના હાથમાં રહેલા શંખ દ્વારા સૂચિત થાય છે.

ચક્ર કાળનું પ્રતીક છે. કાળ સતત વહી રહ્યો છે. કાળનો પ્રવાહ સતત ચાલુ જ રહે છે. કાળની ધારા કદી અટકતી નથી.

વિષ્ણુના હાથમાં રહેલું ચક્ર પણ સતત ગતિમાન રહે છે. સતત ગતિમાન હોવું તે લક્ષણ ચક્રમાં અને કાળમાં સમાન છે, તેથી ચક્ર દ્વારા કાળતત્ત્વ સૂચિત થાય છે.

ભગવાન વિષ્ણુના એક હાથમાં કાળતત્ત્વ છે. વિષ્ણુ કાલાતીત પરમ ચૈતન્ય છે. કાળ તો તેના હાથમાં છે, તેની અભિવ્યક્તિનું, તેના સૃષ્ટિક્રમનું એક માધ્યમ છે. કાળને તો ભગવાન વિષ્ણુ એક હથિયારરૂપે ધારણ કરે છે. કાળને તેઓ ધારણ કરનાર છે, અર્થાત્ મહાકાલ છે. કાલાતીત છે. અરે! કાળ તો તેમનાં ચરણોમાંથી ઉત્પન્ન થાય છે. કાળ (the time)એ કોઈ સ્વતંત્ર તત્ત્વ નથી. જો સૃષ્ટિક્રમ છે તો કાળ છે. જો સૃષ્ટિક્રમ નથી તો કાળ ક્યાં છે? સૃષ્ટિક્રમ તો વિષ્ણુ ભગવાનની નાભિમાંથી જન્મે છે, તેથી કાળનો જન્મ પણ ભગવાન વિષ્ણુમાંથી થાય છે તેમ સિદ્ધ થાય છે.

ભગવાન વિષ્ણુ કાલાતીત છે.

ભગવાન વિષ્ણુ કાળના કર્તા છે.

ભગવાન વિષ્ણુ આ તત્ત્વ છે તે તેમના હાથમાં રહેલા ચક્ર સૂચિત થાય છે.

ગદા શક્તિનું પ્રતીક છે. પરમાત્મા શક્તિને પણ ધારણ કરે છે. સર્વ શક્તિ આખરે તો પરમાત્માની જ શક્તિ છે. પરમાત્માની શક્તિ વિના એક પાન પણ હલી શકે તેમ નથી. આ શક્તિનું જે ધારક તે વિષ્ણુતત્ત્વ છે. પરમાત્મા વિષ્ણુની અભિવ્યક્તિનાં અનેક તત્ત્વો છે. પ્રેમ, આનંદ, જ્ઞાન, સૌંદર્ય, શક્તિ-આ સૌ પરમાત્મામાંથી અભિવ્યક્ત થતાં તત્ત્વો છે. આમાંનું એક તત્ત્વ છે શક્તિ. પરમાત્મા વિષ્ણુ આ શક્તિ ધારણ કરી રાખે છે- આ સત્ય તેમના હાથમાં રહેલી ગદા દ્વારા સૂચિત થાય છે.

પદ્મ એટલે કમળ. વિષ્ણુ ભગવાનના એક હાથમાં પદ્મ છે. પદ્મ દિવ્ય ચેતનાનું પ્રતીક છે. ભગવાન વિષ્ણુ કોઈ સામાન્ય દેવ નથી, પરંતુ દેવાધિદેવ છે. ભગવાન વિષ્ણુ પરમ ચેતના છે, સર્વોચ્ચ ચૈતન્ય છે. ભગવાન વિષ્ણુનું આ પરમ ચૈતન્યસ્વરૂપ તેમના હાથમાં રહેલા પદ્મ અર્થાત્ કમળ દ્વારા સૂચિત થાય છે. ભગવાન વિષ્ણુનાં નયનને નયનકમલ, મુખને મુખકમલ, કરને કરકમલ, નાભિને નાભિકમલ, ચરણને ચરણકમલ કહેવામાં આવે છે તેની પાછળ આ જ સંકેત છે કે તેઓ દિવ્ય પરમ ચૈતન્યસ્વરૂપ છે. ભગવાન વિષ્ણુની નાભિમાંથી એક કમળ ઉત્પન્ન થયું અને તેમાંથી બ્રહ્માજી પ્રગટ્યા એવી કથા છે તેના દ્વારા પણ ભગવાન વિષ્ણુનું પરમ ચૈતન્ય જ સૂચિત થાય છે. (ક્રમશઃ)■



પ્રકરણ: ૨૮

# ચહેરા મહોરા

**જોકે હું એક વાત સાથે સંપૂર્ણ સહમત છું કે જો માત્ર એક જૂઠ કોઈકની જિંદગી સુધારી શકતું હોય તો એ સત્ય કરતાં સવાયું કહેવાય…!**





**પ્રફુલ્લ કાનાબાર**

બળવંતરાયને વિશ્ર્વાસ હતો કે સારા સંસ્કારોના ખજાનાથી ભરેલી લક્ષ્મી સાચા અર્થમાં ગૃહલક્ષ્મી બનશે અને આડે પાટે ચડી ગયેલા પોતાના પુત્ર લીલાધરને ચોક્કસ સાચા રસ્તે લાવશે, પણ બીજી તરફ લીલાધરને પત્ની લક્ષ્મીની સાદાઈ ખૂંચી રહી હતી.

‘લક્ષ્મી, તું હવે કરોડપતિની વહુ છો. તારે હવે કરોડપતિની જેમ રહેવું જોઈએ.’ લીલાધરે એકવાર કહ્યું હતું. લક્ષ્મીએ કોઈ જ જવાબ આપ્યો નહોતો. થોડા દિવસોમાં જ લક્ષ્મીએ જોયું કે લીલાધર માટે જુગારમાં રોજની ચાર-પાંચ લાખની હાર-જીત તો એકદમ સામાન્ય વાત હતી. લક્ષ્મીએ લગ્ન કરીને ઘરમાં પગ મૂક્યો ત્યારે તેને દૃઢવિશ્ર્વાસ હતો કે એ લીલાધરને જુગારના વ્યસનમાંથી ચોક્કસ છોડાવી શકશે, પણ સમયની સાથે ધીમે ધીમે તેનો એ વિશ્ર્વાસ ડગમગવા લાગ્યો હતો.

એક વરસાદી રાત્રે લીલાધર ખૂબ જ મોડો ઘરે આવ્યો હતો.

‘તમે મોડી રાત સુધી ક્લબમાં જુગાર રમો છો એ મને બિલકુલ પસંદ નથી.’ લક્ષ્મીએ ગુસ્સાથી કહ્યું હતું.

‘લક્ષ્મી, જુગાર તો હું રમવાનો જ છું. તને પસંદ ન હોય તો જતી રહે તારા મિડલક્લાસ બાપની ઘરે.’ લીલાધર તાડૂક્યો હતો.

‘હું તો મિડલક્લાસ બાપની દીકરી છું, પણ તમે તો કદાચ ભિખારીની ઔલાદ પણ હોઈ શકો છો.’ લક્ષ્મીએ વળતો ઘા કર્યો હતો.

‘લક્ષ્મી, તું શું બોલે છે તેનું તને ભાન છે?’

‘હા, હું સંપૂર્ણ ભાનમાં જ છું. આપણાં લગ્ન પહેલાં મારા પપ્પાએ મને માંડીને વાત કરી હતી. પપ્પાજી અને મમ્મીજીને લગ્નજીવનના દસકા બાદ પણ સંતાન ન થતાં તમને અનાથ આશ્રમમાંથી દત્તક લઈ આવ્યા હતા. મમ્મીજીએ મરતી વખતે પપ્પાજી પાસે તમને આ વાતની ખબર ના પડે તેનું વચન લીધું હતું.’ લક્ષ્મીએ રહસ્યસ્ફોટ કર્યો હતો.

બહાર વીજળીનો કડાકો થયો હતો, પણ ખરી વીજળી તો જાણે સીધી લીલાધરના હૃદય પર જ ત્રાટકી હતી. લીલાધર તરત પપ્પાના બેડરૂમ તરફ દોડ્યો હતો. બળવંતરાય જાગતા જ હતા.

‘પપ્પા, લક્ષ્મી કહે છે કે મને બાળપણમાં અનાથ આશ્રમમાંથી લાવવામાં આવ્યો હતો, તો શું હું તમારો દત્તક પુત્ર છું?’

બળવંતરાય એક શબ્દ પણ બોલ્યા નહિ. લીલાધરે પપ્પાનો હાથ પકડીને મોટેથી કહ્યું હતું… ‘બોલો પપ્પા બોલો.. આ વાત સાચી છે?’

બળવંતરાયનું અકળ મૌન લીલાધરને અકળાવી રહ્યું હતું. લક્ષ્મી પપ્પાજીના રૂમમાં ધસી આવી હતી : ‘પપ્પાજી નહીં બોલે, કારણકે એ વચનબદ્ધ છે.’ લક્ષ્મીએ સ્પષ્ટતા કરતાં કહ્યું હતું.

બળવંતરાયનું મૌન અને ચહેરા પરના લાચારીના ભાવ પરથી લીલાધર સમજી ગયો કે લક્ષ્મીની વાત સાચી છે. લીલાધર રડતી આંખે બળવંતરાયના પગમાં પડી ગયો હતો:

‘પપ્પા, મને માફ કરો. મારા જેવા અનાથ બાળકને તમે આટલા બધા લાડ શા માટે લડાવ્યા?’ બળવંતરાય સજળ નેત્રે લીલાધરને ભેટી પડ્યા હતા.

બીજે દિવસે ઑફિસમાં બળવંતરાય રામકિશનને કહી રહ્યા હતા… તારી દીકરી લક્ષ્મીએ તો મારા પોતાના જ દીકરાને દત્તક પુત્ર બનાવી દીધો. જોકે હું લક્ષ્મીની એ વાત સાથે સંપૂર્ણ સહમત છું કે જો માત્ર એક જૂઠ કોઈકની જિંદગી સુધારી શકતું હોય તો એ સત્ય કરતાં સવાયું કહેવાય.

‘શેઠ, આપ તો જાણો જ છો કે જ્યારે લક્ષ્મીએ જોયું કે નાના શેઠને સીધી લાઈને લાવવા શક્ય જ નથી, ત્યારે તેણે નાછૂટકે એવા જૂઠનો સહારો લીધો જેને કારણે નાના શેઠનો અંતરાત્મા ડંખે અને એ જુગારની લત છોડવા માટે મજબૂર થઈ જાય.’

કોઈ પણ માણસ, જે સંપત્તિને પોતાનો હક્કની માનીને ઉપયોગ કરતો હોય અને તેને એકાએક ખ્યાલ આવે કે એ સંપત્તિમાંથી એક પૈસા પર પણ તેનો હક્ક નથી ત્યારે એ વિવશ થઈ જતો હોય છે. તેના મનમાં આભારના ભારની લાગણી ઉત્પન્ન થતી હોય છે! લીલાધરના મનની પણ એ જ સ્થિતિ હતી. લીલાધર માટે બળવંતરાયનું સ્થાન ભગવાન કરતાં પણ ઊંચું બની ચૂક્યું હતું. લીલાધર હવે બળવંતરાયનો પડ્યો બોલ ઝીલતો થઈ ગયો હતો. બળવંતરાયના બિઝનેસના વિકાસ માટે લીલાધર ખૂબ જ મહેનત કરવા લાગ્યો હતો.

લીલાધરની ધગશ જોઈને બળવંતરાયની આંખ ઠરતી. એ મનોમન લક્ષ્મીને આશીર્વાદ આપતા રહેતા. એકાદ વર્ષ બાદ લક્ષ્મીએ સુંદર દીકરાને જન્મ આપ્યો હતો. તેના બંને પગમાં એક એક આંગળી વધારે હતી! બાળકનું નામ પાડવામાં આવ્યું હતું સોહનવીર. જોકે સૌ કોઈ એને સોહન કહીને જ બોલાવતા.

એક વાર બળવંતરાયે ઑફિસમાં રામકિશનને કહ્યું હતું: ‘ભાઈ, તારી દીકરી લક્ષ્મી તો અમારા ઘરમાં ખરેખર ગૃહલક્ષ્મી બનીને જ આવી છે. તેના પગલાં અમારા ઘરમાં શુકનિયાળ સાબિત થયા છે. બળવંતરાયની વાત પણ સાચી હતી. એ દિવસોમાં તેમની ચારે બાજુ સુખનો સમુદ્ર ઊછળતો હતો. આડે પાટે ચડેલો એકનો એક દીકરો લીલાધર અણધાર્યો એકદમ આજ્ઞાંકિત બની ગયો હતો. ઘરની જાહોજલાલીમાં ઉત્તરોતર વધારો થતો જતો હતો. બળવંતરાયના બંગલામાં ધનની રેલમછેલ વચ્ચે ધાર્મિક કાર્યક્રમોનું આયોજન પણ થતું રહેતું.

સોહન હવે પાંચ વર્ષનો થઈ ગયો હતો. એક વાર લીલાધરને અને લક્ષ્મીને બોલાવીને બળવંતરાયે કહ્યું હતુઃ ‘તમે બંને સોહનને કુળદેવીનાં દર્શન કરાવી આવો.

લીલાધર, લક્ષ્મી અને સોહન બળવંતરાયના આશીર્વાદ લઈને બીજે જ દિવસે મુંબઈથી અમદાવાદ સુધી ફ્લાઈટમાં અને ત્યાંથી ટૅક્સી દ્વારા સૌરાષ્ટ્રના અંતરિયાળ ગામમાં પહોંચી ગયા હતા. દર્શન કરીને પરત આવતી વખતે બારે મેઘ ખાંગા થયા એમાં ભારે વરસાદને કારણે ભોગાવો નદીમાં ઘોડાપુર આવ્યું હતું. ડ્રાઈવર ટૅક્સીને હાઈ- વે પર ફરી વળેલાં પાણીના તાણથી બચાવી શક્યો નહોતો. લીલાધર અને તેનો પરિવાર ભારે દુર્ઘટનાનો ભોગ બન્યો હતો. બીજે દિવસે દુઃખદ સમાચાર મળતાં જ બળવંતરાય વ્યથિત હૃદયે રામકિશનને લઈને ઘટનાસ્થળે આવી પહોંચ્યા હતા. ભંગાર થઈ ગયેલી ટૅક્સીમાંથી મળેલા દીકરા અને વહુના મૃતદેહને જોઈને બળવંતરાય ઢગલો થઈને જમીન પર ઢળી પડ્યા હતા. રામકિશન માટે પણ દીકરી અને જમાઈની અણધારી વિદાય વસમી જ હતી. રામકિશને ભારે હિંમત રાખીને બળવંતરાયને સંભાળ્યા હતા. બળવંતરાયના લાડકા પૌત્ર સોહનનો મૃતદેહ ન મળતાં એ જીવિત હોવાની આશા બંધાણી હતી. એકાદ વર્ષ સુધી સોહનના ફોટા સાથે ગુજરાતના દરેક અખબારમાં જાહેરાત પણ આપવામાં આવી હતી, જેથી સોહન જીવતો હોય તો ક્યાંકથી પણ એની જાણ મળી જાય, પણ સમય વીતતો ગયો તેમ નાનકડો સોહન પણ અવસાન પામ્યો હોવો જોઈએ તેવું સૌ કોઈ માનવા લાગ્યા હતા. જોકે બળવંતરાયનું મન માનતું નહોતું.

થોડાં વર્ષો પહેલાં બળવંતરાયે મહારાષ્ટ્રના પ્રખ્યાત જ્યોતિષી રવિશંકરને સોહનની કુંડળી બતાવી હતી. તેમણે સોહન હયાત છે અને તેના દાદાજી પાસે ચોક્કસ પરત આવશે તેવી આગાહી કરી હતી. આમ સોહન પરત આવશે તેવું આશાનું એક કિરણ બળવંતરાયના મનમાં ઝળહળતું રહ્યું હતું. સ્વાભાવિક રીતે જ બળવંતરાય તેમની કરોડો રૂપિયાની સંપત્તિ તેમના એકમાત્ર વારસદાર સોહનને વિલ દ્વારા આપવા તત્પર હતા! છેલ્લે જ્યારે તુલસીરામ બાપુના આશ્રમે બળવંતરાયે રાત્રિરોકાણ કર્યું હતું ત્યારે એ વાત તેમણે તુલસીરામ બાપુને પણ કરી હતી.


બળવંતરાયની આ લાંબી વિચારયાત્રા અચાનક થંભી ગઈ, કારણ કે એમની કારનો કાફલો આશ્રમના વિશાળ દરવાજામાં પ્રવેશી ચૂકયો હતો.

બળવંતરાયના સેક્રેટરી અને બોડીગાર્ડની સાથે અન્ય માણસો પણ એક પછી એક કારની બહાર નીકળ્યા. ડ્રાઈવરે બહાર નીકળીને બળવંતરાય શેઠની BMW કારનો પાછળનો દરવાજો ખોલ્યો. હાથમાં વૉકિંગ સ્ટીક સાથે બ્લેક શૂટમાં સજ્જ બળવંતરાય શેઠ કારની બહાર આવ્યા. વિષ્ણુ તરત તેમને સભાખંડ તરફ દોરી ગયો હતો. સભાખંડમાં તુલસીરામ બાપુનો સત્સંગ ચાલી રહ્યો હતો. બાપુ ગાદી પર અને સંસ્કૃતના વીસેક યુવાન વિદ્યાર્થીઓ તેમની સામે નીચે બેઠા હતા. આજે તુલસીરામ બાપુએ પ્રથમ હરોળમાં જ સોહનને બેસાડ્યો હતો. પાછળ દીવાલ પાસે રાખેલી ખુરશીમાં બળવંતરાય ધીમેથી બેઠા. પૌત્રને જોવાની અને મળવાની તાલાવેલી તેમના ચહેરા પર વર્તાતી હતી. બાપુનું ધ્યાન ખુરશી પર બેઠેલા બળવંતરાય શેઠ પર પડ્યું. બાપુએ સત્સંગની સમાપ્તિ જાહેર કરીને માઈક પરથી જ બળવંતરાય શેઠને આગળ આવવા કહ્યું.

બળવંતરાય શેઠનો હાથ પકડીને વિષ્ણુ તેમને બાપુની ગાદી સુધી લઈ આવ્યો.

બળવંતરાયની નજર સામે બેઠેલા તમામ યુવાનો પર ફરી રહી. તુલસીરામ બાપુએ ઈશારા વડે જ સોહનને બોલાવ્યો. સોહન ઊભો થઈને પહેલાં બાપુને અને ત્યાર બાદ બળવંતરાયને પગે લાગ્યો.

બળવંતરાયની નજર સોહનના બંને પગની છ આંગળીઓ પર સ્થિર થઈ ગઈ…. (ક્રમશઃ)■



## ફન વર્લ્ડ

‘મુંબઈ સમાચાર’ના ફન વર્લ્ડમાં તમને રસપ્રદ માહિતી મળશે અને સાથે મજા પણ આવશે. પ્રત્યેક કોયડાના સાચા જવાબ આપનારા વાચકોનાં જ નામ અહીં પ્રગટ કરવામાં આવશે. વાચકોએ તેમના જવાબ ઈ-મેઇલથી મંગળવારે સાંજે ૬:૦૦ સુધી મોકલવાના રહેશે. ત્યાર પછી મોકલેલા જવાબ સ્વીકારાશે નહીં. વાચકોએ જવાબ નવા ઈ-મેઈલ funworld1822@gmail.com પર મોકલવાના રહેશે.

### ભાષા વૈભવ…

જોડી જમાવો

| A | B |
|---|---|
| વિશ્ર્વામિત્ર ઋષિ | ઘૃતાચી |
| વિભાંડક ઋષિ | મેનકા |
| ભારદ્વાજ મુનિ | નામપદી |
| ગૌતમ ઋષિ | રંભા |
| શેષિરાયણ ઋષિ | ઉર્વશી |

### ઓળખાણ પડી?



સેન્ટ ફ્રાન્સિસ ઝેવિયરનું મૃત શરીર જાળવણી કરી રાખવામાં આવ્યું છે એ બેસિલિકા ઑફ બોમ જીસસ ચર્ચ કયા રાજ્યમાં છે

અ) કેરળ બ) ગોવા ક) મણિપુર ડ) મેઘાલય

### ગયા વખતનો ઉકેલ

| | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|
| ૧ શ | બ્દ | ૨ પ્ર | યો | ૩ ગ | ■ | ૪ ભ | ૫ જ | ૬ વ | ણી |
| ક્ક | ■ | શ | ■ | ૭ તા | ૮ સ | ■ | ૯ ફા | ડ | ■ |
| ૧૦ ર | ૧૧ હ | સ્ય | ■ | ૧૨ ગ | મા | ર | ■ | ૧૩ વા | ૧૪ ઢી |
| ૧૫ વા | ર | ■ | ૧૬ મા | મ | લો | ■ | ૧૭ મો | ઇ | લું |
| ૧૮ ર | સ | ■ | ડી | ■ | ચ | ■ | હ | ■ | ઢ |
| ■ | ■ | ૧૯ જ | ■ | ૨૦ શ | ક | ૨૧ દા | ર | ■ | સ |
| ૨૨ આ | ૨૩ ધા | ર | ભૂ | ત | ■ | ૨૪ મ | મ | ૨૫ ત | ■ |
| ૨૬ શા | પ | ■ | ■ | ૨૭ ક | ૨૮ ફ | ન | ■ | ૨૯ ર | ૩૦ વિ |
| સ્પ | ■ | ૩૧ ફ્રે | ૩૨ પા | ■ | ડ | ■ | ૩૩ સ્વ | ■ | વ |
| ૩૪ દ | ર | મિ | યા | ન | ■ | ૩૫ સ્વ | યં | સ્ફૂ | ર્ત |

### શબ્દલાલિત્ય

સતીશ વ્યાસ

| | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|
| ૧ | ૨ | ૩ | | | ■ | ૫ | ૬ | | ૭ |
| ૮ | | | ■ | ■ | ૯ | | | ■ | |
| ૧૦ | | ■ | ૧૧ | ૧૨ | | ■ | ■ | ૧૩ | |
| ■ | ૧૪ | ૧૫ | ■ | ૧૬ | | ■ | ૧૭ | ■ | |
| ૧૮ | ■ | ૧૯ | ૨૦ | | | | | ■ | |
| ૨૧ | | | | ■ | | ■ | ૨૨ | | ■ |
| | ■ | ૨૩ | | | ■ | ૨૪ | | ■ | ૨૫ |
| ૨૬ | ૨૭ | ■ | | ■ | ૨૮ | | ■ | ૨૯ | |
| ■ | | ■ | ■ | ૩૦ | | ■ | ૩૧ | | |
| ૩૨ | | | | ■ | ૩૩ | | | | ■ |

**આડી ચાવી**

૧. કલ્પના કરેલું (૪)
૪. યાદ રહી જાય એવું (૪)
૬. હદપાર (૪)
૯. યોજના, રણનીતિ (૨)
૧૦. શ્રાદ્ધપક્ષ --- મહિનામાં આવે (૪)
૧૨. સંતોષ (૪)
૧૩. પાણી ભરવાનું મોટું વાસણ (૨)
૧૪. એક રાગ (૩)
૧૫. આવકારો આપો (૨)
૧૭. ક્યારેક (૨)
૧૯. રામભક્ત ભીલડી (૩)
૨૧. અંતર (૨)
૨૩. વૃક્ષ પરથી મળતો પદાર્થ (૨)
૨૪. દોઢ માઈલનું અંતર (૨)
૨૫. અતિશય તરસ (૨)
૨૬. બારણા માટેનું ચોકઠું (૨)
૨૮. વાંચનાર (૩)
૩૧. એક તિથિ (૩)
૩૨. સંખ્યા, આંકડો (૩)
૩૩. ચામડીનો રોગ (૪)

**ઊભી ચાવી**

૧. કાલક્રમ દોષ (૫)
૨. નિત્ય, રોજ (૨)
૩. આંકડી, હૂક (૨)
૪. દોસ્ત (૨)
૫. જેર, મૃત્યુવશ (૩)
૭. ઈનામ (૫)
૮. જિમ્મેદારી, ફરજ (૫)
૧૧. ‘રટવું’નું આજ્ઞાર્થ (૨)
૧૨. પરણવાનો અભરખો (૩)
૧૬. તાબે, શરણે (૨)
૧૮. સાંત્વન (૩)
૨૦. વરસાદ-હિંદીમાં (૪)
૨૧. નિવારવું મુશ્કેલ (૪)
૨૨. પારા, ધાતુઓ વગેરેની ભસ્મ (૨)
૨૩-અ.ચામડીનો ચેપી રોગ (૨)
૨૪. દાળમાં ખટાશ માટે નાખો (૩)
૨૭. એક ગુજરાતી ફરસાણ (૩)
૨૯. પરદો (૨)
૩૦. સાર, તત્ત્વ, સદ્ગુણ (જો.છૂ.) (૨)
૩૧. એક પ્રકારનું કિંમતી લાકડું (૨)

### ગુજરાત મોરી મોરી રે

૨૩ ફૂટ ઊંચું પથ્થરના બાંધકામથી છઠ્ઠી સદીમાં તૈયાર કરાયેલું ગુજરાતનું સૌથી પ્રાચીન ગોપ મંદિર કયા જિલ્લામાં છે?

અ) આણંદ બ) ભરૂચ
ક) જામનગર ડ) બનાસકાંઠા

### માતૃભાષાની મહેક

દુનિયામાં સર્વ મનુષ્યોને સરખો હક છે. જોકે, કેટલાક ખોટા અભિમાનને કારણે અન્ય લોકોનો સ્વતંત્ર વૈભવ જોઈ આંખમાં રાઈનાં મરચાં પડ્યાં જેવો અનુભવ કરે છે. આવા લોકોને ચતુર પુરુષો તેમના જ ખર્ચે તેમની ભૂલ સુઝાડે છે જે ‘વાણિયા મૂછ નીચી તો કે’સાડી સાત વાર નીચી’ કહેવતથી આબાદ પ્રગટ થાય છે.

### સુડોકુ-૮૦૦૨

| | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|
| ૨ | | | | | | ૧ | | |
| ૩ | | | ૪ | ૧ | | ૨ | | |
| ૫ | ૭ | | ૮ | ૩ | | | ૯ | ૪ |
| ૭ | ૯ | | | | | | | |
| | | | | ૬ | | | | |
| | | | | | | | ૮ | ૨ |
| ૪ | ૫ | | | ૭ | ૯ | | ૨ | ૩ |
| | | ૭ | | ૮ | ૫ | | | ૧ |
| | | ૩ | | | | | | ૭ |

અહીં એક ચોરસ આપ્યું છે જેમાં નવ બોકસ છે અને દરેકમાં નવ ખાનાં છે. ૧) દરેક બોક્સમાં એકથી નવ સુધીનો આંક આવવો જોઈએ. ૨) દરેક આડી અને ઊભી હરોળમાં આંક આવવો જોઈએ. અહીં પણ કોઈ આંક રહી ન જવો જોઈએ.

### સુડોકુ-૮૦૦૧

| | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|
| ૪ | ૨ | ૬ | ૯ | ૧ | ૩ | ૭ | ૫ | ૮ |
| ૭ | ૫ | ૯ | ૨ | ૮ | ૪ | ૬ | ૧ | ૩ |
| ૩ | ૮ | ૧ | ૫ | ૭ | ૬ | ૯ | ૨ | ૪ |
| ૧ | ૩ | ૨ | ૪ | ૫ | ૭ | ૮ | ૯ | ૬ |
| ૮ | ૯ | ૭ | ૬ | ૩ | ૨ | ૫ | ૪ | ૧ |
| ૬ | ૪ | ૫ | ૧ | ૯ | ૮ | ૩ | ૭ | ૨ |
| ૫ | ૧ | ૮ | ૩ | ૨ | ૯ | ૪ | ૬ | ૭ |
| ૨ | ૬ | ૩ | ૭ | ૪ | ૫ | ૧ | ૮ | ૯ |
| ૯ | ૭ | ૪ | ૮ | ૬ | ૧ | ૨ | ૩ | ૫ |

### ઈર્શાદ

કદી રસ્તા વચ્ચે પણ વમળ દેખાય તમને,
કદી રેતી વચ્ચે પણ કમળ દેખાય તમને.

– રમેશ પારેખ

### ચતુર આપો જવાબ

અર્થ જણાવો

બહુ જ જાણીતી કહેવત ‘પંડ સલામત તો પઘડિયા બહુતેરી’માં પંડનો અર્થ જણાવો.

અ) પહેલવાન બ) પ્રારબ્ધ ક) શરીર ડ) પ્રવાસ

### માઈન્ડ ગેમ

ઈ. સ. પૂર્વે ૫૬૩માં વૈશાખી પૂર્ણિમાના પવિત્ર દિવસે જન્મેલા સિદ્ધાર્થ - ગૌતમ બુદ્ધના પિતાનું નામ જણાવો.

અ) મહામાત્ર બ) બુદ્ધિધન
ક) શુદ્ધોધન ડ) ભદ્રસેન

### ગયા સોમવારના જવાબ

ભાષા વૈભવ

| A | B |
|---|---|
| સબરીમાલા | કેરળ |
| બોધ ગયા | બિહાર |
| પુષ્કર | રાજસ્થાન |
| કેદારનાથ | ઉત્તરાખંડ |
| રામેશ્ર્વરમ | તમિલનાડુ |

ઓળખાણ પડી?
મદુરાઈ

માઈન્ડ ગેમ
પરીક્ષિત

ચતુર આપો જવાબ
અર્થ જણાવો
ગરીબી

ગુજરાત મોરી મોરી રે
મહેસાણા

### ફનવર્લ્ડમાં ઉમળકાભેર ભાગ લઈ સાચા જવાબ આપનારા વાચકોનાં નામ અહીં આપ્યાં છે. અભિનંદન.

(૧) કિશોરકુમાર જીવણદાસ વેદ (૨) ડો. પ્રકાશ કટકિયા (૩) ભારતી પ્રકાશ કટકિયા (૪) મુલરાજ કપૂર (૫) સુભાષ મોમાયા (૬) નીતા દેસાઈ (૭) ભારતી બુચ (૮) શ્રદ્ધા આશર (૯) પુષ્પા પટેલ (૧૦) ખુશરૂ કાપડિયા (૧૧) પ્રવીણ વોરા (૧૨) જ્યોતિ ખાંડવાલા (૧૩) લજિતા ખોના (૧૪) નિખિલ બંગાળી (૧૫) અમીશી બંગાળી (૧૬) તાહેર ઔરંગાબાદવાલા (૧૭) શીરીન ઔરંગાબાદવાલા (૧૮) અબ્દુલ્લા એફ. મુનીમ (૧૯) મીનળ કાપડિયા (૨૦) વિમલ શાહ (૨૧) મનીષા શેઠ (૨૨) ફાલ્ગુની શેઠ (૨૩) જયવંત પદમશી ચિખલ (૨૪) મહેન્દ્ર લોઢાવિયા (૨૫) મહેશ દોશી (૨૬) દેવેન્દ્ર સંપટ (૨૭) હરીશ મનુભાઈ ભટ્ટ (૨૮) સુરેખા દેસાઈ (૨૯) વિણા સંપટ (૩૦) રશીક જુથાણી - ટોરંટો - કેનેડા (૩૧) જગદીશ ઠક્કર (૩૨) રમેશ દલાલ (૩૩) હિના દલાલ (૩૪) ઈનાક્ષી દલાલ (૩૫) જ્યોત્સના ગાંધી (૩૬) અરવિંદ કામદાર (૩૭) નિતિન બજરિયા (૩૮) વર્ષા સૂર્યકાંત શ્રોફ

વિશેષ

રાજેશ યાજ્ઞિક
mahendra.punatar@bombaysamachar.com

# ત્યાગ, બલિદાન ને પરાક્રમનો ત્રિવેણી સંગમ એટલે સનાતન ધર્મના અખાડા



સૂર્યના ઉત્તરાયણ સાથે જ તીર્થરાજ કહેવાતા પ્રયાગરાજમાં ૧૪૪ વર્ષમાં એકવાર થતો મહાકુંભ આરંભ થઈ ગયો છે. મહાકુંભનો શુભારંભ સંન્યાસીઓના છાવણી પ્રવેશ સાથે થયો ગણાય છે અને જ્યારે નાગા સાધુઓના અખાડા રાજસી સ્નાન કરે ત્યારથી પવિત્ર સ્નાન કરવાની શુભ શરૂઆત થાય છે. અર્થાત્ પ્રયાગરાજ હોય કે ઉજ્જૈન, હરિદ્વાર કે નાસિક હોય, કુંભમેળાનું જ્યાં આયોજન થાય ત્યાં સાધુઓના અખાડા વિના કુંભનું આયોજન અશક્યવત્ છે. આખરે શા માટે છે સંન્યાસી અખાડાઓનું આટલું મહત્ત્વ? શું છે અખાડાઓનો ઇતિહાસ?

આપણે ત્યાં વારંવાર દોહરાવાતું એક વાક્ય એટલે ધર્મો રક્ષતિ રક્ષિતઃ. અર્થાત્ રક્ષિત થયેલો ધર્મ, રક્ષા કરનારની રક્ષા કરે છે. આ ઉક્તિનું પરમ પ્રમાણ કોઈ હોય તો એ છે આપણા દેશની મહાન નાગા સંન્યાસી સાધુઓની પરંપરા. સનાતન ધર્મની ધ્વજા ઊંચી રાખવા, ધર્મ અને રાષ્ટ્રની વિદેશી આક્રમણકારો અને વિધર્મીઓથી રક્ષા કરવાના હેતુથી, તથા ધર્મના પ્રચાર-પ્રસાર માટે, સંન્યાસીઓના અખાડાઓની સ્થાપના કરવામાં આવી હોવાનું કહેવાય છે.

શાહી સવારી, હાથીઓ અને ઘોડાઓની સજાવટ, ઘંટનાદ, નાગા-અખાડાઓનાં પરાક્રમો અને તલવારો અને બંદૂકોનું ખુલ્લું પ્રદર્શન અખાડાઓની વિશેષતા છે. આ સંન્યાસીઓનો એ સમૂહ છે જે શસ્ત્રવિદ્યામાં પારંગત છે. અખાડાઓ સાથે સંકળાયેલા સંતોના મતે જે શાસ્ત્રથી ન માને તેને શસ્ત્રથી સમજાવવા માટે અખાડાઓનો પ્રારંભ થયો હતો. સનાતનીઓના આદ્ય ગુરુ શંકરાચાર્યએ ચાર દિશામાં ચાર મઠની સ્થાપના કરી હતી. તેની સાથે જ કહેવાય છે કે પ્રથમ ચાર અખાડાઓની પણ તેમણે સ્થાપના કરી હતી, પરંતુ સાધુઓની સંખ્યા સેંકડોમાં નહીં લાખોમાં હતી (અને આજે પણ છે). તેથી તેમનું સંચાલન સુવ્યવસ્થિત થઈ શકે માટે ધીમેધીમે મૂળ અખાડાઓમાંથી નવા અખાડાઓની રચના પણ થઈ. બીજું કારણ એ પણ હતું કે પ્રથમ ચાર અખાડાઓ શૈવ સંપ્રદાયના જ હતા. પછી વૈષ્ણવ સંપ્રદાયના અને ઉદાસીન સંપ્રદાયના સંન્યાસીઓના અખાડાઓનો પણ સમાવેશ થયો. આમ કરતાં કરતાં ૧૩ અખાડાઓ થયા. વર્ષ ૨૦૧૯માં, જ્યારે પ્રયાગરાજમાં કુંભનું આયોજન કરવામાં આવ્યું હતું, ત્યારે કિન્નર અખાડાના સત્તાવાર સમાવેશ પછી, અખાડાઓની સંખ્યા વધીને ૧૪ થઈ ગઈ છે.

નાગા સાધુઓને કુંભ સ્નાનમાં પ્રથમ પંક્તિનું સ્થાન આપવા પાછળનું કારણ ઘણું રોચક તો છે જ, સાથે વીરતા, ધર્મ અને રાષ્ટ્ર માટે બલિદાન આપવાની તત્પરતા તથા શસ્ત્રવિદ્યાની પારંગતતાની અદ્‌ભુત અને ગર્વ થાય તેવી કથા છે. ત્યાગ, બલિદાન અને પરાક્રમનો ત્રિવેણી સંગમ એટલે સનાતન ધર્મના અખાડા.

૧૬૬૪માં કાશી વિશ્વનાથ મંદિર પર ઔરંગઝેબની સેનાએ પહેલીવાર હુમલો કર્યો હતો. તે સમયે નાગા સાધુઓની સેનાએ એવો જબરજસ્ત પ્રતિકાર કર્યો કે ઔરંગઝેબની સેના ધૂળ ચાટતી થઈ ગઈ અને પીછેહઠ કરી. આ યુદ્ધમાં ૪૦,૦૦૦ નાગા સાધુઓએ પોતાનું બલિદાન આપ્યાનું કહેવાય છે. ઔરંગઝેબ તે પછીના હુમલામાં મંદિર તોડવામાં સફળ થયો હતો. ૧૭૫૭માં અહેમદશાહ અબ્દાલીએ મથુરા, વૃંદાવન પર હુમલો કર્યો હતો. હિન્દુઓના આસ્થા સ્થાનમાં જે ધાર્મિક સ્થાન દેખાય તે બધાને લૂંટવા અને જમીનદોસ્ત કરી નાખવાના સ્પષ્ટ આદેશ સાથે કરાયેલ આ હુમલામાં મથુરા અને વૃંદાવનમાં લોહીની નદીઓ વહેતી હતી અને લાશોના પહાડ લાગ્યા હોવાનું ઇતિહાસકારોએ નોંધ્યું છે. હજારો મહિલાઓએ યમુનામાં ઝંપલાવીને પોતાના શિયળની રક્ષા કરી હતી. ત્યાર પછી ગોકુળનો વારો આવ્યો. ત્યાં સુધીમાં નાગા સંન્યાસીઓ જ્યાં હતા ત્યાંથી ભેગા થઈ ગયા. કહેવાય છે કે અબ્દાલીની સેનામાં ૩૦,૦૦૦ સૈનિકો હતા, જેની સામે માત્ર ૪,૦૦૦ નાગા સાધુઓ ગોકુળની રક્ષા માટે ઊભા હતા. પોતાની જાતનું જ જેણે પિંડદાન કરી નાખ્યું હોય તેને વળી મરવાનો ડર ક્યાંથી હોય? નાગા સાધુઓએ ધર્મરક્ષા માટે એવું પરાક્રમ બતાવ્યું અને અબ્દાલીની સેનાનો એવો સંહાર કર્યો કે મહાભારતના યુદ્ધની યાદ આવી જાય. અફઘાન સેનાને એવી શિકસ્ત મળી કે ત્યાર પછી ગોકુળ પર ક્યારેય હુમલો થયો નહીં.


તેવી જ રીતે, ૧૭૭૦ પછી બંગાળમાં બ્રિટિશરો દ્વારા અનાજની ખુલ્લેઆમ લૂંટને કારણે પ્રજા ભૂખે મરવા લાગી હતી. ત્યારે ફરી એકવાર દશનામી સંન્યાસી નાગાઓએ તેનો જબરો વિરોધ નોંધાવ્યો અને તેમની સેનાનો પણ સામનો કર્યો. જેને કારણે બ્રિટિશ સેનાને અને સરકારને ભારે નુકસાન ભોગવવાનો વારો આવ્યો. આ વાતની ગવાહી બ્રિટિશ ગવર્નર જનરલ વોરન હેસ્ટિંગ્સના પત્રોમાં મળે છે. હેસ્ટિંગ્સે ૯ માર્ચ ૧૭૭૩ના રોજ જોસિસ ડુ પ્રીને લખેલા તેમના પત્રમાં સંન્યાસીઓની કામગીરી પર આશ્ચર્ય વ્યક્ત કર્યું હતું. તેઓ લખે છે કે 'તેઓ ન તો કપડાં પહેરે છે કે ન તો કોઈ નગર કે ગામ કે પરિવારો છે અને તેઓ હિન્દુસ્તાનમાં સૌથી કઠોર અને સક્રિય માણસો છે.' તેમણે અહીં ઉલ્લેખ કર્યો છે કે સંન્યાસીઓ ભારતમાં તમામ જાતિઓ દ્વારા આદરણીય હતા અને તેથી કડક આદેશો અને સજા હોવા છતાં કોઈએ તેમની હિલચાલ વિશે અંગ્રેજોને કોઈ ગુપ્ત માહિતી આપી નહોતી. સંન્યાસીઓ બંગાળ પ્રાંતમાં અચાનક જાણે સ્વર્ગમાંથી આવી ગયા હોય તેમ પ્રગટ થયા હતા.

આજે રાજકારણીઓ એકબીજા સામે આક્ષેપબાજી કરે છે કે કોણે આઝાદીની લડાઈમાં ભાગ લીધો અને કોણે નહીં, પણ સનાતન ધર્મના સંન્યાસીઓએ મોગલોથી લઈને બ્રિટિશરો સામે જે યુદ્ધો લડ્યાં છે તેની વાત બહુ ઓછી થાય છે. નાગા સાધુઓના રાષ્ટ્ર અને ધર્મરક્ષા માટેના આ પરાક્રમ અને બલિદાનને ઉચિત સન્માન આપવા માટે કુંભના પ્રથમ સ્નાનના અધિકારી તેમને બનાવવામાં આવ્યા. ત્યારથી કુંભનું પ્રથમ સ્નાન નાગા સાધુ કરે, તે પછી અન્ય સંન્યાસીઓ કરે અને ત્યાર બાદ ગૃહસ્થો સ્નાન કરે તેવી પરંપરા ચાલી આવે છે. ■

અલખનો ઓટલો

ડૉ. નિરંજન રાજ્યગુરુ
feedback@bombaysamachar.com

# નરસિંહ મહેતાની લોકપ્રિય પદ રચનાઓ...



નરસિંહ મહેતાના નામાચરણ સાથે લોકભજનિકોના કંઠે ગવાતી નીચેની પદ-ભજન રચનાઓ પણ આપણને બહુધા અધિકૃત ગણાતા સંપાદનોમાં જોવા મળતી નથી.. જે આજે પણ લોકોની કંઠસ્થ પરંપરામાં જીવતી રહી છે.

*જા જા નીંદરા હું તને વારું,*
*તું છો નાર ધુતારી રે ..*
*-જા જા નીંદરા હું તને વારું ...૦*
*નીંદરા કહે હું નહીં રે ધુતારી,*
*હું છું શંકર નારી રે,*
*પશુ પંખીને સુખડાં આપું,*
*દુઃખડા મેલું વિસારી રે..*
*-જા જા નીંદરા હું તને વારું ...૦*
*એક સમે રામ વનમાં પધાર્યા,*
*લખમણને નીંદરા આવી રે,*
*સતી સીતાને કલંક લગાવ્યું,*
*ભાયુમાં ભ્રાંતું પડાવી રે..*
*-જા જા નીંદરા હું તને વારું ...૦*
*જોગી લુંટયા, ભોગી લુંટયા,*
*લુંટયા નેજા ધારી રે,*
*એકલ શૃંગીને વનમાં લુંટયા,*
*નગરના લુંટયા નરનારી રે..*
*-જા જા નીંદરા હું તને વારું ...૦*
*પહેલા પહોરે રોગી જાગે,*
*બીજા પહોરે ભોગી રે ,*
*ત્રીજા પહોરે તસ્કર જાગે,*
*ચોથા પહોરે જોગી રે..*
*-જા જા નીંદરા હું તને વારું ...૦*
*બાર બાર વરસ લખમણે ત્યાગી,*
*કુંભકરણે લાડ લડાવ્યાં રે ,*
*ભલે મળ્યાં મેતા નરસૈંના સ્વામી,*
*આશ પુરો મોરારી રે..*
*-જા જા નીંદરા હું તને વારું ...૦*

***

*આજ સખી રે અમે ગોકુળ ગ્યા તાં,*
*રમતાં દીઠા જદુરાય રે...*
*- આજ સખી રે અમે ગોકુળ ગ્યા તાં....૦*
*બળભદ્રજી ક્યિે તમે સુણો*
*જશોદા મોહન માટી ખાય રે...*
*કાન માતાજીની વાંહે ભરાણાં,*
*મીઠડો ઈ લાગે પાય રે...*
*- આજ સખી રે અમે ગોકુળ ગ્યા તાં....૦*
*માતા ક્યિે કાન કેમ સંતાણા?*
*માખણ ઓછાં થાય રે?*
*મુખડું ઉઘાડીને જુએ જશોદા,*
*ચૌદ બ્રહ્માંડ દેખાય રે..*
*- આજ સખી રે અમે ગોકુળ ગ્યા તાં....૦*
*પહેલું સખી મેં તો કૌતક દીઠું,*
*બળિને તિયાં પિયાળ રે,*
*નાગણિયું સાથે શેષનાગ દીઠા,*
*આ મોહનના મુખમાં ય રે..*
*- આજ સખી રે અમે ગોકુળ ગ્યા તાં....૦*
*હડહડતા માંય સમંદર દીઠા,*
*નવખંડ દીઠા એમાં ય રે,*
*રાસ ઘુમંતી મારી ગોપીયું દીઠી,*
*આ મોહનના મુખડામાં ય રે..*
*- આજ સખી રે અમે ગોકુળ ગ્યા તાં....૦*
*સાવ રે સોનાની માંય દ્વારકા દીઠી,*
*નવલખ ધેનુ એમાં ય રે,*
*ઈન્દ્ર સહિત ઈન્દ્રાસન દીઠાં,*
*ધરણી દીઠાં આભ રે..*
*- આજ સખી રે અમે ગોકુળ ગ્યા તાં....૦*
*બાઈ જશોદાએ બહુ તપ કીધાં,*
*જનમિયા જદુરાય રે,*
*ભલે મળ્યા મેતા નરસીના સ્વામી,*
*ગોપી આનંદ સુખ ગાય રે..*
*જુગ જુગ જીવો મારો લાલ રે..*
*- આજ સખી રે અમે ગોકુળ ગ્યા તાં....૦*

નરસિંહ મહેતાના જીવન-કવન વિશે આજ સુધીમાં હરગોવિંદદાસ કાંટાવાળા, ઈચ્છારામ સૂ. દેસાઈ, કનૈયાલાલ મુનશી, અંબાલાલ જાની, દુર્ગાશંકર શાસ્ત્રી, કે.કા.શાસ્ત્રી, જેઠાલાલ ત્રિવેદી, શિવલાલ જેસલપુરા, ઉમાશંકર જોશી, હરિવલ્લભ ભાયાણી, નટવરલાલ દેસાઈ, મગનભાઈ દેસાઈ, રજની દીક્ષિત, જયંત કોઠારી, દર્શના ધોળકિયા જેવા મહત્ત્વના સંશોધકો દ્વારા અઢળક સંશોધન થયાં છે. ગુજરાતી ભાષાનો કોઈ વિદ્વાન એમાંથી બાકાત નથી.

અંગ્રેજી અને વિશ્વની અન્ય કેટલીક ભાષાઓમાં પણ આપણે જાણતા નથી એવા ઘણા વિદ્વાનોએ નરસિંહ વિશે સંશોધનો આપ્યાં છે. જેમાં ફ્રાન્સની- પેરિસની સોરોબોર્ન યુનિના ડો. માલિંઝો/મેલિસને ફ્રેન્ચ ભાષામાં નરસિંહનાં પ્રભાતિયાં વિશે સંશોધન કરીને ગ્રંથ પ્રકાશિત કરેલ છે. તો અમેરિકાની વેલેસ્લી કોલેજના અધ્યાપક ડો.નીલિમા શુક્લ-ભટ્ટ દ્વારા નરસિંહ મહેતા ઓફ ગુજરાત- એ લેગસી ઓફ ભક્તિ ઈન સોંગ્સ એન્ડ સ્ટોરીઝ' -(ગીતો અને કથાઓમાં ભક્તિનો વારસો)- (ઓક્સફર્ડ યુનિ.પ્રેસ પ્રકાશન ૨૦૧૫.) પુસ્તક પ્રકાશિત થયેલ છે.

નરસિંહ આજે પણ લોકહૈયામાં જીવે છે એમની પોતાની કાવ્યસમૃદ્ધિને કારણે.. અને એમના પછીના સમયગાળામાં થઈ ગયેલા સંત-ભક્ત કવિઓ દ્વારા રચાયેલાં નરસિંહના ચરિત્રને વર્ણવતાં અનેક આખ્યાનોને કારણે.. નરસિંહ વિશે છેલ્લાં ચારસો વર્ષથી ગુજરાતી ભાષામાં ગદ્ય અને પદ્યમાં કથા, આખ્યાન, ભવાઈ, નાટ્ય, નૃત્ય, ફિલ્મ, સંકલન, સંપાદન, જીવન, ક્વન, દર્શન, સંશોધન, સંમાર્જન, વિવેચન, અર્થઘટન, કલાપક્ષ, ભાવપક્ષ...એમ અનેકવિધ ક્ષેત્રોમાં- અનેકવિધ દૃષ્ટિકોણથી- અનેકવિધ કક્ષાના વિદ્વાનો- અભ્યાસીઓ- સર્જકો-સાધકો દ્વારા, વિધવિધ ભાષાઓમાં પણ ઘણું બધું લખાતું-ગવાતું-પ્રકાશિત થતું રહ્યું છે. ■

આચમન

અનવર વલિયાણી
feedback@bombaysamachar.com

# પ્રેમ કી ગંગા બહાતે ચલો



*મીટા દે અપની હસ્તિ કો*
*અગર કૂછ મર્તબા ચાહે;*
*કે દાના ખાક મે મિલકર*
*ગુલે ગુલઝાર હોતા હૈ...*

બીજાની જિંદગીને સુંગધી બનાવવા પોતાને ખાક (માટી) ધૂળમાં રાખ કરી દેવી એ પણ એક સમર્પિતતાની કળા હોઇ આ આવડતને વાચા આપતા એક પ્રસંગથી આજના લેખનો પ્રારંભ કરીશું.

વનવગડાની સીમમાં એક વૃદ્ધા ઝાડના છાયામાં પાણીનું માટલું લઈને બેઠી હતી. આ ત્રિભેટે ત્રણ ગામોની સીમા ભેગી થતી હતી. વટેમાર્ગુની અવરજવર ઘણી હતી. એવા એક વટેમાર્ગુએ માટલાનું ઠંડું પાણી પીને પેલા માજીને પૂછ્યું.

* માજી, આવા ધોમધકતા તડકામાં આ કામ કરવાની તમને શું મજા પડે છે?

ત્યારે માજીએ કહ્યું,

* બેટા, ઘરડે ઘડપણે બીજું તો કોઈ કામ હોતું નથી.

- વૈશાખ મહિનાના ધોમ તડકામાં કાળ-ઝાળ ગરમીથી જેમને ગળે શોષ પડયો હોય તેમને ટાઢું પાણી પિવડાવીને મને ગજબનો સંતોષ મળે છે.

* આ ઉંમરે આવા સંતોષથી વધુ અમારે શું મેળવવાનું હોય?

- બીજી એક બોધકથા પ્રમાણે આંબાની કલમ રોપતા એક વડીલને એના પૌત્ર જેવા બાળકે પૂછ્યું.

* દાદા આ શું કરો છો?

- દાદાએ કહ્યું,

* આંબો રોપું છું.

- પરંતુ દાદા! પેલા બાળકે કહ્યું,

* આ વૃક્ષને ફળ આવતાં તો ૨૫-૩૦ વર્ષ વીતી જશે. ત્યાં સુધી તમે ક્યાં હશો? તો પછી આ મહેનત શા માટે કરો છો?

- દાંત વગરના બોખા મોઢે દાદાએ જવાબ આપ્યો,

* બેટા, હું તો તારા જેવડો હતો ત્યારે કો'કે વાવેલા આંબાનાં ફળ મેં ખાધાં હતાં. એ આંબો મેં વાવ્યો નહોતો, પણ મારા માટે કોઈ અજાણ્યા વડીલે વાવ્યો હતો. એના પરથી પ્રેરણા લઈને આજે હું જે આંબો વાવું છું તેનાં ફળ તને ખાવા મળશે.

- તું જે ફળ વાવીશ એ ભવિષ્યમાં કોઈ અન્ય બાળક ખાશે. આ જ કુદરતનો નિયમ છે.

બોધ :

- આવી દૃષ્ટાંત કથાઓ વાસ્તવમાં આપણી સાચી મૂડી છે.

- આ એવી મૂડી છે જે કદી ખૂટતી નથી.

- જેને કોઈ લૂંટી શકતું નથી અને જે વહેંચવાથી વધે છે.

* મધદરિયે હોડી હંકારતા નાવિકને રસ્તો બતાવતી દીવાદાંડી જેવી આ દૃષ્ટાંત કથાઓ માણસને માર્ગદર્શક બની રહે છે.

- આજે જયારે ચોમેર વિસંવાદના સૂરો સાંભળવા મળે છે.

- વાતાવરણમાં તનાવની ગંધ આવે છે.

- ભાઈ-ભાઈની આંખમાં બિનજરૂરી ઝનૂન અને અદાવત જોવા મળે છે ત્યારે આવી કોઈ દીવાદાંડીની જરૂર છે.

* સમાજને એખલાસભર્યો અને સુસંવાદી બનાવવા પરસ્પર ભાઇચારો જળવાઈ રહે એ આજની તાતી માગ છે.

* સમાજને ઘડવામાં,

* મુશ્કેલીમાં માણસને હિંમત જાળવી રાખવામાં

* સ્વસ્થ રહીને સંજોગોનો સામનો કરવામાં આવી દૃષ્ટાંત કથાઓ સહેજે માર્ગદર્શક બની રહે છે.

* મોટી મોટી વાતો કરનારાઓ,

* આપત્તિ આવે ત્યારે દૂર નાસી જનારાઓ અને

* અણધાર્યા સંજોગોમાં આપસમાં અંટસ-વધારનારાઓ સમાજને નષ્ટ કરવામાં નિમિત બની જાય છે.

- આજે જયારે પરિવર્તનનો પવન ફૂંકાઇ રહ્યો છે ત્યારે

* જરૂર છે શાંતિના દેવદૂત-ફરિશ્તાની,

* જરૂર છે સમાજને સાચો રાહ ચીંધનારાની.

- એક તરફ મોસમની ગરમી અને અસહ્ય તાપ

- બીજી તરફ કાચા તાતણાં જેવી શાંતિ અને સંબંધોની ઉષ્મા.

- આ બધામાં જરૂર હોય છે દૃષ્ટાંત કથાની.

- ભીની-ભીની માટીની સુગંધ જેવી શીતળતાની.

- એ શીતળતા માણસ માટે રણમાં મીઠી વીરડી જેવી બની રહે છે.

- આવી શીતળતા પ્રત્યેક શ્વાસમાં ધબકતી થાય ત્યારે જ દૃષ્ટાંત કથા સાર્થક થતી જણાય.

* ગામડે ગામડે અને વનવગડે તદ્દન અજાણ્યાઓ માટે પીવાનાં પાણીની પરબ બંધાવતા લોકો અન્યને આવી શીતળતા આપવાના મૂંગા પ્રયત્નો કરતા હોય છે. નત મસ્તકે તેમને પ્રણામ.

* આવતી પેઢી માટે આંબો રોપનારા બુઝુર્ગો જાણે અજાણ્યે સમાજમાં આંબાની મધુરતા પેદા કરવાનું સપનું સેવતા હોય છે.

- કદાચ કોઈ આંબો ખાટો નીવડે કે બગડી જાય ત્યારે ભૂલ્યા ત્યાંથી ફરીથી સવાર ગણવાનો તેમનો સંકલ્પ હોય છે.

- આવા બુઝુર્ગો પેલી કાવ્ય પંક્તિની યાદ તાજી કરાવે છે:

જગતમાં જીવન જીવતાં શીખી લેજો
સુગંધી અન્યને દેવા તમે જાતે બળી જજો.

* આવા વડીલો જયાં સુધી છે,

* આવા પ્રેરણા દાતાઓ જયાં સુધી છે,

- ત્યાં સુધી કોઈ પ્રયત્ન કરે કે ન કરે

* સમાજમાં શાંતિ

* સ્નેહ

* ભાઈચારો


* એખલાસ કાયમ રહેવાના.

- આ સનાતન સત્યને કે જે કદી પણ મિથ્યા થતું નથી તેને ભૂલશો નહીં. પ્રેમ કી ગંગા બહાતે ચલો.

ફોકસ

લોકમિત્ર ગૌતમ
feedback@bombaysamachar.com

# અલૌકિક અધ્યાત્મનો રોમાંચક આખ્યાન મહાકુંભ



આસ્થા અને ધર્મનો સંગમ દેખાડતો મેળો એટલે મહાકુંભ. જ્યાં પવિત્ર નદી ગંગામાં સ્નાન કરીને પુણ્યનું ભાથુ બાંધવામાં આવે છે. ૧૪૪ વર્ષ બાદ પ્રયાગરાજમાં આયોજિત આ મેળો શ્રદ્ધા, ધર્મ અને આધ્યાત્મનો ત્રિવેણી સંગમ છે.

આપણે બાળપણથી જ કુંભમેળાને સંબંધિત અનેક વાર્તાઓ અને માહિતીઓ સાંભળતા આવ્યા છીએ. જોકે એમાં પ્રત્યક્ષરૂપે હાજર રહીએ તો જ એનો અનુભવ ખરા અર્થમાં લઈ શકાય છે. માઈલો સુધી ભગવા ધારણ કરેલા સાધુ સંતોનો કાફલો, વાતાવરણને અલૌકિક બનાવતાં તેમનાં મંત્રોચ્ચાર, દૂર દૂર સુધી માનવમહેરામણ. આવો નજારો તો કુંભના મેળા સિવાય અન્ય ક્યાંય નહીં દેખાય. આ જ કારણ છે કે જેટલા પણ વિદેશી લેખકો, પ્રવાસીઓ અને વિવિધ ક્ષેત્રની વ્યક્તિઓએ કુંભમેળામાં હાજરી પુરાવી તો એનું વર્ણન કરવું તેમના માટે પણ શક્ય નહોતું.

અમેરિકન કવિ અને લેખક એલન ગિસબર્ગે પણ કુંભમેળાની મુલાકાત લીધી હતી. તેમણે જણાવ્યું હતું કે આમાં ભારતીય સંસ્કૃતિની ઊંડાઈ અને આધ્યાત્મિકતાનો એહસાસ કરી શકાય છે. માર્ક ટ્વેન એવા પત્રકાર હતા, જેઓ કોઈપણ ચીજ-વસ્તુને વધારીને બોલવાનું ટાળતા હતા. પોતાના રિપોર્ટમાં તેમણે લખ્યું કે આ મેળામાં કોઈપણ પ્રકારના આડંબર વગર ભારે સંખ્યામાં શ્રદ્ધાળુઓ આવે છે એ ખરેખર આશ્ચર્યચકિત કરે છે. આ જ કારણ છે કે મહાકુંભમાં માનવીય લાગણીઓ અને કલ્પનાઓ પરાકાષ્ઠાની હદ સુધી રોમેરોમમાં સોંસરવી ઊતરી જાય છે. બાળપણમાં સાંભળેલી કુંભની કથાઓ બાદ જ્યારે ખરેખર આ ભવ્ય મેળામાં જવાનો અવસર આવે છે ત્યારે એની મહાનતા અને વિરાટ દર્શન કરીને વ્યક્તિ ધન્યતા અનુભવે છે. એ નિહાળ્યા બાદ એનો જે રોમાંચ હોય છે એ વિશે તે કોઈ ટિપ્પણી કરવાની સ્થિતિમાં નથી હોતી. મહાકુંભ ખરેખર અદ્‌ભુત અને અદ્વિતીય અનુભવ છે. મેળામાં જે પ્રકારે લોકોની ભીડ ઊમટે છે એવો નજારો અન્ય કોઈ પ્રસંગમાં નહીં જોવા મળે.

મહાકુંભનું વાતાવરણ એટલું ભક્તિપૂર્ણ, આધ્યાત્મિક અને રોમાંચક હોય છે કે એનું વર્ણન કરવા માટે શબ્દો પણ સાંપડતા નથી. આ વિશ્વનો સૌથી મોટો આધ્યાત્મિક અને સાંસ્કૃતિક મેળો છે. લોકલાગણીનું આ એક વિશાળ સમ્મેલન છે. દિવ્યતા, ભવ્યતા અને ભક્તિ એ બધું એની સામે ઝાંખું પડી જાય. તમે જ્યારે પહેલી વખત કુંભમાં ડૂબકી લગાવો છો તો તમને પણ જાણ નહીં થાય કે એવી તે કઈ અસર છે જેને કારણે તમે હળવા ફૂલ જેવો અનુભવ કરો છો. એવું લાગે છે કે મન પરનો ભાર ડૂબકી લગાવતાં જ ક્ષણવારમાં પાણીમાં લિન થઈ ગયો છે. કુંભમાં સ્નાન કરતાં જ મન અને શરીર અલૌકિક દિવ્ય ઊર્જાનો અનુભવ કરે છે. મહાકુંભમાં સાધુ સંતોને નિહાળવા, તેમના ઉપદેશ સાંભળવા જીવનને વિરાટ રહસ્યોથી ભરી દે છે. સામૂહિકતાનો આટલો ભવ્ય એહસાસ ભાગ્યે જ ક્યાંય જોવા મળે. એવું લાગે છે કે મહાકુંભમાં ધર્મ અને પ્રકૃતિ પણ પરસ્પર ઓળઘોળ થઈ ગઈ હોય. હરિદ્વાર, પ્રયાગરાજ, ઉજ્જૈન અને નાશિકમાં આયોજિત થનાર કુંભમેળામાં સામેલ થવા કરોડો હિન્દુઓ તો આવે જ છે, પરંતુ સાથે જ વિદેશી પર્યટકો પણ આ દિવ્ય અનુભવ મેળવવા આવે છે અને આધ્યાત્મની સરિતામાં ડૂબકી લગાવે છે. કુંભમેળાની પાછળ આપણા પુરાણમાં પ્રચલિત કથા છે. એવું કહેવાય છે કે સમુદ્રમંથન વખતે નિકળેલા અમૃતના કળશને લેવા માટે દેવો અને દૈત્યો વચ્ચે યુદ્ધ છેડાયું હતું. દેવો એ કળશ લઈને ભાગ્યા હતા. એ વખતે અમૃતની અમુક બૂંદ હરિદ્વાર, પ્રયાગરાજ, ઉજ્જૈન અને નાશિકમાં પડી હતી. એથી અહીં કુંભમેળાની શરૂઆત કરવામાં આવી છે. ભાગવત પુરાણ, વિષ્ણુ પુરાણ, રામાયણ અને મહાભારતમાં પણ એનો ઉલ્લેખ કરવામાં આવ્યો છે. એથી એક વાત તો નિશ્ચિત છે કે હજારો વર્ષથી આધ્યાત્મનો આ મેળો સતત આયોજિત થતો આવ્યો છે. જોકે આટલાં વર્ષો બાદ પણ એનું આકર્ષણ જરાય ઘટ્યું નથી. કુંભનો જાદુ આજે પણ એટલો જ કાયમ છે. આ જ કારણ છે કે સનાતન પરંપરા અને આધ્યાત્મિક આખ્યાનની ધૂણી આજે પણ અવિરત પ્રજવલિત છે. ■

# નિષ્કુળાનંદસ્વામી : વૈરાગ્યભાવ અને ભક્તિતત્ત્વના તર્કપૂત ઉદ્‌ગાતા

**ભજનનો પ્રસાદ**

ડૉ. બળવંત જાની
feedback@bombaysamachar.com

નિષ્કુળાનંદ સ્વામી ધોલેરાના મહંતપદે રહીને પોતાની વ્યવસ્થાપન શક્તિ અને રમણીય-કમનીય મંદિર નિર્માણમાં પોતાની કલાદૃષ્ટિની પરખનો પરિચય કરાવેલો. ખાસ તો મંદિરના પ્રમુખ દ્વારની એક જ પથ્થરમાંથી પોતે કમાન આલેખેલી અને કોતરેલી. એમણે ઈષ્ટદેવના અખંડ નામ-જાપથી કોરેલી કમાનનો પણ ભક્તજનો સ્પર્શીને દર્શનલાભ મેળવે છે. આ કોતરણી એવી દિવ્ય તેજ પાથરતી કે બ્રહ્માનંદ સ્વામીએ એની પ્રતિકૃતિને નમૂના તરીકે નિર્મિત કરાવીને મૂળીના સ્વામિનારાયણ મંદિરમાં કોતરાવીને સ્થાપિત કરેલી. એક વખત સુરેન્દ્રનગર સ્વામિનારાયણ ગુરુકુળના ગુરુવર્ય સાત્ત્વિકસંત નારાયણ સેવાદાસજી સાથે બ્રહ્માનંદ સ્વામીના સફળ પરિસંવાદના સમાપન પછી દિનાંક ૬-૫-૯૯ના દિવસે મૂળી મંદિરના દર્શનાર્થે જવાનું બનેલું. નારાયણસેવાદાસજીએ એ કમાનની વંદના કરેલી અને તે સમયના સાથી નાનાસ્વામીએ તો ત્યાં તેની સમક્ષ પણ દંડવત કરેલા. ત્યારે નારાયણસેવાદાસજીએ નિષ્કુળાનંદની શિલ્પકળાની આ વિગતો મને જણાવેલી. એ આજે પણ સ્મરણમાં અકબંધ છે.

ગઢડા અને જૂનાગઢના મંદિરોના રમણીય નિર્માણની પાર્શ્વભૂમાં પણ નિષ્કુળાનંદ સ્વામીએ દાખવેલો કલાત્મક દૃષ્ટિકોણ એ સંપ્રદાયમાં કંઠોપકંઠ જળવાયેલું સત્ય-તથ્ય છે :

એમનું પૂર્વાશ્રમનું પરંપરિત ગુજરાતી શૈલીનું તળપદુ શિલ્પ-કોતરણી કૌશલ્ય સંતઅવસ્થા જીવનમાં પણ જળવાયું અને પરંપરાનું એ નિમિત્તે જતન-સંરક્ષણ થયું. ગુજરાતના સ્વામિનારાયણ મંદિરોમાંની કાષ્ટકોતરણી અને પથ્થર કોતરણીથી ઓપતાં મંદિરોનું સ્થાપત્ય ગુજરાતની મંદિર સુશોભિત કલામાં એક મહત્ત્વનું પ્રકરણ છે. જૈનમંદિરોની સમાન્તરે એનું સાત્વિક અને સંયમિત ભાવને પ્રગટાવતા રૂપને હું નિષ્કુળાનંદની દૃષ્ટિ-સૃષ્ટિનું પરિણામ ગણું છું. ભવિષ્યમાં આર્કિટેક્ટ વિદ્યાના નિષ્ણાતો આનો અભ્યાસ કરશે ત્યારે એનું ખરું તથ્ય અભ્યાસીઓ સમક્ષ પ્રગટશે. નિષ્કુળાનંદનું શિલ્પકૌશલ્ય પણ શબ્દ-કાવ્ય કૌશલ્યની સમાન્તરે ભારે મહત્તા અને મૂલ્યવત્તા ધરાવનારું ઘટક છે. તેઓની સાત્વિક વ્યક્તિમત્તા જાણેકે શિલ્પ અને શબ્દના માધ્યમથી અનુપમ રૂપે પ્રગટી જણાય છે.

* * *



નિષ્કુળાનંદનો પૂર્વાશ્રમનો ઈ.સ. ૧૮૦૦માં જન્મેલો મોટો દીકરો માધવ અઢાર વર્ષની વયે ઈ.સ. ૧૮૧૮માં પિતાશ્રી નિષ્કુળાનંદજીના દર્શને ગઢડા આવેલ અને પછી ભગવાન સ્વામિનારાયણના દર્શને ગયો. શ્રીહરિ એમને જોઈને ખૂબ પ્રસન્ન થયા. આશીર્વાદ આપતા કહેલું કે બ્રહ્મચારીજી એમને તમે નિત્યપ્રસાદનો થાળ જમાડજો. પછી માધવ એક મહિના જેટલો સમય રહ્યા. વિદાય પૂર્વે નિષ્કુળાનંદની પાસે દર્શને ગયા. નિષ્કુળાનંદજીએ સંસારની અસારતાનો અને માનવ સંબંધોની ક્ષણભંગુરતાનો બોધઉપદેશ આપેલો. મુક્તાવતાર હોવાથી ભાવબોધનો મર્મ પામીને સીધા જ ગોપાળાનંદજી સ્વામી પાસે જઈ સાધુ થવાની મહેચ્છા જણાવી. સ્વામીએ અનુમતિ આપીને ભગવા ધારણ કરાવીને શ્રીહરિ પાસે દર્શનાર્થે લઈ ગયા. પરિચય પામીને પ્રસન્ન થઈને કહ્યું કે 'સિંહના તો સિંહ જ હોય ને' એમની વૈરાગ્યવૃત્તિ જાણી વિશેષ આનંદિત થયેલા. સાધુરૂપે ગોવિંદાનંદ નામકરણ કરાવીને ગોપાળાનંદ સ્વામી પાસે સાળંગપુર હનુમાનજીની સેવામાં સાથે રાખેલા. નૈષ્ઠિક બ્રહ્મચારી તરીકે, પ્રથમ આરતી ઉતારનારા અને બાદમાં હનુમંત સેવક તરીકે તેઓ ભારે ખ્યાત થયેલા.

નિષ્કુળાનંદના પુત્ર દીક્ષિત થયા પછી શ્રીહરિએ પુનઃ નિષ્કુળાનંદજીને ગૃહસ્થમમાં જવાનું કહેલું એના પ્રત્યુત્તરરૂપે રજૂ કરેલાં પદનો એક અંશ જુઓ :

'મને સુપને ન ગમે રે સંસાર, કોને કેમ કીજીયે
વમન થયું મન ઉતર્યું, એવો જાણ્યો રે સંસાર.'

બીજા એક પદમાં પણ ગાયું છે કે
'મુને મળ્યા પુરુષોત્તમરાય, રોક્યો કેન્યો નહીં રહું.'

પોતાને થયેલા સાક્ષાત્કારની મનોભિવ્યક્તિ એમાં અવલોકી શકાય છે.

* * *

વિ.સં. ૧૯૦૨, ઈ.સ. ૧૮૪૬માં એમના આયુષ્યના અંતિમ ગાળામાં અનેક રોગથી, ખાસ તો ખાંસી, તાવ અને ક્ષયરોગથી ઘેરાયેલા રહેતા, છતાં પણ ભક્તિસંદર્ભના શાસ્ત્રમતને પદ્યમાં ઢાળીને ૪૪ કડવાં, અગિયાર પદ, એક ધોળ, બે-સોરઠા અને બે દોહરા મળીને કુલ ૫૦૮ ચરણનો એમના શાસ્ત્રોના સ્વાધ્યાયના, વ્યાપકરૂપના શાસ્ત્રીય અભ્યાસના અર્કરૂપ 'ભક્તનિધિ' ગ્રંથ રચનામાં ભારે નિષ્ઠાથી ધોલેરાના મંદિરમાં બેસીને સર્જન રત રહ્યા. અશક્ત શરીર, ધ્રુજતા અંગો અને સતત ઉધરસ-ખાંસી વચ્ચે શ્રીહરિનું સ્મરણ કરતા રહીને લેખન મગ્ન રહેતા. ક્યારેક માથું ઢાળિયા પર ઢાળીને વિશ્રામ કરી લેતા. સાથી સંતોએ આવી પીડામાંથી મુક્તિ માટે સ્વધામમાં લઈ જવાની શ્રીહરિને પ્રાર્થના કરેલી. નિષ્કુળાનંદજીને આનો ખ્યાલ આવી જતાં કહેલું કે 'મારા શરીરમાં દુઃખ થતું હોય તો ભલે થાય, પરંતુ મને ભક્તિ અને દર્શનાદિકનો દુર્લભ લાભ મળે છે. પ્રારબ્ધ કર્મ નિરવશેષ આ જન્મમાં જ કરવાના હોય. ભક્તવત્સલ ભગવાનને જેમ કરવું હોય તેમ કરશે.' નિષ્કુળાનંદની આવી અશેષ વૈરાગ્યભાવના એમની અધ્યાત્મક્ષેત્રની ભારે ઊંડાણ અને ઊંચાઈ ધરાવતી ભૂમિકાનો પરિચય કરાવે છે. 'ભક્તનિધિ' ગ્રંથ ચૈત્ર મહિનાની નવમીએ પૂર્ણ કર્યો, પછી નામજાપ અને ધોલેરા મંદિરે આરસનું કામ કરાવતા તેમાં દેખરેખ રાખતા અને સતત શ્રીહરિની મૂર્તિમાં જ ધ્યાનમગ્ન રહેતા. અષાઢ વદ ચોથની આગલી રાત્રીએ રામાનંદસ્વામીએ દિવ્યદર્શન આપીને કહ્યું કે ધામમાં તેડી જવા છે, નિષ્કુળાનંદને દૃઢ ભક્તિ ભગવાન સ્વામિનારાયણમાં જ હતી એટલે કહે કે બીજે દિવસે રાજભોગના દર્શન કરી સાધુ-સંતોને જ મોક્ષને ભગવાનની મૂર્તિમાં ધ્યાન ધરીને બાર વાગ્યે ભગવાનશ્રી સ્વામિનારાયણ સાથે અક્ષરધામમાં આવવું છે.' એમ જ થયું. ધોલેરામાં એમની સમાધિનો ઓટલો છે. આજે પણ ત્યાગમૂર્તિ, સંતભક્તકવિ અને સદાચારી નિષ્કુળાનંદની દિવ્યચેતના એમને સ્પર્શતા જ આપણને ધ્યાનમગ્ન અવસ્થામાં મૂકી દયે છે.

એંશી વર્ષના આયુષ્યમાંથી એકતાલીશ વર્ષ ગૃહસ્થાશ્રમ અને એટલા જ વર્ષનો સંતજીવનકાળ. ચાલીસ વર્ષના સંતજીવનકાળમાં સતત સાહિત્ય ઉપાસના કરી અને શ્રીહરિની કૃપાએ અમરત્વ અર્પનારા વેદાંત, દર્શન, ધર્મશાસ્ત્રોના વ્રતોનું ઈષ્ટ અર્થઘટન, ઉપનિષદ અને પુરાણોના અભ્યાસનો અર્ક ઉપરાંત શ્રુતપરંપરા અને સત્સંગ દ્વારા અર્જીત કરેલ જ્ઞાનને સ્વામિનારાયણ સિદ્ધાંતને ઢભાવ આપવા માટેનું સમુચિત સર્જન કર્યું, એ સંપ્રદાયમતને સમર્થિત કરતી મહત્ત્વની મુદ્રાઓ છે.

(ક્રમશઃ)■

## ક્લાસિફાઈડ


**૯. લગ્ન સંબંધી**

**જેજેસી કાંદિવલી** સંચાલિત
**જૈન સગપણ માહિતી સેન્ટર, કાંદિવલી**
**"અગિયારમો યુવા મેળો"**
Email : info@jjckandivali.com
● અપરિણિત યુવક - યુવતી સંમેલન ●
રવિવાર તા. ૦૬.૦૪.૨૦૨૫, સમયઃ સવારે ૯ થી બપોરે ૨ સુધી
Qualification : Minimum Graduate, વય મર્યાદા : ૨૧ થી ૪૦ વર્ષ સુધી
રજીસ્ટ્રેશન ફી ▶ Candidate + 1 = 1200/- Candidate + 2 = 1800/-
સ્થળ : ઠાકુર ઈન્ટરનેશનલ સ્કૂલ, એમ જી રોડ, જય સંતોષી માતા મંદિરની ગલીમાં, કાંદિવલી (વેસ્ટ)
નામ નોંધવાનુ સ્થળ અને સમય:
૧) સાંઈરાજ ગાર્ડન, દુકાન નં.૯, મોદી પાર્કની સામે, ઈરાનીવાડી, હેમુ કલાની રોડ નં.૩, કાંદિવલી (વે), દર ગુરૂવારે સાંજે ૪ થી ૬ અને રવિવારે સવારે ૧૦ થી ૧૨
૨) કલકત્તા ટી સેંટર, શોપ નં. ૫, દત્તાની શોપિંગ સેંટર, વસનજી લાલજી રોડ, સરોવર હોટેલની બાજુમાં, કાંદિવલી (વે), મુંબઈ-૬૭. રવિવાર સિવાય રોજ સાંજે ૫.૦૦ થી ૮.૦૦
વધુ વિગત માટે નિમ્નલિખિત ટેલીફોન ઉપર સંપર્ક સાધવા વિનંતી
હંસા શાહ : ૯૯૨૦૭૨૨૫૪૨ | કમલેશ પારેખ : ૯૩૨૦૦૮૫૦૮૪ | સંજય શાહ : ૯૮૨૧૦૫૦૧૬૯
નવિન શાહ : ૯૮૨૦૬૨૫૮૮૦ | રેખા શાહ : ૯૮૬૯૭૮૭૪૩૯ | ચિરાગ સંઘાણી : ૯૮૬૯૩૪૨૫૧૯
(દહેજ નહીં.) (બી-૧૫૫૦૬)

**૧૦. મહિલાઓ માટે**

**કાનનાં મોટા કાણાં**
દવાથી એક જ સીટીંગમાં પુરાવો તરત બુટ્ટી પહેરો. નાક કાન વિંધાવો. બોરીવલીઃ 9969388693/ 7506569229. (બી-૧૫૩૬૧)

**૧૨. યાત્રા સહેલગાહ**

ARHAM HOLIDAYS 9769977466 / 9892534488 Per Couple Individual Tours Private Car BFast Dinner Andaman 44000 Himachal 45000 Kashmir 54000 Uttaranchal 55000 Sikkim 58000 Lakshwadeep Cruise 59500. (B-15479)

**૧૭. જગ્યા આપવી છે**

**કોલાબા**
ટેલિફોન ભવનની સામે લીવલાયસંસ ૧ બીએચકે પાર્ટલી ફર્નિશ્ડ 85000/-, પેડર રોડ જશલોકની સામે ફુલ્લી ફર્નિશ્ડ 90000/-, તુરંત કબજો. 9820296693 'કટારિયા એજન્ટ'. (૧૫૫૪૭-એ)

**૧૯. ફેક્ટરી વર્કશોપ**

**વસઈ**
**ઈન્ડસ્ટ્રીયલ ગાળા લેવા-વેચવા-ભાડેથી વિશ્વસનીય નામ રાજેશ દડિયા 9326495003. (એસડીબી-૨૨૭૨)**

**૨૦. ધંધાદારી જગ્યા**

■ ફર્નિશ્ડ ઑફિસ ૩૦૭ ચો. ફુટ, ૨ કેબીનો સાથે, વર્ક સ્ટેશન, અશોકા શોપિંગ કોમ્પલેક્ષ, કાફર્ડ માર્કેટ ૯૮૬૭૩૦૭૮૮૫/ ૯૮૬૯૦૦૨૬૬૪/ ૯૯૨૦૨૯૮૪૬૬. (બી-૧૫૪૯૪)

**૩૧. નાણાંકીય**

**FUNDING / LOAN**
Non Performing Assets, One Time Settlement, Stuck Real Estate Project, Difficult Cases, Unsecured, Structured, Order Finance. 24 years experience. 9819878744. (15478-A)

**૩૩. ધંધાદારી**

**"પ્રતાપ પેકર્સ-મુવર્સ"**
50 વર્ષથી ઓફિસ/ ઘરસામાન, ફેરવવા - ૯૮૨૧૦૭૦૩૨૦, ૯૮૨૧૫૪૩૮૧૬, ૨૩૪૮૧૬૪૭. લલિતભાઈ ઠક્કર. (એસએ/૨૬૦૫-એ)

**૪૪. પેસ્ટ કન્ટ્રોલ**

**એસ પેસ્ટીસાઈડ**
(૧૯૯૩થી) ઉધઈ, વાંદા, માંકડ. કાંદિવલીઃ 9833523290, 9220789533 ચીરાબજાર : 9029181030. (૧૫૪૩૯-બી)

**૫૨. કુરીઅર્સ**

**મનસ્વી પાર્સલ**
યુરોપ, અમેરિકા, ન્યુઝીલેન્ડ, ઓસ્ટ્રેલીયા, કેનેડા, દુનિયાભરમાં સસ્તામાં મોકલવા. 9820194719 / 7208019515. (૧૫૦૨૬-એ)

■ વિદેશમાં અમેરિકા, લંડન, Europe, Australia, Canadaમાં વસતા સ્નેહીજનોને પાર્સલ મોકલવા માટે. અંધેરી East 9825305632, 9320095632. (બી-૧૫૪૯૨)

**એસએસ એક્સપ્રેસ**
કુરિયર, યુકે, યુએસએ, કેનેડા, દુબઈ, ઓસ્ટ્રેલિયા, યુરોપ, 9699601689 / 8291516972. (બી-૧૫૪૫૬)

**મુંબઈ સમાચાર**
વાચકોને આથી ભલામણ કરવાની કે આ પ્રકાશનમાં પ્રસિદ્ધ થતી કોઈપણ જાહેરખબરના સંદર્ભમાં પૈસા મોકલતા અગાઉ કે તબીબી ભલામણના આધારે થતા ખર્ચ અથવા તો તેવા જ પ્રકારની કોઈપણ વચનપૂર્તિ કરતા અગાઉ અધિકૃત પૂછપરછ અને સલાહ લેવી. મુંબઈ સમાચાર જૂથ જાહેરાતની કોઈપણ સેવા કે ઉત્પાદનો અંગે કોઇ જ દાવાની ચકાસણી કરતું નથી. પ્રીન્ટર, પબ્લિશર, તંત્રી, મુંબઈ સમાચાર જૂથ પબ્લિકેશનનાં માલિકો તેનાથી ઉપસ્થિત થતાં કોઈપણ પરિણામ કે દાવા જો જાહેરાતકારો નકારે તો તેની જવાબદારી લેશે નહીં.
email id for advertisement: samacharadvt@gmail.com


# શાકંભરી માતાનો પ્રાકટ્યોત્સવ ને મહિમા

**શિવ રહસ્ય**

ભરત પટેલ
feedback@bombaysamachar.com

(ગતાંકથી ચાલુ)

ફરી સ્વર્ગ તેના રાજા વગર નિરસ થઈ જાય છે. ભગવાન શિવની આજ્ઞાથી દેવરાજ ઇન્દ્ર માનસરોવરમાં એક મોટા કમળની નાળમાં સમાઈ શકે તેટલું શરીર કૃષ કરી નાળમાં બેસી આરાધના કરે છે. દેવરાજ ઇન્દ્રની આરાધનાનો સ્વર વૈકુંઠલોક અને બ્રહ્મલોક સુધી પહોંચતાં માતા સરસ્વતી, બ્રહ્મદેવ, માતા લક્ષ્મી અને ભગવાન શ્રીહરિ વિષ્ણુ કૈલાસ પહોંચે છે. બ્રહ્મદેવ ભગવાન શિવને કહે છે, 'અહીંથી અમારા લોક સુધી દેવરાજ ઇન્દ્રની આરાધનાનો સ્વર ગૂંજતા અમે આપની વિનંતી કરીએ છીએ કે દેવરાજ ઇન્દ્રને વરદાન આપી તેમની કુરૂપતા દૂર કરો, જેથી તેઓ ફરી સ્વર્ગની ગાદી સંભાળી શકે.' ભગવાન શિવ તેમની સાથે માનસરોવર પહોંચે છે અને દેવરાજ ઇન્દ્રને કહે છે, 'દેવરાજ ઇન્દ્ર આંખ ખોલો, જુઓ સ્વર્ગ તમારી આગેવાનીની પ્રતિક્ષા કરી રહ્યું છે.' કુરૂપતા દૂર થતાં દેવરાજ ઇન્દ્ર ત્રિદેવ અને દેવીઓના આશિર્વાદ લઈ સ્વર્ગલોક તરફ પ્રયાણ કરે છે. એક દિવસ પૃથ્વીલોકથી 'ઓમ બ્રહ્મદેવતાય નમઃ'નો સ્વર બ્રહ્મલોક, સ્વર્ગલોક અને વૈકુંઠલોક સુધી પહોંચવા માંડે છે. બ્રહ્મદેવનું વરદાન મળતાં જ દુર્ગમાસુર ગેલમાં આવી જાય છે અને પૃથ્વીવાસીઓ પર અત્યાચાર કરવાની શરૂઆત કરે છે. ત્યારબાદ દુર્ગમાસુર બળથી ચારેય વેદનો સ્વામી બની ગયો. વેદો અને વૈદિક ક્રિયાઓ નષ્ટ થવા લાગતાં બ્રાહ્મણો અને દેવતાઓ દુરાચારી થઈ ગયા. કોઈ જગ્યાએ ન તો દાન દેવાય છે, નથી તો અત્યંત ઉગ્ર તપ થતું. ન યજ્ઞ થતા હતા કે ન હોમ-હવન. આનું પરિણામ એ આવ્યું કે પૃથ્વી પર ઘણા વરસો સુધી વરસાદ જ ન પડયો. બધાને ભૂખ-તરસનું કષ્ટ સતાવવા લાગ્યું. કૂવા, વાવડી, સરોવર, નદીઓ અને સમુદ્રો પણ જળરહિત થઈ સુકાઈ ગયાં.

***

અસુર દુર્ગમના પ્રકોપથી નદીઓ અને સમુદ્રો જળરહિત થઈ જતાં સંસારના સમસ્ત વૃક્ષ અને લતા સુકાઈ ગયાં, આનાથી પૃથ્વીવાસીઓનાં ચિત્તમાં દીનતા ઊભરાઈ આવી. સમસ્ત મનુષ્યોના મહાન દુઃખને જોઈ સપ્તર્ષિ દેવરાજ ઇન્દ્ર સમક્ષ પધારે છે.

ઋષિ વશિષ્ઠઃ 'દેવરાજ ઇન્દ્ર તમે સ્વર્ગના રાજા છો, પૃથ્વીવાસીઓની દીનતા જોઈ તેમની દયા આવી રહી છે. તમારે આગેવાની લઈ દુર્ગમાસુરનો વધ કરવો જોઈએ.'

દેવરાજ ઇન્દ્રઃ 'હું પણ કંઈક કરવાનો વિચાર કરી રહ્યો છું, પણ બ્રહ્મદેવનું વરદાન મને કંઈ કરવા દેતું નથી, અસુર દુર્ગમને વરદાન છે



કે, કોઈપણ દેવતા તેમનાં અસ્ત્ર કે શસ્ત્રથી તેનો વધ નહીં કરી શકે. આવાં વરદાન બાદ આપણે યુદ્ધ કરતાં હારનો જ સામનો કરવો પડશે. તમે સપ્તર્ષિ જે આજ્ઞા આપો તે પ્રમાણે સમસ્ત દેવગણ કરવા તૈયાર છે.'

ઋષિ વશિષ્ઠઃ 'આનો ઉપાય મને એ લાગી રહ્યો છે કે આપણે વરદાન આપનારા બ્રહ્મદેવની શરણે જ જવું જોઈએ તેઓ જ અસુર દુર્ગમને કઈ રીતે દંડિત કરવો તે જણાવી શકે.'

સપ્તર્ષિ, દેવરાજ ઇન્દ્ર સહિત સમસ્ત દેવગણ બ્રહ્મલોક પહોંચે છે.

ઋષિ વશિષ્ઠઃ 'હે પરમપિતા સૃષ્ટિ રચયિતા બ્રહ્માજી તમારી સૃષ્ટિને ગ્રહણ લાગી ગયું છે, પૃથ્વી પર ઘણા વરસોથી વરસાદ જ પડયો નથી. બધાને ભૂખ-તરસનું કષ્ટ સતાવવા લાગ્યું. કૂવા, વાવડી, સરોવર, નદીઓ અને સમુદ્રો પણ જળરહિત થઈ ગયાં છે. સંસારના સમસ્ત વૃક્ષ અને લતા સુકાઈ ગયાં, આવી પૃથ્વીવાસીઓની દીનતા જોઈ તમને તેમની દયા નથી આવતી. સંસારને દુર્ગમાસુર નામના લાગેલા ગ્રહણને કઈ રીતે દૂર કરી શકાય.'

બ્રહ્મદેવઃ 'ચતુર દુર્ગમે વરદાન માગતી વખતે એવું વરદાન માગ્યું છે કે કોઈ દેવતા એમનાં અસ્ત્ર કે શસ્ત્રથી તેનો વધ કરી શકે નહીં. હવે આપણી પાસે એક જ માર્ગ છે કે આપણે મહેશ્વરી મહામાયા માતા પાર્વતીના શરણે જવું જોઈએ.'

બ્રહ્મદેવ સહિત સમસ્ત દેવગણ કૈલાસ પહોંચે છે.

બ્રહ્મદેવઃ 'હે મહેશ્વરી તમારી કૃપાદૃષ્ટિ સંસારવાસીઓ પર પાડો, તેમની રક્ષા કરો, દુર્ગમાસુરના પ્રકોપથી સમસ્ત સંસારના પ્રાણીઓ નષ્ટ થઈ જશે, હે મમતામયી તમે જેવી રીતે દૈત્ય શુંભ-નિશુંભ, ચંડ-મુંડ, રક્તબીજ, ધૂમ્રલોચન, મધુ, કૈટભ તેમજ મહિષાસુરનો વધ કર્યો તેમ દુર્ગમાસુરનો શીઘ્ર સંહાર કરો. સંસારના માનવરૂપી બાળકોથી તો ડગલે ને પગલે અપરાધ થતા જ રહે છે, કેવળ માતા સિવાય સંસારમાં બીજું કોણ છે જે અપરાધને સહન કરતું હોય, દેવતાઓ અને સંસારવાસીઓ પર જ્યારે દુઃખ આવે છે ત્યારે તમે જ અવતાર લઈને લોકોને સુખી કરો છો.'

માતા પાર્વતીઃ 'બ્રહ્મદેવ તમે પરમપિતા છો, તમારા હૃદયમાં સંસારવાસીઓના દુઃખની ગ્લાની હું પણ અનુભવું છે, તમારી ઇચ્છા મુજબ હું જરૂર અવતાર લઇશ.'

દેવતાઓની પ્રાર્થના સાંભળીને મહેશ્વરી માતા પાર્વતીએ એ સમયે પોતાના અનંત નેત્રોથી યુક્તરૂપનું દર્શન કરાવ્યું. એમનું મુખારવિંદ પ્રસન્નતાથી ખીલી ગયું. એમના ચાર હાથમાં ધનુષ, બાણ, કમળ તથા વિવિધ પ્રકારનાં ફળ-મૂળ હતાં. એ સમયે સંસારવાસીઓના કષ્ટ જોઈને માતા પાર્વતીના નેત્રોમાંથી કરુણાનાં આંસુ છલકાઈ આવ્યાં.

માતા વ્યાકુળ થઈને લગાતાર આઠ દિવસ અને આઠ રાત રડતાં રહ્યાં. તેમના નેત્રોથી અશ્રુજલની હજારો ધારાઓ પ્રવાહિત થઈ, માતાના અશ્રુજલની ધારાઓથી સંસારવાસીઓ તૃપ્ત થઈ ગયા. એ ધારાઓથી સમસ્ત સંસારના કૂવા, વાવડી, સરોવર, નદીઓ અને સમુદ્રો અગાધ જળથી ભરાઈ ગયા. સંસારના સમસ્ત વૃક્ષ અને લતા ફરી લહેરાવા લાગી. ફરી પૃથ્વી પર શાક, ફળ, મૂળ અને ઔષધિઓના અંકુર ઉત્પન્ન થવા લાગ્યા. મહેશ્વરી માતા પાર્વતી શુદ્ધ હૃદયવાળા મહાત્મા પુરુષ અને સ્ત્રીઓને પોતાના હાથમાં રાખેલા ફળ વહેંચવા લાગ્યાં. એમણે ગાયોને સુંદર ઘાસ અને બીજા પ્રાણીઓ માટે યથાયોગ્ય ભોજન પ્રસ્તુત કર્યાં. દેવતા બ્રાહ્મણ અને મનુષ્યો સહિત સંપૂર્ણ પ્રાણીઓ સંતુષ્ટ થઈ ગયા.

***

મહેશ્વરી માતા પાર્વતી આઠ દિવસ અને આઠ રાત રડતાં રહ્યાં તે દિવસો એટલે પૌષ સુદ આઠમથી પૌષ સુદ પૂનમ. ત્યારથી સંસારવાસી દેવી ભક્તો માતાને શાકંભરી માતા અને આ આઠ દિવસને પૌષી શાકંભરી નવરાત્રિ તરીકે ઓળખે છે. આ પૌષી શાકંભરી નવરાત્રિના આઠ દિવસ દેવિ ભક્તો માતા શક્તિની ઉપાસના, ઉપવાસઅને વ્રત કરે છે.

(ક્રમશઃ)■

# નિયતિ-પ્રયત્ન-સંયોગ

**ચિંતન**

હેમુ ભીખુ
feedback@bombaysamachar.com

પુરુષાર્થનું પરિણામ એ બાબતને આધારિત હોય છે કે તે શેના દાયરામાં આવે છે - નિયતિ, પ્રયત્ન કે સંયોગ. નિયતિ એટલે વિધાતા દ્વારા નક્કી થયેલ બાબત, પ્રયત્ન એટલે પુરુષાર્થના પ્રકારના પ્રભુત્વવાળી સ્થિતિ અને સંયોગ એટલે એક કરતાં વધારે સમીકરણથી સ્થાપિત થતી બાબત.

નિયતિને ઈશ્વર-ઈચ્છા પણ કહી શકાય, પ્રારબ્ધ કે નસીબ પણ કહી શકાય. અહીં પરિણામ, પૂર્વના કોઈ કર્મને આધારે ઉદ્‌ભવતું હોય છે. ક્યારેક આ પ્રકારના કર્મ પૂર્વ જન્મનાં પણ હોઈ શકે. અહીં કાર્ય અને પરિણામ વચ્ચેનો સંબંધ સ્થાપિત કરવો મુશ્કેલ હોય છે, જેને કારણે પરિણામ શેને આધારે સ્થાપિત થયું છે તે નક્કી નથી થઈ શકતું. કોઈ જાણમાં ન આવે એવાં પરિબળ પુરુષાર્થનાં પરિણામને અસર કરે છે. આ પ્રકારની સ્થિતિમાં, ઘણા પ્રયત્નોને અંતે સફળતા ન પણ મળે કે આકસ્મિક સફળતા પણ મળી જાય, ઝીણવટતાપૂર્વક કરેલું આયોજન વ્યર્થ બની રહે અને અજાણતામાં લેવાયેલો નિર્ણય પરિણામ આપે, બુદ્ધિપૂર્વકનું પ્રયોજન કામ ન આપે અને રમતમાત્રમાં ઇચ્છિત પ્રાપ્ત થઇ જાય.

એમ કહેવાય છે કે ભારતનો ખેડૂત પ્રારબ્ધવાદી છે. ભારતના ખેડૂત નસીબને આધારે જીવન જીવતો હોય છે. તેના પુરુષાર્થનું પરિણામ વરસાદ પર અવલંબે છે. વરસાદ યોગ્ય હોય તો પણ ક્યાંક પાકની અંદર જીવાત પડી જાય. વાસ્તવમાં તો એમ લાગે છે કે ભારતનો સમગ્ર સમાજ જાણે પ્રારબ્ધમાં માને છે. ધાર્મિક વિચારધારાને આધારે આ યોગ્ય પણ. જ્યારે ગીતામાં એમ કહેવામાં આવ્યું હોય કે, 'તારો અધિકાર કર્મમાં છે, તેના ફળમાં નહીં', ત્યારે સ્વાભાવિક છે કે વ્યક્તિ ઈશ્વર-ઈચ્છા પર આધાર રાખે. આમાં કંઈ ખોટું પણ નથી. આ સત્ય વિધાન છે. સમજવાની વાત એ છે કે પુરુષાર્થ તો ચાલુ રહેવો જ જોઈએ. અહીં પ્રયત્ન માટેની મનાઈ નથી, અપેક્ષિત પરિણામ ન હોય તોપણ તેની સ્વીકૃતિ માટેની સલાહ છે. અહીં નિષ્ક્રિયતાની વાત નથી, ઈચ્છા-અપેક્ષાને સંયમિત કરવાની વાત છે. અહીં કાર્ય અટકાવી દેવાની વાત નથી, નિર્લેપતા, તટસ્થતા અને સાક્ષીભાવથી જીવન વ્યતીત કરવાની વાત છે.

સૃષ્ટિનાં ઘણાં સમીકરણો ધ્યાનમાં નથી આવતાં હોતાં. લાખ સાવચેતી પછી પણ કુદરતી આફતમાં ઘણું નુકસાન થઈ જાય. રસ્તાની બાજુમાં શાંતિથી ઊભા હોઈએ તો પણ કારની ટક્કર વાગી જાય. અચાનક માંદગી આવી જવાથી અગત્યનું આયોજન અટકી પડે. કોઈપણ દેખીતાં કારણ વગર એવી મુશ્કેલ પરિસ્થિતિ ઊભી થાય કે જેનું નિવારણ લગભગ અસંભવ હોય. નિયતિ દ્વારા આવાં કેટલાક નિર્ણયો લેવાતાં હોય છે જેના 'કારણા' માનવીની પહોંચની બહારના વિસ્તારમાં હોય છે. માનવીના અભિમાનને નિયંત્રિત કરવા માટે આ જરૂરી પણ છે. પ્રયત્ન શ્રેણીના પરિણામમાં કાર્ય અને પરિણામ વચ્ચેનું સમીકરણ સરળતાથી સમજી શકાય એવું હોય છે. અહીં જેમ પુરુષાર્થ વધુ તીવ્ર તેમ પરિણામની શક્યતા વધુ. અહીં પુરુષાર્થ જેમ વધુ આયોજન પૂર્વકનો તેમ ઇચ્છિત પરિણામની શક્યતા વધુ. અહીં જેટલું કામ કરવામાં આવે, જેવું કામ કરવામાં આવે, તેના પ્રમાણમાં પરિણામ પ્રાપ્ત થાય. અહીંયા મહેનતુને લાભ થાય અને આળસુને ગેરલાભ. અહીં જેવો પુરુષાર્થ તેવું પરિણામ. અહીં કોઈને કોઈ પણ પ્રકારની ફરિયાદ માટે અવકાશ ન હોય. જેવું કરો તેવું પામો, જેવું વાવો તેવું લણો - જેવી બાબતો અહીં સાર્થક થતી જણાય. 'સુતેલા સિંહના મુખમાં હરણ પ્રવેશે નહીં', જેવી પુરુષાર્થને પ્રોત્સાહન આપતી બાબતો આ શ્રેણીમાં આવે. આ એક એ પ્રકારની વાસ્તવિકતા કહેવાય જેને આધારે માનવીને પુરુષાર્થ કરવાનું કારણ મળી રહે. પરિણામ પ્રાપ્ત કરવું હોય તો પુરુષાર્થ તો જરૂરી છે.

સંજોગ એ એવી પરિસ્થિતિ છે કે જેમાં અન્યનું પુરુષાર્થ કે અન્યનું પ્રારબ્ધ જે તે વ્યક્તિના પુરુષાર્થ પર અસર કરે. જો કે આ શ્રેણીની પરિસ્થિતિને પણ કેટલાંક લોકો પ્રારબ્ધની શ્રેણીમાં જ મૂકે છે, તો પણ થોડી ભિન્નતા છે. 'પ્રારબ્ધ'માં વ્યક્તિના પહેલાનાં કર્મ અસર છોડી જાય જ્યારે 'સંજોગ'માં અન્ય વ્યક્તિ કે અન્ય પરિસ્થિતિને કારણે ઉદ્‌ભવતી ઘટના પરિણામને અસર કરે. કોઈ સ્પર્ધામાં પ્રથમ સ્થાને આવવા માટે વ્યક્તિએ બહુ મહેનત કરી હતી, પણ અન્ય વ્યક્તિની વધુ મહેનતને કારણે પદક અન્ય કોઈને મળે. આમાં વ્યક્તિની 'નિયતિ'માં ખોટ ન હતી અને તેનાં પ્રયત્ન પણ યોગ્ય માત્રાના - યોગ્ય પ્રકારના હતાં. અહીં ઇચ્છિત પરિણામ પ્રાપ્ત ન થવાના કારણમાં અન્ય સક્ષમ વ્યક્તિની હાજરી તથા તેનો પુરુષાર્થ હતાં. સંસારમાં આકાર લેતી આ સામાન્ય ઘટના છે.

બધું જ નથી સ્વયં વ્યક્તિના હાથમાં, નથી ઈશ્વર દ્વારા બધું નિર્ણિત થતું, કે નથી અન્ય પરિસ્થિતિ દ્વારા બધાનો આખરી નિર્ણય લેવાતો. પરિસ્થિતિ પ્રમાણે અંતિમ પરિણામ સ્થાપિત થાય છે. જરૂરી નથી કે કોઈ એક પરિણામમાં કોઈ એક 'નિયતિ - પ્રયત્ન - સંયોગ' દ્વારા જ આખરી સ્થિતિ નિર્ધારિત થાય. બની શકે કે દરેક પરિણામમાં કંઈક નિયતિને આધારિત હોય, કંઈક પ્રયત્નના પ્રકારને આધારિત હોય અને કંઈક અન્ય પરિસ્થિતિ દ્વારા નિર્ધારિત થતું હોય. જિંદગીમાં કોઈપણ બાબતને એટલી સ્પષ્ટતાથી શ્વેત-શ્યામમાં વિભાજિત નથી કરી શકાતી. અહીં લગભગ દરેક 'શક્તિ'નું વર્ચસ્વ હોય છે - દરેક પ્રકારની શક્તિનું વર્ચસ્વ હોય છે. બધાના સમન્વયથી જ જિંદગી નિર્ધારિત થતી હોય છે. આ જિંદગીનું સત્ય પણ છે અને આ જિંદગીનો આધાર પણ છે. જિંદગીની મજા પણ આને કારણે છે અને જિંદગીમાં ઉભરતી પ્રેરણાનો સ્ત્રોત પણ આ જ છે. કઈ બાબત ક્યારે પ્રભુત્વ ધરાવશે તે કહી નથી શકાતું. તેથી જ માનવીનો અધિકાર માત્ર કર્મમાં છે. પરિણામની અપેક્ષા રાખ્યા વગર, શ્વાસ ચાલુ છે ત્યાં સુધી નિયત કર્મ કરવાનું છે. ■

# હાફકિન ઈન્સ્ટિટ્યૂટને નાણાકીય કટોકટીમાંથી બહાર લાવવા સરકારની યોજના

મુંબઈઃ વર્ષ ૨૦૧૮-૧૯ થી નાણાકીય મુશ્કેલીઓનો સામનો કરી કરી રહેલી હાફકિન ઈન્સ્ટિટ્યૂટના પુનરુત્થાન માટે મહારાષ્ટ્રના પ્રધાન નરહરી ઝિરવાલે રવિવારે યોજનાની જાહેરાત કરી હતી.

આરોગ્યસંભાળ પદાર્થોના ઉત્પાદન અને ૪૫ દેશોમાં નિકાસ કરવા માટે જાણીતી આ સંસ્થા, વૈશ્વિક રોગ નિયંત્રણ પ્રયાસોમાં ભૂમિકા ભજવે છે, પરંતુ તાજેતરના વર્ષોમાં અસ્તિત્વ માટે સંઘર્ષ કરી રહી છે. ફૂડ એન્ડ ડ્રગ એડમિનિસ્ટ્રેશનના પ્રધાન ઝિરવાલે જણાવ્યું હતું કે રાજ્ય સરકાર સંસ્થાની કામગીરીને પુનઃસ્થાપિત કરવા માટે પ્રતિબદ્ધ છે.

ઝીરવાલે કહ્યું કે, હાફકિન ઈન્સ્ટિટ્યૂટના પુનરુત્થાન માટે લાંબા ગાળાના ઉકેલની યોજના બાબત મુખ્ય પ્રધાન દેવેન્દ્ર ફડણવીસ અને નાયબ મુખ્ય પ્રધાન અજિત પવાર સાથે બેઠક યોજવામાં આવશે. પ્રધાને જણાવ્યું હતું કે નાણાકીય સુધારાઓ અને નવી સંશોધન પહેલ સહિત પુનર્ગઠન પ્રયાસો માટે છ મહિનાની સમયરેખા નક્કી કરવામાં આવી છે.

યોજનાના ભાગરૂપે, સંસ્થા બાયોસેફ્ટી લેવલ-૩ સુવિધા સ્થાપિત કરાશે, જે રસીના ઉત્પાદન માટે યુનિસેફની મંજૂરી મેળવવાની જરૂરિયાત છે. આ સંસ્થાને એન-ઓપીવી રસીઓનું ઉત્પાદન કરવા અને ભવિષ્યની આરોગ્ય કટોકટી માટે રસી વિકસાવવા સક્ષમ બનાવશે.

(જુઓ પાનું ૪) ▸▸

# મહારાષ્ટ્ર સરકારની યુતિના નેતાની શુગર મિલને ૨૦ કરોડની 'વિશેષ' મદદ?

## નાણાં વિભાગના વાંધાને નજરઅંદાજ કરવામાં આવ્યો

મુંબઈઃ મહાયુતિ સરકારે અહેમદનગરના જામખેડ તાલુકામાં આવેલી પુણ્યશ્લોક અહિલ્યા દેવી હોલકર કોઓપરેટિવ સ્પિનિંગ મિલને શેર મૂડીના રૂ.૨૦ કરોડની નાણાકીય સહાય મંજૂર કરી છે. આ મિલનું નેતૃત્વ ભાજપના એમએલસી રામ શિંદે કરે છે, જે રાજ્ય વિધાન પરિષદના અધ્યક્ષ છે. શિંદેએ જણાવ્યું હતું કે, આ મિલ પ્રદેશમાં રોજગારી પેદા કરવામાં મદદ કરશે.

આ સહાય મિલ માટે મંજૂર કરાયેલ રૂ. ૭૬.૮ કરોડનો એક ભાગ છે. આમાં રૂ. ૩૬.૪ કરોડની રાજ્યની શેર મૂડી અને રૂ. ૪૦.૪ કરોડની લાંબા ગાળાની લોનનો સમાવેશ થાય છે જેને ગયા વર્ષે રાજ્યની ચૂંટણીના થોડા સમય પહેલા એકનાથ શિંદેના નેતૃત્વવાળી કેબિનેટ દ્વારા મંજૂર કરવામાં આવી હતી. ફડણવીસની આગેવાની હેઠળની સરકારે હવે પ્રોજેક્ટ ખર્ચને મંજૂરી આપીને અને શેર મૂડીની રકમના ૨૦ કરોડ રૂપિયા આપીને ભંડોળને મંજૂરી આપી છે.

નોંધનીય છે કે રાજ્યના નાણા વિભાગે રૂ. ૭૬.૮ કરોડની સહાય સામે વાંધો ઉઠાવ્યો હતો, પરંતુ ઓક્ટોબર ૨૦૨૪માં શિંદે કેબિનેટ દ્વારા વાંધો રદ કરવામાં આવ્યો હતો. વિભાગે જણાવ્યું હતું કે રાજ્યએ માર્ચ ૨૦૨૪ સુધી ૧૪૧ સહકારી સ્પિનિંગ

(જુઓ પાનું ૪) ▸▸

૧૦૦% પ્યોર વેજ
કિન્નૌર-લાહુલ-સ્પીતી
લકઝરીયસ હોટલમાં સ્ટે
હિક્કીમ
કાઝા-કી મોનેસ્ટરી
કિબ્બર
ચીચમ બ્રીજ
કોમિક વીલેજ
લાંગઝા
ભરપૂર ફરવાનું
ફોસિલ વીલેજ
સામાજિક સંસ્થા, મંડળો, ગ્રૂપ બુકિંગ માટે શ્રેષ્ઠ વિકલ્પ
લેહ-લદાખ કાશ્મીર
ઓફબીટ કાશ્મીર
બાકુ-અજરબાઈજાન
JUNE JULY AUG SEPT
HAZEL Treks N Tours
Khar (w).
@hazeltreksntours
Since:2003
PANKAJ CHHEDA
9869559938

# બંને શિવસેનાએ એકબીજામાં ભળી જવું જોઈએ એવી પતંગ ચગી રહી છે

મુંબઈઃ બંને શિવસેનાનું એકીકરણ થવું જોઈએ એવું બંને પક્ષના કાર્યકરો અને પદાધિકારીઓનું માનવું છે. આજે પણ અમે એકબીજાના ખબર અંતર પૂછીએ છીએ. આ વાતાવરણમાં બેઉ પક્ષના વરિષ્ઠ નેતાઓએ પહેલ કરવી જોઈએ. એવો અભિપ્રાય રાજ્યના સામાજિક ન્યાય પ્રધાન અને શિંદે સેનાના પ્રવક્તા સંજય શિરસાટે વ્યક્ત કર્યો છે. આના કારણે રાજકીય વર્તુળોમાં મિશ્ર પ્રત્યાઘાતો પડ્યા છે.

શિરસાટે વધુમાં જણાવ્યું હતું કે 'જો વરિષ્ઠ નેતાઓ પહેલ કરે તો આ શક્ય બની શકે છે. કારણ કે મારી જેમ દરેક શિવસૈનિક વિચારે છે કે એકત્ર થવું જોઈએ. બંને પક્ષ વચ્ચે અંતર વધી રહ્યું છે. જો તેને સમયસર રોકવામાં નહીં આવે તો ભવિષ્યમાં બંને પક્ષ અલગ અલગ જગ્યાએ હશે. જોડાઈ જવાનો આ શ્રેષ્ઠ સમય છે, કારણ કે આજની તારીખમાં બંને પક્ષ વચ્ચે હવે એટલું અંતર

(જુઓ પાનું ૪) ▸▸

PAC n DELIVER
INTERNATIONAL COURIER
Send parcels to your Children & loved ones in CANADA, UK, USA & WORLD WIDE including Garments, Farsan, Chocolates, Sweets, Gifts, Eatables, Medicines & any permissible item & get benefited with SPECIAL rates.
Contact : Mr. ANUJ SANGOI
8879991866
Email - sales@pacndeliver.com
"20 Yrs of Quality Service"

DUBAI HYATT HOTEL
YAS ISLAND W 5 STAR
24 Feb I 30 March I 15 April
22 April I 10 May I 21 May
GHOGHARI MITRA MANDAL
GHATKOPER 27 FEB All LADIES GROUP
DUBAI 10 Days
CHILD FREE OFFER
12 AGE TO 26 AGE CHILD RATE
SCANDINAVIAN + ICELAND 15 DAYS Rs. 5 LAKH
SCANDINAVIAN 12 DAYS - Rs. 355000
UK SCOTLAND IRELAND 14 DAYS Rs. 375000
EAST EUROPE + BALKAN 15 DAYS Rs. 365000
USA 24 DAYS I EUROPE 15 DAYS
ROYAL TOURS DELIP MODI
9819836360
9322226466
DHRUVIN MODI - 8767075462




# એકીકરણના મંજીરા વગાડનારા શિરસાટે ફેરવી તોળ્યું

મુંબઈઃ બંને શિવસેનાના કાર્યકરો અને પદાધિકારીઓનું માનવું છે કે બંને પક્ષોએ સાથે આવવું જોઈએ. આજે પણ અમે એકબીજાના ખબર અંતર પૂછીએ છીએ. આ પરિસ્થિતિમાં બેઉ પક્ષના વરિષ્ઠ નેતાઓએ એકીકરણની પહેલ કરવી જોઈએ એવો અભિપ્રાય રાજ્યના સામાજિક ન્યાય પ્રધાન અને શિંદે સેનાના પ્રવક્તા સંજય શિરસાટે વ્યક્ત કર્યો હતો. જોકે સંજય શિરસાટે હવે ફેરવી તોળ્યું છે.

શિરસાટે એમ પણ કહ્યું હતું કે જો તક મળશે તો તેઓ પ્રધાન એકનાથ શિંદે અને ઉદ્ધવ ઠાકરેને સાથે લાવવાનો પ્રયાસ કરશે. આ નિવેદન બાદ અનેક પ્રતિક્રિયાઓ આવી રહી છે. હવે સંજય

(જુઓ પાનું ૪) ▸▸

# ફડણવીસ - શિંદેના વિખવાદની મહારાષ્ટ્રની પ્રગતિ પર અવળી અસર પડી છેઃ સંજય રાઉત

મુંબઈઃ શિવસેના (યુબીટી)ના સંસદ સભ્ય સંજય રાઉતે રવિવારે દાવો કર્યો હતો કે મહારાષ્ટ્રના મુખ્ય પ્રધાન દેવેન્દ્ર ફડણવીસ અને ડેપ્યુટી સીએમ એકનાથ શિંદે વચ્ચેનો ''તણાવપૂર્ણ સંબંધ'' રાજ્યની પ્રગતિમાં અવરોધ ઊભો કરી રહ્યો છે.

શિવસેના (યુબીટી)ના મુખપત્ર 'સામના'માં સાપ્તાહિક કોલમ રોકઠોકમાં રાઉતે વધુમાં દાવો કર્યો હતો કે નવેમ્બર ૨૦૨૪ની વિધાનસભાની ચૂંટણી પછી ફરીથી મુખ્ય પ્રધાન ન બનાવ્યા એ આઘાતમાંથી શિંદે હજી સુધી બહાર નથી આવી શક્યા અને આ પદ ફરીથી મેળવવા તેઓ ઝઝૂમી રહ્યા છે અને ફડણવીસ એ વાત બરાબર જાણે છે.

(જુઓ પાનું ૪) ▸▸

## વણજારી સમુદાયના વડાનો યુ-ટર્ન

# ધનંજય મુંડેને સમર્થન નહીં

મુંબઈઃ વણજારી સમુદાયના આગેવાન નામદેવ શાસ્ત્રીએ ધનંજય મુંડેને નિશાન બનાવવામાં આવી રહ્યા હોવાનો દાવો કર્યા બાદ, રવિવારે અચાનક પોતાનું વલણ બદલ્યું હતું, અને મૃત સરપંચ સંતોષ દેશમુખના પરિવારને તેમનો ટેકો આપ્યો છે.

ગયા ડિસેમ્બરમાં મસાજોગ ગામના વડાની હત્યાએ મહારાષ્ટ્રમાં રાજકીય તોફાન ઊભું કર્યું હતું કારણ કે સંબંધિત છેડતીના કેસમાંનો એક આરોપી એનસીપી ધારાસભ્ય ધનંજય મુંડેનો નજીકનો સાથી છે. શાસ્ત્રીએ કહ્યું હતું કે, અમે આરોપીઓને માફ નહીં કરીએ. અમે તેમનો બચાવ કે સમર્થન

(જુઓ પાનું ૪) ▸▸

# મહારાષ્ટ્રમાં એઆઈ યુનિવર્સિટીની સ્થાપના માટે ટાસ્ક ફોર્સની રચના

મુંબઈઃ રાજ્યના માહિતી પ્રૌદ્યોગિક પ્રધાને શનિવારે જણાવ્યું હતું કે, મહારાષ્ટ્ર દેશમાં પ્રથમ આર્ટિફિશિયલ ઈન્ટેલિજન્સ (એઆઈ) યુનિવર્સિટીની સ્થાપના કરવા માટે તૈયાર છે અને પ્રોજેક્ટના આયોજન અને અમલીકરણ માટે એક ટાસ્ક ફોર્સની રચના કરવામાં આવી છે.

યુનિવર્સિટી એઆઈ અને સંબંધિત ક્ષેત્રોમાં સંશોધન અને વિકાસને પ્રોત્સાહન આપશે અને ઉદ્યોગ, શિક્ષણ અને સરકાર વચ્ચેના સહયોગને પ્રોત્સાહિત કરવા માટેનું કેન્દ્ર બનશે, એમ તેમણે જણાવ્યું હતું. તેમાં આઈઆઈટી મુંબઈ અને આઇઆઇએમ મુંબઈના ડિરેક્ટરો, ગૂગલ ઇન્ડિયા, મહિન્દ્રા

(જુઓ પાનું ૪) ▸▸

ॐm dryfruits
Dry Fruits & Kirana Merchants
FREE HOME delivery
Suresh Shah
98202 62098
98202 11374
85916 27677
85911 47677

અમારા માલની ગુણવત્તા સાથે તુલના કરો ભાવ સાથે નહી. એકવાર માલ મંગાવીને ખાત્રી કરો.
ડ્રાયફ્રુટ ખજુરપાક ૧,૨૦૦/- kg

દરેક બ્રાન્ડના આખા, પોણીયા, દુબાર, ટુકડા બાસમતી, દરેક જાતની, સુરતી કોલમ, લચકારી વાડા કોલમ, કાળીમૂછ, પરીમલ, મસુરી, દુબરાજ, આંબામોર, ક્રિષ્ના કમોદ તથા દરેક જાતની દાળો, વિણેલા કઠોળ હોલસેલ ભાવે મગાંવો.
ક્યા થી પણ ખરીદી કરવા પહેલા એકવાર જરૂર ફોન કરીને ભાવ પુછસો

| બાસમતી ચોખા | આખા | પોણીયા | દુબાર |
|---|---|---|---|
| કોહીનુર | ૧૩૫ | ૧૧૦ | ૧૦૦ |
| રેશ્મ | ૧૪૦ | ૧૧૫ | ૧૦૫ |
| ફુન | ૧૨૫ | ૧૧૩ | ૧૦૪ |
| બોમ્બે | ૧૧૫ | ૯૦ | ૮૦ |

દાવત Select 125/- દાવત Dilkhush 112/-
દાવત Rozana 107/- નવા લાલ કિલા આખા 150/-

| | |
|---|---|
| નવા મસૂરી ચાખા | ૪૪ |
| જુના પરિમલ | ૪૪ |
| નવા પરિમલ | ૪૮ |
| નવા સુરતી કોલમ | ૫૬/૬૦ |
| નવા લચકારી વાડા કોલમ | ૬૪ |
| જુના વાડા કોલમ | ૭૬ |
| નવા દુબરાજ ચોખા (દુધ મલાઈ) | ૬૪ |
| નવા દુબરાજ ચોખા (ગુલાબ) | ૬૮ |
| નવા આંબામોર | ૯૫ |
| નવા કલક્તી આંબામોર | ૧૦૦ |
| નવા કાળીમૂછ | ૧૦૦ |
| નવા ક્રિષ્ના કમોદ | ૩૨૦ |
| લોકવાન ઘઉં | ૪૮ |
| એમપી ઘઉં | ૫૬/૬૦ |
| જંબુસરી ચણાદાળ | ૧૦૦/૧૧૦ |
| નવી લાતુર કોરી તુવર દાળ | ૧૪૦ |
| નવી ગુજરાત મઠ્ઠી તુવર દાળ | ૧૬૦ |
| નવી લક્ષ્મી તુવેરદાળ તેલવાળી | ૧૬૦ |
| દામજી પાસુ તુવર દાળ | ૧૭૦ |
| નવી અંગુર તુવરદાળ તેલવાળી | ૧૭૦ |
| નવી ચેમ્પીયન તુવરદાળ તેલવાળી | ૧૭૦ |
| નવી રેંટીયો તુવેર દાળ તેલવાળી | ૧૮૦ |

| | |
|---|---|
| નવી અળદ દાળ | ૧૪૦/૧૬૦ |
| નવી ગ્રીન છીલટી મગદાળ | ૧૪૦/૧૬૦ |
| મોગરદાળ રેગ્યુલર | ૧૩૦ |
| જાડી મોગરદાળ | ૧૪૦ |
| રજવાડી મોગરદાળ | ૧૬૦ |
| જુના બાસમતી | ૧૨૦/૧૪૦ |
| જાડા પૌંઆ | ૬૦ |
| મંગલમ જાડા પૌંઆ | ૬૮ |
| પાતળા પૌંઆ | ૬૮ |
| નવી મસુરદાળ | ૧૦૦ |
| કનૈયા મમરા (૫૦૦ ગ્રામ) | ૪૫ |
| મગ | ૧૪૦/૧૬૦ |
| મઠ | ૧૨૦/૧૮૦ |
| આખા મસુર | ૧૦૦ |
| સફેદ વટાણા | ૧૦૦/૧૨૦ |
| લીલા વટાણા | ૨૪૦ |
| કાળા વટાણા | ૧૨૦ |
| સુરતી વાલ | ૧૬૦ |
| બીબી નાની વાલ | ૨૦૦ |
| બીબી પાપડી વાલ | ૨૦૦ |
| લાલ ચણા નાના | ૧૦૦ |

| | |
|---|---|
| લાલ મોસંબી ચણા | ૧૪૦ |
| કાબૂલી ચણા | ૧૬૦/૨૦૦ |
| વાલની દાળ | ૧૮૦ |
| ચોળાની દાળ | ૧૬૦ |
| રાજમા | ૧૬૦ |
| જંબુસરી નાના રાજમા | ૧૬૦ |
| સફેદ ચિત્રા રાજમા | ૧૬૦ |
| લાલ તુવર | ૧૮૦ |
| કબૂતર જુવાર | ૩૮ |
| સોલાપુર જુવાર | ૯૦ |
| બાજરી | ૪૮ |
| ખાવાની પીળી મકાઈ | ૫૦ |
| પોપકોર્ન મકાઈ | ૧૬૦ |
| લાપસી રવો | ૫૨ |
| જાડો / બારીક રવો | ૪૮ |
| મેંદો | ૪૮ |
| જુવારનો લોટ | ૧૦૦ |
| બાજરીનો લોટ | ૭૦ |
| નાચણીનો લોટ | ૮૦ |
| મકાઈનો લોટ | ૮૦ |
| સોયાબીન લોટ | ૨૦૦ |

| | |
|---|---|
| રાજગીરાનો લોટ | ૧૮૦ |
| ઢોકળાનો લોટ | ૧૨૦ |
| હાંડવાનો લોટ | ૧૬૦ |
| ચોખાનો લોટ | ૬૦ |
| મસુરદાળ લોટ | ૧૪૦ |
| મોગરદાળ લોટ | ૧૬૦ |
| સીંગોડાનો લોટ | ૩૬૦ |
| કુટી દાળો | ૨૪૦ |
| કુટી લોટ | ૨૮૦ |
| ખપલી ઘઉંનો લોટ | ૧૪૦ |
| એમપી ઘઉંનો લોટ | ૬૦ |
| ઘઉંનો લાડુ લોટ | ૬૦ |
| સીંગદાણા | ૧૫૦/૧૬૦ |
| નવો બરફી ગોળ | ૬૫ |
| નવો દેશી ગોળ | ૭૫ |
| ગોળ પાવડર | ૧૪૦ |

| | |
|---|---|
| ગોળ ક્યુબ્સ ૫૦૦ ગ્રામ બરણી | ૭૫ |
| સાકર | ૪૪/૪૬ |
| સોસાયટી ચહા | ૫૫૦ |
| મધુર બ્રાન્ડ સાકર | ૫૫ |
| ખડી સાકર | ૮૦ |
| રાવલગાંવ ચોરસ સાકર | ૬૦ |
| ઠાકોરજી મીસરી | ૮૦ |
| ધાગા સાકર | ૧૨૦ |
| બુરી સાકર | ૬૦ |
| ભિમસેની કપુર | ૧૦૦૦ |
| ~~~હોમમેડ મસાલા~~~ | |
| સ્પેશ્યલ દૂધનો મસાલો | ૨૮૦૦ |
| ઓરગૈનીક સૂંઠ પાવડર | ૬૦૦ |
| ઓરગૈનીક પીપરામુળ પાવડર | ૧૦૦૦ |
| પ્યોર ચાનો મસાલો | ૧૦૦૦ |
| પ્યોર ગરમ મસાલો | ૧૦૦૦ |

| | |
|---|---|
| કેલિફોર્નિયા બદામ | ૯૨૦ |
| કેલિફોર્નિયા M બદામ | ૯૬૦ |
| કેલિફોર્નિયા A બદામ | ૧૦૦૦ |
| કેલિફોર્નિયા 2A બદામ | ૧૧૦૦ |
| કેલિફોર્નિયા 3A બદામ | ૧૨૦૦ |
| સોલ્ટેડ બદામ | ૯૦૦ |
| સોલ્ટેડ 3A બદામ | ૧૧૦૦ |
| બેસ્ટ ટોચ મમરા બદામ | ૧૬૦૦ |
| 2A મામરા બદામ | ૨૪૦૦ |
| 3A મામરા બદામ | ૨૮૦૦ |
| 4A મામરા બદામ | ૩૬૦૦ |
| 5A મામરા બદામ | ૪૫૦૦ |
| 6A જમ્બો મામરા બદામ | ૬૮૦૦ |
| બદામ સ્લાઈસ | ૯૦૦ |
| છીલટાવાળા ગોવા કાજુ | ૧૦૦૦ |
| રેગ્યુલર કાજુ | ૧૦૦૦ |
| 1A કાજુ | ૧૧૦૦ |
| 2A કાજુ | ૧૩૦૦ |
| 3A કાજુ | ૧૪૦૦ |
| 4A કાજુ | ૧૬૦૦ |
| 5A કાજુ જમ્બો | ૧૮૦૦ |
| A સોલ્ટેડ કાજુ | ૧૧૦૦ |
| 2A સોલ્ટેડ કાજુ | ૧૪૦૦ |
| રોસ્ટેડ કાજુ જમ્બો | ૧૮૦૦ |
| મસાલા કાજુ | ૧૩૦૦ |
| મરી કાજુ / પુદિના કાજુ | ૧૩૦૦ |
| પેરી પેરી કાજુ / ચિઝ કાજુ | ૧૩૦૦ |
| કાજુ કણી સફેદ | ૭૨૦ |

| | |
|---|---|
| કાજુ ટુકડા રેગ્યુલર | ૮૮૦ |
| કાજુ ટુકડા મોટી સાઈઝ | ૯૬૦ |
| કાજુ ટુકડા ફાડચા જમ્બો | ૧૧૦૦ |
| કાજુ પુરી | ૧૦૦૦ |
| કાજુ રોટલા | ૧૦૦૦ |
| ઈન્ડિયન કિસમિસ | ૩૬૦/૪૮૦ |
| અફઘાની કિસમિસ | ૮૦૦/૧૦૦૦ |
| અફઘાની ગ્રીન કિસમિસ | ૧૨૦૦ |
| સિન્ધુકાની ગ્રીન કિસમિસ | ૨૦૦૦ |
| રેગ્યુલર કાળી કિસમિસ | ૪૮૦ |
| સીડલેસ કાળી કિસમિસ | ૫૨૦ |
| મોટી સીડલેસ કાળી કિસમિસ | ૬૮૦ |
| મોટી કાળી કિસમિસ | ૭૬૦ |
| સીડલેસ કાળી કિસમિસ | ૧૦૦૦ |
| જંબો સીડલેસ કાળી કિસમિસ | ૧૩૦૦ |
| આખા અખરોટ | ૯૦૦ |
| અખરોટ કણી | ૧૦૦૦ |
| અખરોટ ક્વાર્ટર ટુકડા | ૧૨૦૦ |
| રેગ્યુલર અખરોટ | ૧૫૦૦ |
| કેલિફોર્નિયા અખરોટ મગજ | ૧૬૦૦ |
| વ્હાઈટ અખરોટ | ૧૮૦૦ |
| જમ્બો સુપર વ્હાઈટ અખરોટ | ૨૦૦૦ |
| એપ્રીકોટ (જરદાળુ) રેગ્યુલર | ૮૦૦ |
| 2A એપ્રીકોટ (જરદાળુ) | ૧૦૦૦ |
| 3A એપ્રીકોટ (જરદાળુ) | ૧૨૦૦ |
| જમ્બો એપ્રીકોટ (જરદાળું) | ૧૪૦૦ |
| સુપર જમ્બો એપ્રીકોટ (જરદાળું) | ૧૬૦૦ |
| A અંજીર | ૧૪૦૦ |
| 2A અંજીર | ૧૬૦૦ |

| | |
|---|---|
| 3A અંજીર | ૧૮૦૦ |
| 4A અંજીર | ૨૦૦૦ |
| 5A અંજીર | ૨૪૦૦ |
| 6A અંજીર | ૨૮૦૦ |
| 7A અંજીર જમ્બો | ૩૬૦૦ |
| પીસ્તા મગજ | ૨૦૦૦ |
| મોટા પીસ્તા મગજ | ૨૨૦૦ |
| જમ્બો પીસ્તા મગજ | ૨૬૦૦ |
| પિશોરી પીસ્તા | ૩૬૦૦ |
| પીસ્તા સ્લાઈસ | ૨૨૦૦ |
| સોલ્ટેડ પીસ્તા | ૧૨૦૦ |
| 2A સોલ્ટેડ પીસ્તા | ૧૪૦૦ |
| 3A સોલ્ટેડ પીસ્તા | ૧૬૦૦ |
| અકબરી સોલ્ટેડ પીસ્તા | ૨૦૦૦ |
| પબડી ગોટા | ૯૦૦ |
| પબડી ફાડચા | ૬૮૦ |
| કીમીયા કાળી ખજૂર (૫૦૦ ગ્રામ) | ૧૬૦ |
| ઓમાન કાળી ખજૂર | ૩૬૦ |
| ઓમાન કાળી ખજૂર સીડલેસ | ૪૦૦ |
| કલમી ખજૂર | ૮૦૦ |
| કલમી ખજૂર સીડલેસ | ૯૦૦ |
| મજદૂલ ખજૂર (લૂજ) | ૧૧૦૦ |
| મજદૂલ ખજૂર | ૧૪૦૦ |
| જમ્બો મજદૂલ ખજૂર | ૧૬૦૦ |
| અજવા ખજૂર | ૧૪૦૦ |
| લાલ ખજૂર | ૧૨૦ |
| સીડલેસ લાલ ખજૂર | ૧૮૦ |
| પમ્પકીન સીડસ | ૫૬૦ |

| | |
|---|---|
| રોસ્ટેડ પમ્પકીન સીડસ | ૭૦૦ |
| સનફલાવર સીડ | ૨૮૦ |
| રોસ્ટેડ સનફલાવર સીડ | ૫૦૦ |
| ચીયા સીડસ | ૩૨૦ |
| ક્યુનોવા | ૩૬૦ |
| કલીંગર સીડસ | ૬૮૦ |
| ફ્લેક્સ સીડસ (અળસી) | ૧૨૦ |
| રોસ્ટેડ ફ્લેક્સ સીડસ (અળસી) | ૧૮૦ |
| રોસ્ટેડ ૭ સીડસ | ૭૦૦ |
| ધાણાદાળ | ૩૨૦ |
| મુસેલી મીક્ષ ડ્રાયફ્રુટ | ૧૦૦૦ |
| સ્વીટ ડ્રાયફ્રુટ ભેળ | ૧૨૦૦ |
| સ્પાઈસી ડ્રાયફ્રુટ ભેળ | ૧૨૦૦ |
| ચારોલી | ૨૪૦૦ |
| ગ્રીન ઈલાયચી | ૩૬૦૦/૪૦૦૦/૪૨૦૦ |
| ઈલાયચી પાવડર | ૪૦૦૦ |
| કેનબેરી | ૬૮૦ |
| કેનબેરી આખી | ૮૦૦ |
| મસાલા કેનબેરી | ૯૦૦ |
| બ્લ્યુ બેરી | ૧૬૦૦ |
| ડ્રાય કિવી | ૬૦૦ |
| ડ્રાય માંગ્ગો | ૬૮૦ |
| ડ્રાય પાઈનએપલ | ૬૮૦ |
| બ્રાઝિલ નટસ | ૨૮૦૦ |
| હેઝલ નટ | ૧૮૦૦ |
| પ્રુન્સ | ૮૦૦ |
| મીક્ષ ડ્રાયફ્રુટ | ૧૦૦૦ |

| | |
|---|---|
| મેકેડેમીયા નટસ | ૩૦૦૦ |
| ચીલગોઝા | ૬૦૦૦ |
| મખાના રેગ્યુલર | ૧૩૦૦ |
| A મખાના | ૧૫૦૦ |
| 2A મખાના | ૧૬૦૦ |
| જમ્બો મખાના | ૧૮૦૦ |
| ટર્કીશ એપ્રીકોટ (આલુચા) | ૧૦૦૦/૧૨૦૦ |
| સૂકી ખજૂર (ખારેક) | ૪૮૦ |
| તજ પાવડર | ૬૦૦ |
| ગુંદર કણી | ૨૮૦ |
| ડ્રાયફ્રુટ ચિક્કી | ૫૬૦ |
| જીરાગોળી | ૨૪૦ |
| મીઠા આમળા | ૨૪૦ |
| હની આમળા | ૩૬૦ |
| ઠાકોરજીની મિશ્રી | ૮૦ |
| ઈરાની કેસર (૧ ગ્રામ) | ૨૫૦ |
| કાશ્મીર કેસર (૧ ગ્રામ) | ૩૦૦ |
| સ્પેનીશ કેસર (૧ ગ્રામ) | ૪૪૦ |
| સ્પેનીશ કેસર (૧૪ ગ્રામ) | ૪૮૦૦ |
| સ્પેનીશ કેસર (૨૮ ગ્રામ) | ૯૦૦૦ |
| ભીમસેની કપુર | ૧૦૦૦ |
| કાળા મરી | ૯૦૦/૧૦૦૦/૧૧૦૦/૧૨૦૦ |
| જાવત્રી | ૩૨૦૦ |
| બાદયાન | ૧૨૦૦ |
| જાયફળ | ૧૨૦૦ |
| જંબો કશમીર લસણ | ૨૦૦૦ |

ફ્રી હોમ ડિલીવરી
FREE HOME DELIVERY
મુંબઈમાં ફ્રી હોમ ડિલીવરી તથા સંપુર્ણ મહારાષ્ટ્ર અને ગુજરાતમાં રૂ. ૫૦/- પ્રતિ કિલો ભાવે કુરીયર કરી આપશું.
Payment: Cash on Delivery, GPay, PayTM, Bank Transfer & Credit Card
Add: ૭, જે બી શાહ માર્કેટ, પ્રભુ હોટલ સામે, સ્ટેશન નજીક, મસ્જિદ બંદર (પ.), મુંબઈ - ૯. Sunday Closed
દરેક પ્રકારના ખાદ્ય ઘી-તેલ હોલસેલ ભાવથી ઉપલબ્ધ. બધી જ બ્રાન્ડ્સ હવે હોલસેલ ભાવે ઉપલબ્ધ
મિનીમમ ઓર્ડર ૨,૦૦૦/- થાણા થી આગળ ૩,૦૦૦/- દહીસર થી વિરાર ૪,૦૦૦/-
Rates per kg.
S. Arts